રજુ તારીખ. ૧૮–૦૩–૨૦૨૩
દાખલ તારીખ:૧૮–૦૩–૨૦૨૩
ફેસલ તારીખ. ૦૩–૧૨–૨૦૨૫
સમય ગાળો: વર્ષ માસ દિવસો.

સત્યમેવ જયતે

<u>સેસન્સ કેસ નં.૧૮/૨૦૨૩</u>
<u>આંક–</u>

## FORM-A

<table>
<tr><td colspan="2" align="center">મે.આણંદ જીલ્લાના ચોથા એડીશનલ સેશન્સ<br>જજ સાહેબશ્રીની અદાલતમા ,મુકામ.આણંદ.<br>(શ્રી.જે.આર પંડિત,ચોથા એડીશનલ સેશન્સ જજ )</td></tr>
<tr><td colspan="2" align="center">ચુકાદાની તારીખ. ૦૩–૧૨–૨૦૨૫<br>સેસન્સ કેસ નં.૧૮/૨૦૨૩<br>(ગુનો:–બોરસદ ટાઉન પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૧૫૦૦૬૨૩૦૦૧૧/૨૦૨૩ )</td></tr>
<tr><td align="center">ફરીયાદી</td><td>સરકારશ્રી.<br>સોહેલમહમંદ સમીરમહમંદ ફરમાનુદીન મલેક.</td></tr>
<tr><td align="center">ફરીયાદી તરફે</td><td>વિ. વકીલશ્રી.એ.કે.મલેક<br>વિ.સરકારી વ.શ્રી.એ.એસ.જાડેજા</td></tr>
</table>

<u>વિરુધ્ધ.</u>

| | |
|---|---|
| આરોપીઓ. | ૧. મહમંદસોહેબ ઉર્ફે ભાણો સબ્બીરોદીન જહાંગીરોદીન મલેક રહે.બોરસદ,ભોભા ફળીયુ,સોમનાથ સોસાયટીની બાજુમાં,ટેકરા ઉપર .<br>૨. મુસ્તુફામીયા ઉર્ફે બાબુલભાઈ બદરુદીન ડોસુમીયા મલેક,<br>રહે.બોરસદ,ભોભા ફળીયુ,<br>રજા મસ્જીદની પાછળ,તા.બોરસદ.<br>જી.આણંદ. |
| આરોપી નં.૧ તરફે<br>આરોપી નં.૨ તરફે | વિધ્વાન વ શ્રી.જી.કે.પંડયા.<br>વિધ્વાન વ.શ્રી.જી.કે.શર્મા. |

## FORM-B

| | |
|---|---|
| **ગુનાની તારીખ** | ૦૯/૦૧/૨૦૨૩ |
| **એફ.આઈ.આર.ની તારીખ.** | ૧૦/૦૧/૨૦૨૩ |
| **ચાર્જશીટ રજુ થયા તારીખ.** | ૧૮/૦૩/૨૦૨૩ |
| **તહોમતનામુ ફરમાવ્યા તારીખ.** | ૦૨/૦૬/૨૦૨૩ |
| **પુરાવાની શરુઆતની તારીખ.** | ૦૧/૦૭/૨૦૨૩ |
| **તારીખ કે જેના પર ચુકાદો અનામત છે.** | – |
| **ચુકાદાની તારીખ** | તા.૦૩–૧૨–૨૦૨૫ |
| **સજાના હુકમની તારીખ,જો કોઈ હોય તો.** | તા.૦૩/૧૨/૨૦૨૫ |

### આરોપીની માહીતી.

| આરોપની રેન્ક | આરોપીનુ નામ | ધરપકડની તારીખ. | જામીન પર છુટવાની તારીખ. | ચાર્જ ફ્રેમ કર્યા મુજબની કલમ | નિર્દોષ કે દોષિત | સજા લા દવામા આવી | કલમ–428 Cr.P.C.ના હેતુ માટે ટ્રાયલ દરમીયાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | મહમંદ સોહેબ ઉર્ફે ભાણો સબ્બીરોદીન જહાંગીરોદીન મલેક | ૧૦/૧/૨૩ | | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૫૦૪,૫૦૬(૨) ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ | ભારતીય દંડ સંહીતાની કલમ– ૩૦૨ તથા જી.પી.એકટની કલમ– ૧૩૫ મા દોષીત | –– | ૧૦/૧/૨૩ થી |
| ૨. | મુસ્તુફા મીયા ઉર્ફે બાબુલભાઈ બદરુદીન ડોસુમીયા મલેક, | ૧૦/૧/૨૩ | | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૫૦૪,૫૦૬(૨) ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ | નિર્દોષ. | –– | ૧૦/૧/૨૩ થી |

## FORM-C

પ્રોસીકયુશન/ડીફેન્સ/કોર્ટના સાક્ષીઓની યાદી.

**A.**પ્રોસીકયુશન

| **રેન્ક** | **નામ–** | **પુરાવાની વિગત** |
|---|---|---|
| PW-1 | સમીરોદીન સબીરુદીન મલેક,આંક–૧૧ | પંચ સાહેદ |
| PW-2 | ડો.અરીજીત દત્તા,આંક–૧૫ | તબીબ સાહેદ |
| PW-3 | અતાઉલ્લાખાન મનેવરખાન પઠાણ ,આંક–૨૧ | પંચ સાહેદ |
| PW-4 | આસીકમહમંદ બદરુદીન મલેક,આંક–૨૭ | પંચ સાહેદ |
| PW-5 | માજીદખાન ઈસ્લામખાન પઠાણ ,આંક–૩૨ | પંચ સાહેદ |
| PW-6 | આરીફમીયા અબ્દુલમીયા મલેક, આંક–૩૮ | પંચ સાહેદ. |
| PW-7 | ઉસ્માનમીયા સદરોદીન મલેક,આંક–૪૧ | પંચ સાહેદ |
| PW-8 | સોહેલમહંમદ સમીરમહંમદ મલેક,આંક–૪૩ | ફરીયાદી. |
| PW-9 | મહમંદતુફેલ તન્વીરમહંમદ પઠાણ ,આંક–૪૭ | સાહેદ. |
| PW-10 | અર્જુનભાઈ નાનજીભાઈ રાઠવા,આંક–૪૯ | સાયન્ટીફીક ઓફીસર |
| PW-11 | કનૈયાલાલ મસોતભાઈ ચૌધરી,આંક–૫૧ | પી.એસ.આઈ. ગોધરા રેલ્વે પો.સ્ટે. |
| PW-12 | જયદીપભાઈ દશરથભાઈ રાણા,આંક–૫૨ | પી.એસ.ઓ.બોરસદ ટા.પો.સ્ટે. |
| PW-13 | મયુરકુમાર અંબુભાઈ પ્રજાપતી,આંક–૫૮ | મામલતદાર, નડીયાદ. |
| PW-14 | લાલજીભાઈ ડાહ્યાભાઈ ગમારા,આંક–૬૪ | ત.ક.અ. |
| PW-15 | ધ્રુવરાજ રાજેન્દ્રસીંહ ગોહીલ,આંક–૭૩ | ત.ક.અ. |

**B.બચાવના સાક્ષીઓ, જો કોઈ હોય તો :**

| **રેન્ક** | **નામ–** | **પુરાવાનો પ્રકાર–** |
|---|---|---|
| DW-1 | – | – |

**C.કોર્ટના  સાક્ષીઓ, જો કોઈ હોય તો :**

| **રેન્ક** | **નામ–** | **પુરાવાનો પ્રકાર–** |
|---|---|---|
| CW-1 | – | – |

**<u>પ્રોસીક્યુશન/બચાવપક્ષ/કોર્ટના આંકની સુચિ.</u>**

| અનુ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૨ | ઈન્કવેસ્ટ પંચનામુ. |
| ૨. | ૧૩ | મોટરસાયકલનુ પંચનામું. |
| ૩. | ૧૬ | પી.એમ.કરવા માટે લખેલ યાદી. |
| ૪. | ૧૭ | પી.એમ.નોટ અસલ. |
| ૫. | ૧૮ | કોઝ ઓફ ડેથનુ સર્ટી. |
| ૬. | ૨૨ | ફરીયાદી તથા સાહેદોના કપડાનુ પંચનામું. |
| ૭. | ૨૩ | મુદામાલ આર્ટીકલ નં.૧ માંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલી |
| ૮. | ૨૪ | મુદામાલ આર્ટીકલ નં.૨ માંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલી |
| ૯. | ૨૫ | મુદામાલ આર્ટીકલ નં.૩ માંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલી. |
| ૧૦. | ૨૬ | મુદામાલ આર્ટીકલ નં.૪ માંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલી |
| ૧૧. | ૨૮ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ. |
| ૧૨. | ૨૯ | મુદામાલ આર્ટીકલ નં.૬ માંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલી |
| ૧૩. | ૩૦ | મુદામાલ આર્ટીકલ નં.૭ માંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલી |
| ૧૪. | ૩૧ | મુદામાલ આર્ટીકલ નં.૮ માંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલી |
| ૧૫. | ૩૩ | આરોપીઓની શરીર સ્થિતિ અને કપડાનુ પંચનામુ. |
| ૧૬. | ૩૪ | મુદામાલ આર્ટીકલ નં.૯ માંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલી |
| ૧૭. | ૩૫. | મુદામાલ આર્ટીકલ નં.૧૦ માંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલી |
| ૧૮. | ૩૬ | મુદામાલ આર્ટીકલ નં.૧૨ માંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલી |
| ૧૯. | ૩૭ | મુદામાલ આર્ટીકલ નં.૧૩ માંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલી |
| ૨૦ | ૩૯ | કલમ–૨૭ મુજબનુ પંચનામુ. |
| ૨૧ | ૪૪ | અસલ ફરીયાદ. |
| ૨૨ | ૫૦ | સ્થળ પરીક્ષણ અહેવાલ. |
| ૨૩ | ૫૩ | સ્ટે.ડાયરી પેજ નં.૮૫ અનુ.નં.૪ ની પ્રમાણીત નકલ. |
| ૨૪ | ૫૪ | ેટેલીફોન વર્ધી. |
| ૨૫. | ૫૫ | વીજીટેશન માટેની યાદી. |
| ૨૬. | ૫૬ | વી.એચ.એફ.મેસેજ. |
| ૨૭. | ૫૯ | ગુનાવાળી જગ્યાનો નકશો કરવા લખેલ યાદી. |
| ૨૮. | ૬૦ | નકશો બનાવવા કરેલ રીમાઈન્ડર યાદી. |

| | | |
|---|---|---|
| ૨૯. | ૬૧ | ગુનાવાળી જગ્યાનો નકશો. |
| ૩૦. | ૬૨ | નકશા સાથેનો ફોરવડીંગ પત્ર. |
| ૩૧ | ૬૫ | મુદામાલ આર્ટીકલ નં.૧૧ માંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલી |
| ૩૨. | ૬૬ | મરણોત્તર ફોર્મ. |
| ૩૩. | ૬૭ | મરણ જનારના કપડા આપવા માટેની યાદી. |
| ૩૪. | ૬૮ | ઈન્કવેસ્ટ ભરવા માટેની યાદી. |
| ૩૫. | ૬૯ | આરોપીના લોહીના નમુના લેવા માટેની યાદી. |
| ૩૬. | ૭૦ | ત.ક.અ.લાલજીભાઈ ડાહ્યાભાઈ ગમારાની ઉલતપાસમા આરોપીની શારીરીક તપાસણી માટેની યાદી રીફર થતા આંક આપેલ છે. |
| ૩૭. | ૭૧ | ત.ક.અ.લાલજીભાઈ ડાહ્યાભાઈ ગમારાની ઉલતપાસમા આરોપી મહમંદ સોહેબ શબ્બીરોદીનના મેડીકલ કેસ પેપર્સ રીફર થતા આંક આપેલ છે. |
| ૩૮. | ૭૪ | સી.આર.પી.સી.ક.૧૬૪ મુજબ નિવેદન લેવા ના.કોર્ટમા કરેલ યાદી. |
| ૩૯. | ૭૫ | નીવેદન લેવા હાજર રાખવા સાહેદોને કરેલ યાદી. |
| ૪૦. | ૭૬ | જાહેરનામુ. |
| ૪૧. | ૭૭ | રવાનગી પત્રક. |
| ૪૨. | ૭૮ | મુદામાલ એફ.એસ.એલ.મા મળ્યા બદલની પહોંચ. |
| ૪૩. | ૭૯ | એફ.એસ.એલ.નો ફોરવડીંગ લેટર. |
| ૪૪. | ૮૦ | એફ.એસ.એલ.રીપોર્ટ. |
| ૪૫. | ૮૧ | રવાનગી પત્રક. |
| ૪૬. | ૮૨ | મુદામાલ એફ.એસ.એલ.મા મળ્યા બદલની પહોંચ. |
| ૪૭. | ૮૩ | એફ.એસ.એલ.નો ફોરવડીંગ લેટર. |
| ૪૮. | ૮૪ | એફ.એસ.એલ.નો રીપોર્ટ. |

**B.બચાવ પક્ષ :**

| અનુ.નંબર. | આંક નંબર. | વિગત |
|---|---|---|
| 1 આંક C-1/CW | – | – |

**C.D મટીરીયલ ઓબ્જેકટસ :**

| અનુ. નંબર. | મટેરીયલ ઓબ્જેકટસ નંબર. | વિગત. |
|---|---|---|
| ૧. | મુદામાલ આર્ટીકલ નં.૧. | એક સફેદ જેવા કલરની અડધી બાયની ટી.શર્ટ જેના આગળ પાછળના ભાગે લોહી જેવા રતાશ પડતા ડાઘાવાળી છે તે એક પેપરમા વીંટાળી સીલ કરેલ છે તે સીલબંધ. |
| | મુદામાલ આર્ટીકલ નં. ૨ | એક કાળા જેવા કલરનુ જીન્સ પેન્ટ જે આગળ પાછળના ભાગે લોહી જેવા રતાશ પડતા ડાઘાવાળુ છે તે જે એક પેપરમા વીંટાળી સીલ કરેલ છે તે સીલબંધ. |
| | મુદામાલ આર્ટીકલ નં.૩ | એક આખી બાયની કોલરવાળી નીલા વાદળી ક્રીમ જેવા પટૃટાવાળી ટી શર્ટ છે તે જેના આગળ પાછળછુફટાછવાયા લોહી જેવા રતાશ પડતા ડાઘા છે તે એક પેપરમા વીંટાળી સીલ કરેલ છે તે સીલબંધ. |
| | મુદામાલ આર્ટીકલ નં.૪ | એક ભુરા જેવા કલરનુ જીન્સ પેન્ટ જેની આગળ પાછળ છુટાછવાયા લોહી જેવા રતાશ પડતા ડાઘ છે તે જે એક પેપરમા વીંટાળી સીલ કરેલ છે તે સીલબંધ |
| | મુદામાલ આર્ટીકલ નં.૫ | એક હીરો હોન્ડા સ્પ્લેન્ડર પ્લસ મોટરસાયકલ નં.જી.જે.૨૩,એલ.૫૫૭૨ નુ છે જેનો ચેસીસ નંબર.૦૭.કે.૧૬.એફ.૧૬૨૪૯ તથા એન્જીન નં.૦૭.કે.૧૫.ઈ.૪૬૮૫૩ લખેલ છે તે . |
| | મુદામાલ આર્ટીકલ નં.૬ | ગુનાવાળી જગ્યાએથી મદરેસાની કંમ્પાઉન્ડ દિવાલ સામેથી આર.સી.સી.રોડ ઉપર પડેલ લોહી જે રુ ના પુમડામા મેળવી એક પ્લાસ્ટીકની ડબ્બીમા મુકી જે સીલ કરેલ છે તે સીલબંધ. |
| | મુદામાલ આર્ટીકલ નં.૭. | ગુનાવાળી જગ્યાએથી પશ્ચિમે આશરે ૪૦ ફુટ આર.સી.સી.રોડ ઉપર પડેલ લોહી જે રુ ના પુમડામા મેળવી એક પ્લાસ્ટીકની ડબ્બીમા મુકી જે સીલ કરેલ છે તે સીલબંધ. |
| | મુદામાલ આર્ટીકલ નં.૮ | એક રુ નુ પુમડુ કંટ્રોલ સેમ્પલ પ્લાસ્ટીકની ડબ્બીમા મુકી જે સીલ કરેલ છે તે સીલબંધ. |

| | | |
|---|---|---|
| | મુદામાલ આર્ટીકલ નં.૯ | આરોપી મહમંદસોહેબ ઉર્ફે ભાણોનુ ક્રીમ જેવા કલરની છુટાછવાયા લોહી જેવા ડાઘવાળી ટી.શર્ટ જે પેપરમાં વીંટાળી સીલ કરેલ છે તે સીલબંધ. |
| | ---------------- | ---------------------- |
| | મુદામાલ આર્ટીકલ નં.૧૦ | એક આછા વાદળી કલરનુ જીન્સ પેન્ટ છુટા છવાયા લોહીના ડાઘવાળુ જે પેપરમા વીંટાળી સીલ કરેલ છે તે સીલબંધ. |
| | ---------------- | ---------------------- |
| | મુદામાલ આર્ટીકલ નં.૧૧ | એક ખીસ્સા હાથ રુમાલ સફેદ જેવા કલરનો છુટા છવાયા લોહીના ડાઘવાળો જે પેપરમા વીટાળી સીલ કરેલ છે તે સીલબંધ. |
| | ---------------- | ---------------------- |
| | મુદામાલ આર્ટીકલ નં.૧૨ | એક પીળા જેવા કલરની આખી બાયની ટી.શર્ટ જેની ઉપર કોઈ નોંધપાત્ર નીશાન જણાતા નથી.તે જે પેપરમા વીંટાળી સીલ કરેલ છે તે સીલબંધ. |
| | ---------------- | ---------------------- |
| | મુદામાલ આર્ટીકલ નં.૧૩ | એક વાદળી જેવા કલરનુ જીન્સ પેન્ટ જેની ઉપર કોઈ નોંધપાત્ર નીશાન જણાતા નથી તે જે પેપરમા વીંટાળી સીલ કરેલ છે તે સીલબંધ. |
| | ---------------- | ---------------------- |
| | મુદામાલ આર્ટીકલ નં.૧૪ | એક બજાજ કંપનીનુ કાળા જેવા કલરનુ પલ્સર મોટરસાયકલ જેનો રજી. નં. જી. જે. ૨૩.એ. એમ. ૯૮૨૨, જેનો ચેસીસ નંબર. એમ.ડી.ર.એ.૧૧.સી.આઈ.જી.ડી.સી.એમ જી.૯૧૦૪૦ જેનો એન્જીન નં.ડી. એમ. ઝેડ.સી. ડી. એમ.૮૩૫૩૦ લખેલ છે તે. |
| | ---------------- | ---------------------- |
| | મુદામાલ આર્ટીકલ નં.૧૫ | એક લોખંડના ફળવાળી ગુલાબી જેવા કલરનાં હાથાવાળી છરી જે છરીના આગળના ભાગે રતાશ પડતા ડાઘ જણાય છે તે એક પ્લાસ્ટીકના ડબ્બામા મુકી સીલ કરેલ છે તે સીલબંધ. |

## <u>-:: ચુ કા દો. ::-</u>

(૧) આ કામે ફરીયાદ પક્ષના કેસની ટુંકી હકીકત એવી છે કે,આરોપી નં.૧ નાએ તા.૦૯/૦૧/૨૦૨૩ ના રોજ કલાક ૨૧/૩૦ વાગે મોજે

બોરસદ,ભોભાફળી,મદ્રેસા પાસે ફરીયાદી તથા સાહેદ મરણ જનાર શહેબાઝ મલેક અને કેશઅશરફ મલેકનાઓ હીરો હોન્ડા સ્પ્લેન્ડર મોટરસાયકલ નં .જી.જે.૨૩.એલ.૫૫૭૨ ઉપર બેસી ચલાવી લઈ જઈ રહેલ હતા તે વખતે આરોપી નં .૧ સોહેબ ઉર્ફે ભાણો મલેકે તેની પાસેની પલ્સર મોટરસાયકલ નં .જી.જે.૨૩.એ.એમ.૯૮૨૨ નુ ચલાવી લઈ આવી બોરસદ ફરીયાદી/સાહેદ જઈ રહેલ હતા તે મોટરસાયકલને પાછળથી અથડાવી દેતા મરણ જનાર શહેબાઝ મલેકે આરોપી નં.૧ સોહેબ ઉર્ફે ભાણાને મોટરસાયકલ જોઈને ચલાવવા કહેતા આરોપી નં.૧ સોહેબ ઉર્ફે ભાણાએ ગુસ્સે થઈ ફરીયાદી/સાહેદોને ગમે તેમ બીભત્સ ગાળો બોલી તથા આરોપી નં.ર મુસ્તુફામીયા ઉર્ફે બાબુલભાઈ મલેકનાઓ આરોપી નં.૧ સોહેબ ઉર્ફે ભાણાનુ ઉપરાણુ લઈ આવી ફરીયાદી/સાહેદોને બીભત્સ ગાળો બોલી,જાનથી મારી નાંખવાની ધમકી આપી,બોલાચાલી કરી,આરોપી નં.ર મુસ્તુફામીયા ઉર્ફે બાબુલભાઈ મલેકનાઓ મરણ જનાર શહેબાઝને પકડી રાખી અને આરોપી નં.૧ સોહેબ ઉર્ફે ભાણો મલેકે તેની પાસેની છરી મરણ જનાર શહેબાઝને શરીરે જમણી બાજુ પેટ નીચે જમણા પગની સાથળ ઉપર ગુપ્ત ભાગ નજીક મારી ,ગંભીર ઈજાઓ પહોચાડી મોત નીપજાવી,ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી,મે.જીલ્લા મેજી.શ્રી.આણંદના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ છે.સદર ગુનાના કામે પ્રથમ ફરીયાદ તથા ગુનાની જાહેરાત ફરીયાદી સોહેલમહમંદ સમીરમહમંદ ફરમાનુદ્દીન મલેકે બોરસદ ટાઉન પોલીસ સ્ટેશનમા કરતા જે ફરીયાદ બોરસદ ટાઉન પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નંબર.૧૧૨૧૫૦૦૬૨૩૦૦૧૧/૨૦૨૩થી નોંધવામા આવેલ છે.સદર ફરીયાદના કામે આરોપીઓ વિરુધ્ધ હાલનો સેસન્સ કેસ ઉપસ્થિત થયેલ છે.

(૨) ફરીયાદની તપાસના કામે તપાસ કરનાર અમલદારને આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા મળી આવતા તપાસ કરનાર અમલદાર તરફે આ કામે આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ-૩૦૨,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના ગુનાની ચાર્જશીટ રજુ કરેલ અને સદર કેસ સેસન્સ ટ્રાયેબલ હોય ક્રિ.પ્રો.કો.ક.૨૦૯ મુજબ ક્રિમીનલ કેસ નં.૪૬૨/૨૩

કમીટ કરી અત્રેની કોર્ટમા મોકલતા સદર સેશન્સ કોર્ટ આણંદ મુકામે સેસન્સ કેસ નંબર.૧૮/૨૦૨૩ તા.૧૮/૦૩/૨૦૨૩ થી નોંધવામા આવેલ છે.ત્યારબાદ સદર કેસ અત્રેની કોર્ટમા તબદીલ થતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામના આરોપીઓ વિરુધ્ધ મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ ભારતીય દંડ સંહીતાની કલમ–૩૦૨,૫૦૪,૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુનાનુ આંક–૦૬ મુજબનુ તહોમતનામુ તારીખ.૦૨/૦૬/૨૦૨૩ ના રોજ ફરમાવીને આંક–૦૭,૦૮ થી આરોપીઓનુ નિવેદન લઈને આરોપીઓની પુછપરછ કરતા આરોપીઓએ ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે. ત્યારબાદ ફરી.પક્ષે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. ફરીયાદપક્ષે પોતાનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો નીચે મુજબ રજુ કરેલો છે.

## મૌખિક પુરાવો

| સાહેદ નં | આંક | સાહેદનુ નામ અને વિગત. |
|---|---|---|
| ૧. | ૧૧ | પંચ સાહેદ સમીરોદીન સબીરુદીન મલેકની જુબાની. |
| ૨. | ૧૫ | સાહેદ ડો.અરીજીત દત્તાની જુબાની. |
| ૩. | ૨૧ | પંચ સાહેદ અતાઉલ્લાખાન મનેવરખાન પઠાણની જુબાની. |
| ૪. | ૨૭ | પંચ સાહેદ આસીકમહમંદ બદરુદીન મલેકની જુબાની. |
| ૫. | ૩૨ | પંચ સાહેદ માજીદખાન ઈસ્લામખાન પઠાણની જુબાની. |
| ૬. | ૩૮ | પંચ સાહેદ આરીફમીયા અબ્દુલમીયા મલેકની જુબાની. |
| ૭. | ૪૧ | પંચ સાહેદ ઉસ્માનમીયા સદરોદીન મલેકની જુબાની. |
| ૮. | ૪૩ | ફરીયાદી સોહેલમહંમદ સમીરમહંમદ મલેકની જુબાની. |
| ૯. | ૪૭ | સાહેદ મહમંદતુફેલ તન્વીરમહંમદ પઠાણની જુબાની. |
| ૧૦. | ૪૯ | સાહેદ અર્જુનભાઈ નાનજીભાઈ રાઠવાની જુબાની. |
| ૧૧. | ૫૧ | સાહેદ પી.એસ.આઈ. કનૈયાલાલ મસોતભાઈ ચૌધરીની જુબાની. |

| | | |
|---|---|---|
| ૧૨. | ૫૨ | સાહેદ પી.એસ.ઓ.જયદીપભાઈ દશરથભાઈ રાણાની જુબાની. |
| ૧૩. | ૫૮ | સાહેદ મયુરકુમાર અંબુભાઈ પ્રજાપતીની જુબાની. |
| ૧૪. | ૬૪ | ત.ક.અ.લાલજીભાઈ ડાહ્યાભાઈ ગમારાની જુબાની. |
| ૧૫. | ૭૩ | ત.ક.અ.ધ્રુવરાજ રાજેન્દ્રસીંહ ગોહીલની જુબાની. |

(૪) આ કામે ફરીયાદ પક્ષ તરફથી મૌખિક પુરાવા ઉપરાંત નીચે મુજબનો દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**દસ્તાવેજી પુરાવાઓ**

| ક્રમ. | આંક. | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧. | ૧૨ | ઈન્કવેસ્ટ પંચનામુ. |
| ૨ | ૧૩ | મોટરસાયકલનુ પંચનામું. |
| ૩ | ૧૬ | પી.એમ.કરવા માટે લખેલ યાદી. |
| ૪. | ૧૭ | પી.એમ.નોટ અસલ. |
| ૫. | ૧૮ | કોઝ ઓફ ડેથનુ સર્ટી. |
| ૬. | ૨૨ | ફરીયાદી તથા સાહેદોના કપડાનુ પંચનામું. |
| ૭. | ૨૩ | મુદામાલ આર્ટીકલ નં.૧ માંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલી |
| ૮. | ૨૪ | મુદામાલ આર્ટીકલ નં.૨ માંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલી |
| ૯. | ૨૫ | મુદામાલ આર્ટીકલ નં.૩ માંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલી. |
| ૧૦. | ૨૬ | મુદામાલ આર્ટીકલ નં.૪ માંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલી |
| ૧૧. | ૨૮ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ. |
| ૧૨. | ૨૯ | મુદામાલ આર્ટીકલ નં.૬ માંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલી |
| ૧૩. | ૩૦ | મુદામાલ આર્ટીકલ નં.૭ માંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલી |
| ૧૪. | ૩૧ | મુદામાલ આર્ટીકલ નં.૮ માંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલી |
| ૧૫. | ૩૩ | આરોપીઓની શરીર સ્થિતિ અને કપડાનુ પંચનામુ. |
| ૧૬. | ૩૪ | મુદામાલ આર્ટીકલ નં.૯ માંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલી |
| ૧૭. | ૩૫. | મુદામાલ આર્ટીકલ નં.૧૦ માંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલી |
| ૧૮. | ૩૬ | મુદામાલ આર્ટીકલ નં.૧૨ માંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલી |

| | | |
|---|---|---|
| ૧૯. | ૩૭ | મુદામાલ આર્ટીકલ નં.૧૩ માંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલી |
| ૨૦. | ૩૯ | કલમ-૨૭ મુજબનુ પંચનામુ. |
| ૨૧. | ૪૪ | અસલ ફરીયાદ. |
| ૨૨. | ૫૦ | સ્થળ પરીક્ષણ અહેવાલ. |
| ૨૩. | ૫૩ | સ્ટે.ડાયરી પેજ નં.૮૫ અનુ.નં.૪ ની પ્રમાણીત નકલ. |
| ૨૪. | ૫૪ | ટેલીફોન વર્ધી. |
| ૨૫. | ૫૫ | વીજીટેશન માટેની યાદી. |
| ૨૬. | ૫૬ | વી.એચ.એફ.મેસેજ. |
| ૨૭. | ૫૯ | ગુનાવાળી જગ્યાનો નકશો કરવા લખેલ યાદી. |
| ૨૮. | ૬૦ | નકશો બનાવવા કરેલ રીમાઈન્ડર યાદી. |
| ૨૯. | ૬૧ | ગુનાવાળી જગ્યાનો નકશો. |
| ૩૦. | ૬૨ | નકશા સાથેનો ફોરવડીંગ પત્ર. |
| ૩૧. | ૬૫ | મુદામાલ આર્ટીકલ નં.૧૧ માંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલી |
| ૩૨. | ૬૬ | મરણોત્તર ફોર્મ. |
| ૩૩. | ૬૭ | મરણ જનારના કપડા આપવા માટેની યાદી. |
| ૩૪. | ૬૮ | ઈન્કવેસ્ટ ભરવા માટેની યાદી. |
| ૩૫. | ૬૯ | આરોપીના લોહીના નમુના લેવા માટેની યાદી. |
| ૩૬. | ૭૦ | ત.ક.અ.લાલજીભાઈ ડાહયાભાઈ ગમારાની ઉલતપાસમા આરોપીની શારીરીક તપાસણી માટેની યાદી રીફર થતા આંક આપેલ છે |
| ૩૭. | ૭૧ | ત.ક.અ.લાલજીભશાઈ ડાહયાભાઈ ગમારાની ઉલટતપાસમા આરોપી મહમંદ સોહેબ શબ્બીરોદીનના મેડીકલ કેસ પેપર્સ રીફર થતા આંક આપેલ છે. |
| ૩૮. | ૭૪ | સી.આર.પી.સી.ક.૧૬૪ મુજબ નિવેદન લેવા ના.કોર્ટમા કરેલ યાદી. |
| ૩૯. | ૭૫ | નીવેદન લેવા હાજર રાખવા સાહેદોને કરેલ યાદી. |
| ૪૦. | ૭૬ | જાહેરનામુ. |
| ૪૧. | ૭૭ | રવાનગી પત્રક. |
| ૪૨. | ૭૮ | મુદામાલ એફ.એસ.એલ.મા મળ્યા બદલની પહોંચ. |
| ૪૩. | ૭૯ | એફ.એસ.એલ.નો ફોરવડીંગ લેટર. |

| | | |
|---|---|---|
| ૭૪. | ૮૦ | એફ.એસ.એલ.રીપોર્ટ. |
| ૭૫. | ૮૧ | રવાનગી પત્રક. |
| ૭૬. | ૮૨ | મુદામાલ એફ.એસ.એલ.મા મળ્યા બદલની પહોંચ. |
| ૭૭. | ૮૩ | એફ.એસ.એલ.નો ફોરવડીંગ લેટર. |
| ૭૮. | ૮૪ | એફ.એસ.એલ.નો રીપોર્ટ. |

(૫) ફરીયાદપક્ષે ઉપર મુજબનો પુરાવો રજુ થયા બાદ વિધ્વાન સરકારી વકીલશ્રી. તરફે વધુ કોઈ પુરાવો આપવો નથી તેવુ જાહેર કરતી પુરાવા બંધની પુરસીસ આંક–૮૫ થી રજુ થયા બાદ આરોપીઓનુ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબનુ વિશેષ નિવેદન લેવામાં આવેલ છે. જેમા આરોપી નં .૧ નાએ વિશેષમાં જણાવેલ છે કે,તેઓ નિર્દોષ છે તેઓએ મરણ જનારને પેટના ભાગે ચપ્પુ મારેલ નથી.ટોળામા મરણ જનારે તેઓએ તેમના પેટના ભાગે રાખેલ ચપ્પુ જાતે જ વાગેલ છે. જયારે આરોપી નં.ર નાએ વિશેષમા જણાવેલ છે કે તેઓ નિર્દોષ છે.તેઓ તેમના દિલદાર પાન પેલેસ પર હાજર હતા .તેઓ બનાવવાળી જગ્યા ઉપર ગયેલ નથી કે તેમણે મરણ જનારને પકડી રાખેલ નથી.તેમની ગુનાના કામે ખોટી સંડોવણી કરવામાં આવેલ છે.આરોપીઓએ જાતે સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે પોતાના બચાવમાં કોઈ સાહેદોને તપાસેલા નથી.

(૬) સદર કામે ફરીયાદી તરફે વિ.વ.શ્રી એ.કે મલેક નાઓએ આંક–૯૨ થી લેખીત દલીલો રજુ કરેલ છે જે ઘ્યાને અને વંચાણે લેવામા આવેલ છે જે જોતાં આ કામના પંચ સાહેદોએ પંચનામાની હકિકતોને સમર્થન કરેલ છે. આ કામે હથિયાર કબજે કરવાના પંચનામાના સાહેદો આરોપીના નિકટના સંબંધી હોય હોસ્ટાઈલ જાહેર થયેલ છે પરંતુ ફરિયાદીએ તેમની જુબાનીમાં સમગ્ર ફરિયાદ હકિકતનો બનાવ પોતાની નજર સમક્ષ બનેલ તે મુજબનો જણાવેલ છે તેમજ ગુના સમયે વપરાયેલ હથિયાર પણ ઓળખી બતાવેલ છે તેમજ ફરિયાદીની ઉલટ તપાસમાં બચાવ પક્ષ તેમનો કોઇ વ્યાજબી બચાવ પ્રસ્થાપિત કરી શકેલ નથી. ફરિયાદીની જુબાની નહિ માનવાને કોઇ કારણ નથી. ફરિયાદીની જુબાનીથી તથા સાહેદ મહંમદતુફેલ તન્વીર મહંમદ પઠાણ ની જુબાનીથી તથા પી.એમ.કરનાર ડો.ની

જુબાની તથા બનાવવાળી જગ્યાએથી લેવામાં આવેલ લોહીના નમૂના તેમજ આ કામે એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ મુદ્દામાલના પૃથ્થકરના રિપોર્ટથી ફરિયાદ પક્ષ પોતાનો કેસ શંકાથી રહીત પુરવાર કરેલ છે. ફરિયાદીને આ કામે કોઇ ઇસમને ખોટી રીતે સંડોવી દેવાના કોઇ કારણ નથી. બંને આરોપીઓની સ્થળ ઉપરની હાજરી તથા ગુનો કરવામાં ભજવેલ ભાગની હકિકત ફરિયાદ પક્ષ પોતાના દસ્તાવેજી તથા મૌખિક પુરાવાથી નિશંકપણે પુરવાર કરી શકેલ છે. આ કામે આરોપીઓ વિરુધ્ધનું તહોમત નિશંકપણે પુરવાર કરવામાં પ્રોસીકયુશન સફળ રહેલ હોય આરોપીઓને તકસીરવાર ઠરાવી મહત્તમ સજા કરવા રજૂઆત કરેલ છે. અને તેઓએ પોતાની દલીલના સમર્થનમા (૧)૨૦૨૩ Gojuris (SC) 270 રવા સાહેબ ઉર્ફે રવાસાહેબ ગૌડા અને બીજાઓ વિરુધ્ધ સ્ટેટ ઓફ કર્ણાટકા.(૨)૨૦૨૩, (સુ.કો.)૨૯૫,બાલુ સુદામ ખાલદે અને બીજાઓ વિરુધ્ધ ધી સ્ટેટ ઓફ મહારાષ્ટ્રના ચુકાદાઓ રજુ રાખેલા છે.

(૭) જયારે સરકાર તરફે વિધ્વાન સરકારી વકીલશ્રી.એ.એસ.જાડેજા હાજર થયેલા છે અને ફરિયાદીએ આપેલ આંક–૯૨ની લેખિત દલીલ મુજબ પ્રોસીકયુશન તરફે દલીલ એડોપ્ટ કરેલ છે અને વધુમાં, જણાવેરલ છે કે,આરોપીઓ વિરુધ્ધનો આક્ષેપીત ગુનો ફરી.પક્ષે ૧૫ મોખિક પુરાવા તથા ૪૮ દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરવામા આવેલ છે.આ કામના આરોપી નં.૧ નાએ તા.૦૯/૦૧ /૨૦૨૩ ના રોજ કલાક ૨૧/૩૦ વાગે મોજે બોરસદ,ભોભાફળી,મદ્રેસા પાસે ફરીયાદી તથા સાહેદ મરણ જનાર શહેબાઝ મલેક અને કેશઅશરફ મલેકનાઓ હીરો હોન્ડા સ્પ્લેન્ડર મોટરસાયકલ નં.જી.જે.૨૩.એલ.૫૫૭૨ ઉપર બેસી ચલાવી લઈ જઈ રહેલ હતા તે વખતે આરોપી નં.૧ સોહેબ ઉર્ફે ભાણો મલેકે તેની પાસેની પલ્સર મોટરસાયકલ નં.જી.જે.૨૩.એ.એમ.૯૮૨૨ નુ ચલાવી લઈ આવી બોરસદ ફરીયાદી/સાહેદ જઈ રહેલ હતા તે મોટરસાયકલને પાછળથી અથડાવી દેતા મરણ જનાર શહેબાઝ મલેકે આરોપી નં.૧ સોહેબ ઉર્ફે ભાણાને મોટરસાયકલ જોઈને ચલાવવા કહેતા આરોપી નં.૧ સોહેબ ઉર્ફે ભાણાએ ગુસ્સે થઈ ફરીયાદી/સાહેદોને ગમે તેમ બીભત્સ ગાળો બોલી તથા આરોપી નં.૨ મુસ્તુફામીયા

ઉર્ફે બાબુલભાઈ મલેકનાઓ આરોપી નં.૧ સોહેબ ઉર્ફે ભાણાનુ ઉપરાણુ લઈ આવી ફરીયાદી/સાહેદોને બીભત્સ ગાળો બોલી,જાનથી મારી નાંખવાની ધમકી આપી,બોલાચાલી કરી,આરોપી નં.ર મુસ્તુફામીયા ઉર્ફે બાબુલભાઈ મલેકનાઓ મરણ જનાર શહેબાઝને પકડી રાખી અને આરોપી નં.૧ સોહેબ ઉર્ફે ભાણો મલેકે તેની પાસેની છરી મરણ જનાર શહેબાઝને શરીરે જમણી બાજુ પેટ નીચે જમણા પગની સાથળ ઉપર ગુપ્ત ભાગ નજીક મારી ,ગંભીર ઈજાઓ પહોચાડી મોત નીપજાવી,ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી,મે.જીલ્લા મેજી.શ્રી. આણંદના જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહીતાની કલમ–૩૦ર, ૫૦૪, ૫૦૬(ર), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાનુ તહોમત છે. આ કામે નજરે જોનાર સાહેદના પુરાવા તથા મેડીકલ પુરાવા તથા સાયન્ટીફીક પુરાવા તથા રજૂ થયેલ પંચ સાહેદોના પુરાવાથી તથા પોલિસ સાહેદોની જુબાનીઓથી આક્ષેપિત ગુનો પુરવાર થતો હોય આરોપીઓને મહત્તમ સજા કરવા ભારપૂર્વક રજૂઆત કરેલ છે.

(૮) આ કામે આરોપીઓ તરફે આંક–૧૦૫ થી લેખીત દલીલો રજુ કરેલ છે જે ધ્યાને લેતા તેમા મુખ્યત્વે જણાવેલ છે કે ફરી.પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે પંદર સાહેદોને તપાસેલા છે.જયારે બચાવપક્ષે કોઈ સાહેદને તપાસવામા આવેલ નથી. આ કામે ફરી.પક્ષે જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે તે જોતા સરકારે ફરમાવેલ ચાર્જ પુરવાર કરવામા સરકારપક્ષ નિષ્ફળ ગયેલ હોય તેવુ સ્પષ્ટપણે જણાઈ આવે છે. આ કામે ફરિયાદ પક્ષે સાહેદ નં.૧ આંક–૧૧ થી સમીરુદ્દીન સબીરુદ્દીન મલેકને તપાસેલા છે. તેઓ આંક–૧ર ના મરણ જનારના ઈન્કવેસ્ટતા પંચનામાના પંચ સાહેદ છે તેમજ આંક–૧૩ ના મરણ જનારનું મોટર સાયકલ કબજે કર્યાના પંચ સાહેદ છે. આ સાહેદની ઉલટ તપાસ ધ્યાને લેતાં સરતપાસમાં જણાવ્યા સિવાય બીજી કોઈ ઈજા લાશ ઉપર જોયેલ નહિ તેમ જણાવે છે તેમજ પંચનામું કરતા સમયે પોલિસ અધિકારી સિવાય અન્ય કોઈ સરકારી અધિકારી હાજર હોય તેવું બનેલ નથી. પંચનામું જેઓની સામે ફરિયાદ જાહેર થયેલ તે જ આ કામના તપાસ કરનાર અધિકારી છે અને તેમના દ્વારા આંક–૧૧ નું પંચનામું કરવામાં આવેલ છે તેમજ સબ ડીવિઝનલ સાહેબશ્રીને હાજર રાખેલ નથી.

તેમજ પંચનામામાં જણાવેલ ઈજાઓ બાબતે પણ ફરિયાદપક્ષનો કેસ શંકાસ્પદ બને છે. મરણ જનાર મોટર સાયકલના કોઈ ફોટોગ્રાફ લેવામાં આવેલ નથી કે બાઈક એફ.એસ.એલ.અધિકારીને બતાવવામાં આવેલ નથી કે તેના ઉપરથી કોઈ નમૂના લેવામાં આવેલ નથી. જેથી સદર પંચનામા પુરવાર થતાં નથી. વધુમાં, જણાવેલ છે કે, ફરિયાદ પક્ષે સાહેદ નં.૨ ડૉ.અરજીત દત્તાને આંક–૧૫ થી તપાસેલ છે.જેઓએ મરણ જનારનું પી.એમ. કરેલ તેઓની સરતપાસ મુજબ લાશ ઉપર બાહ્ય ઈજાઓ કુલ –૧૩ જોવા મળેલી. જયારે ઈન્કવેસ્ટ પંચનામામાં માત્ર બે જ ઈજા જણાવવામાં આવેલ છે તે સિવાયની બીજી કોઈ ઈજાઓનો ઉલ્લેખ ઈન્કવેસ્ટ પંચનામામાં કરવામાં આવેલ નથી. તેઓના અભિપ્રાય મુજબ જમણી બાજુ ફેમોરલ આર્ટરી તિક્ષ્ણ વસ્તુના બળથી ઈજા થવાના કારણે અને તેના પરિણામ સ્વરુપે હેમરેજીક શોક થવાથી મૃત્યુ થયેલાનું જણાવેલ છે. આંક–૧૭ થી પી.એમ.નોટ અને આંક–૧૮ થી કોઝ ઓફ ડેથ સર્ટિફીકેટ રજૂ કરેલ છે. સદર સાહેદની વિસ્તૃત ઉલટ તપાસ કરેલ છે જેમાં ડૉ. એ વાત કબુલ રાખેલ છે કે, મારા અહેવાલ ઉપર મરણ જનારના શરીર ઉપર સ્ટેબવુન્ડ લેસરેશન અને એબ્રેજનની ઈજા હતી તે સિવાય અન્ય કોઈ ઈજા ન હતી. સાહેદે કોલમ નં.૧૭ માં ઈજા કેટલી જુની હતી તેનો ઉલ્લેખ કરેલ નથી. તેમજ એ વાત કબુલ રાખેલ છે કે, પીયુડીકસીન્કઈસીસ મીડીયેલ મેલ્યુલન્સ વચ્ચેનું કેટલું અંતર થાય તે મારા અભિપ્રાયમાં લખેલ નથી. તેમજ એ વાત કબુલ રાખેલ છે કે, ફીમોરલબોન્ડની ઉપર કેટલા અંતરે ફીમોરલ આર્ટરી આવેલ છે તે અંતર મેં માપેલ નથી. તેમજ તે હકિકત પણ કબુલ રાખેલ છે કે, ફીમોરલઆર્ટરી કંઈ દિશામાં કપાયેલ છે તેની વિગત મારા અહેવાલમાં જણાવેલ નથી તેમજ ફીમોરલઆર્ટરી કટ થયાનું દર્શાવેલ છે તે ઈજાના માર્જીન અહેવાલમાં જણાવેલ નથી. આમ, ચોક્કસ મરણ જનારનું ઈજા નં.૧ થવાને કારણે જ તેનું મૃત્યુ થયેલાની હકિકત ફરિયાદ પક્ષે પુરવાર કરેલ નથી તેમજ ઈજા નં.૧ મુદ્દામાલ હથિયાર વડે થઈ શકે તે બાબત પણ ફરિયાદ પક્ષ સાબિત કરી શકેલ નથી. જેથી પણ આરોપીઓને છોડી મુકવા જોઈએ. સાહેદ નં.૩ અત્તાઉલ્લાખાન મનેવરખાન પઠાણને આંક– ૨૧થી તપાસેલા છે. જેઓ આંક–૨૨ ના પંચનામાના પંચ સાહેદ છે. આ સાહેદ ફરિયાદ પક્ષના ઓળખીતા અને હિત ધરાવનાર સાહેદ છે. કપડાં બાબતે પંચનામામાં લખેલ વિગત તેમજ મુદ્દામાલ કપડાંના કલરમાં વિરોધાભાસ જણાવે છે. મુદ્દામાલ મોટર સાયકલ કબજે થયા બાબતે પંચ સાહેદનો પુરાવો શંકાસ્પદ બનેલ છે. આ સાહેદની સરતપાસ દરમ્યાન પંચ નં.૨ બાબતે ફરિયાદ પક્ષે તેઓની હાજરી બાબતે કોઈ રજૂઆત કરેલ નથી. જેથી પંચ સાહેદની જુબાની

માનવા યોગ્ય નથી. ત્યારબાદ આ કામે સાહેદ નં.૪ તરીકે આસીકમહંમદ બદરુદ્દીન મલેકને આંક–૨૭ થી તપાસેલા છે. જેઓ આંક–૨૮ ના પંચનામાના પંચ સાહેદ છે. આંક–૨૮ નું પંચનામું જોવામાં આવે તો પંચનામાનો સમય ૯.૩૦ થી ૧૦.૦૦ સુધીનો છે જયારે આ સાહેદે જુબાનીમાં જે સમય જણાવેલ છે તે પંચનામાના સમયથી અલગ સમય છે જેથી પણ આ પંચનામું શંકાસ્પદ બને છે તેમજ આ સાહેદ પણ ફરિયાદ પક્ષના ઓળખીતા સાહેદ છે. સ્વતંત્ર સાહેદ નથી. હિત ધરાવતા સાહેદ છે. તેજ રીતે ફરિયાદ પક્ષે સાહેદ નં.૫ મજીદખાન ઇસ્લામખાન પઠાણ ને આંક–૩૨ થી તપાસેલા છે. જેઓ આંક–૩૩ ના પંચનામાના પંચ સાહેદ છે જેઓ મુદ્દામાલ આર્ટિ.નં.૯ થી ૧૩ ઓળખી બતાવે છે તેમજ પંચ સ્લીપમાં પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદની ઉલટ તપાસ જોવામાં આવે તો આ સાહેદ પણ ફરિયાદ પક્ષે હિત ધરાવનાર સાહેદ છે. વધુમાં, જણાવેલ છે કે, ફરિયાદપક્ષે સાહેદ નં.૬ તરીકે આંક–૩૮ થી તપાસેલા છે. જે આંક–૩૯ ના પુરાવા અધિનિયમ કલમ–૨૭ ના પંચનામાના પંચ સાહેદ છે જેમણે ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી. તેઓએ આર્ટી. નં.૧૫ વાળી છરી ઓળખી બતાવેલ નથી. આ સાહેદ દ્રારા ફરિયાદ પક્ષ ગુનામાં વપરાયેલ હથિયારની રીકવરી પુરવાર કરી શકેલ નથી. વધુમાં, જણાવેલ છે કે, ફરિયાદ પક્ષે સાહેદ નં.૮ સોહેલમહંમદ સમીરમહંમદ મલેકને આંક–૪૩થી આ કામે તપાસેલા છે. જે આ કામના ફરિયાદી છે. આંક–૪૪ થી અસલ ફરિયાદ રજૂ કરવામાં આવેલ છે. આ સાહેદની ઉલટ તપાસ જોવામાં આવે તો ફરિયાદ પક્ષના બનાવ નજરે જોનાર સાહેદ છે પણ તેનું વર્તન જોવામાં આવે તો તેને કોઇ ઇજા થયેલ નથી. બનાવ સમયે ફરિયાદ પક્ષના સાહેદ કેસઅસરફને પણ કોઇ ઇજા થયેલ નથી. બનાવ વખતે આ સાહેદે મરણ જનારને છોડાવવા માટે કોઇ પ્રયત્ન કરેલ હોય તેવું પણ બનેલ નથી. આ સાહેદ ઉલટ તપાસમાં બનાવના દિવસે ઘરેથી તે તથા તે અસરફ જ બાઇક લઇને નિકળેલા તે બાબત પણ કબુલ રાખતા હોય તેમજ કેસઅરરફ તેમજ તેઓ ઘોંઘા ફળીયામાં જવા નિકળ્યા ત્યારે મરણ જનાર ઘરે જમવા બેઠેલ હોવાની હકિકત કબુલ રાખતા હોય ત્યારે બનાવ વખતે આ સાહેદ કે કેસઅસરફનાઓ હાજર હોવાની બાબત શંકા ઉપજાવે છે. નામદાર એપેક્ષ કોર્ટના વિવિધ ચુકાદાઓ મુજબ શંકાનો લાભ હંમેશા આરોપીને મળવો જોઇએ. તેમજ આરોપી નં.૨ બાબુભાઇનાઓ પાનના ગલ્લે બેઠેલ હોવાનું તેમજ ટોળુ હોવાનું તેમજ સહેબાઝ ટોળામાં વચ્ચે ભરાઇ ગયેલાનું આ સાહેદ જયારે કબુલ રાખતા હોય ત્યારે આરોપી નં.૨ નાએ મરણ જનાર સહેબાઝને પકડી રાખેલ હોય અને આરોપી નં.૧ નાએ સહેબાઝને ચપ્પુ

મારેલ હોય તે બાબતની ફરિયાદ પક્ષની હકિકતને શંકાસ્પદ બનાવે છે. ત્યારબાદ આ કામે ફરિયાદ પક્ષે સાહેદ નં.૯ મહંમદહુસેન તન્વીજમહંમદ પઠાણને આંક-૪૭ થી તપાસેલા છે. આ સાહેદની જુબાની જોતાં સાહેદ બનાવ નજરે જોનાર નથી. આ સાહેદ બનાવ બની ગયા પછી સ્થળ ઉપર આવેલ છે. આ સાહેદ બનાવ સ્થળની આસપાસની જગ્યાએ પાનનો ગલ્લો,બેકરી તેમજ આઇસ ડેપો આવેલાની હકિકતને સમર્થન આપે છે જયારે ફરિયાદી આ બાબતે કોઇ હકિકતો જણાવતા નથી. આ સાહેદ પણ બનાવ વખતે ૨૫ થી ૫૦ માણસો ભેગા થયેલાનું જણાવે છે. ફરિયાદ પક્ષે આવા કોઇ સ્વતંત્ર સાહેદોને આ કામે તપાસેલા નથી. તેમજ ત.ક.અ.શ્રીએ પણ કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી જેથી આ સાહેદની જુબાની ઉપર આધાર રાખી શકાય નહિ. આ સાહેદના પુરાવામાં કેસઅસરફ બનાવ સમયે હાજર હતો તેવી હકિકત જણાવેલ ન હોય જેથી ફરિયાદી સાથે અન્ય કોણ વ્યક્તિઓ હતા તે બાબત ફરિયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરી શકેલ નથી. ત્યારબાદ આ કામે સાહેદ નં.૧૦ અર્જિન નાનજીભાઇ રાઠવા સાયન્ટીફીક ઓફિસરને આંક-૪૯ થી તપાસેલા છે. જેઓએ બનાવવાળી જગ્યાનું સ્થળ પરિક્ષણ કરી આંક-૫૦ નો રીપોર્ટ આપેલાનું જણાવેલ છે. તેમજ તા.૧૦.૦૧.૨૦૨૩ ના રોજ ૯.૫૦ થી ૧૦.૫૦ દરમ્યાન તેઓ બોરસદ ભોભા ફળીયા ખાતે ગયેલા ત્યાં ત.ક.શ્રી હતા છુટાછવાયા લોહીના ડાઘા હતા જે આર.સી.સી.રોડ ઉપર આવેલ જગ્યા હતી. જે લોહીના ડાઘા અને ધબ્બા રુ અને પુમડા તથા કંટ્રોલ રુ એકત્રિત કરાવેલ. આ સાહેદ તેની ઉલટ તપાસમાં એ હકિકત કબુલ રાખેલ છે કે, આંક-૫૦ વાળા પરિક્ષણ અહેવાલમાં સરકારી વાહનનો કોઇ નંબર જણાવેલ નથી. મેં સ્થળ પર જઇ બનાવ સ્થળનું નિરીક્ષણ કરી તેનું કાગળમાં ટાંચણ કરેલું તથા એ વાત કબુલ કરેલ છે કે, આંક-૫૦ના રીપોર્ટમાં તેઓની સહી નથી. તેમજ આંક-૫૦ના અહેવાલમાં લોહી માટે કંઇ પધ્ધતિથી પરિક્ષણ કરવામાં આવેલ તેનો ઉલ્લેખ નથી. જેથી સ્થળ પરિક્ષણ અહેવાલ અને સ્થળ પર સાહેદે કોઇ કાર્યવાહી કરેલ હોય તે હકિકત શંકાસ્પદ બને છે. વધુમાં, જણાવેલ છે કે, ફરિયાદ પક્ષે સાહેદ નં.૧૧ કનૈયાલાલ એન. ચૌધરીને આંક-૫૧થી તપાસેલા છે. આંક-૪૪ વાળી ફરિયાદ તેઓની રુબરું લેવામાં આવેલી. આ સાહેદની ઉલટ તપાસ જોવામાં આવે તો ફરિયાદીએ તેમની ફરિયાદમાં પલ્સર મોટર સાયકલનો નંબર માત્ર ૯૮૨૨ એટલો જ નંબર લખાવેલો. આગળનો નંબર લખાવેલ નથી તેમજ એ વાત કબુલ રાખેલ છે કે, મારી રુબરુંની ફરિયાદમાં ઇજા પામનારને શ્રધ્ધા હોસ્પિટલમાં સારવાર માટે લઇ ગયેલાની હકિકત જાહેર થયેલી તેમજ બનાવની રાત્રીએ મરણ જનાર તથા તેના

મિત્રો ત્રણ સવારી આવતા હતા તેવી હકિકત જાહેર થયેલી. એ વાત કબુલ રાખેલછે કે, બનાવ સમયે સહેબાઝ બેભાન થઈ ગયેલ તેવી હકિકત ફરિયાદમાં જાહેર કરેલ નથી તેમજ મારી રુબરુંની ફરિયાદમાં ફરિયાદી તે વખતે ત્યાં હાજર વ્યક્તિમાંથી કોઈ સહેબાઝને બાઈક પર બેસાડવામાં મદદ કરવા તૈયાર ન હતું તેવી હકિકત લખાવેલ નથી તેમજ એ હકિકત સ્વીકારેલ છે કે, જમણા પગે જાંઘ ઉપર એક જ ઈજાની હકિકત ફરિયાદમાં જાહેર થયેલી. ત્યારબાદ આ કામે સાહેદ નં.૧૨ જયદીપ દશરથભાઈ રાણાને આંક-૫૨ થી તપાસેલા છે. પી.એસ.આઈ.શ્રી કે.જી.ચૌધરીની ફરિયાદનો ગુનો રજી.તેઓએ કરેલ તેમજ આંક-૫૪ની ટેલીફોન વર્ધી તેમજ આંક-૫૫ નો વીઝીટેશન રિપોર્ટ તથા આંક-૫૬ થી વી.એચ.એફ.મેસેજની કાર્યવાહી તેઓએ કરેલાનું જણાવેલ છે. આ સાહેદની ઉલટ તપાસ જોવામાં આવે તો, ફરિયાદ પહેલાં આંક-૫૪ વાળી વર્ધી લખાવવામાં આવેલ છે તે વર્ધીમાં માત્ર એક જ વ્યક્તિ જોડે ઝઘડો થયેલાનું જાહેર થયેલ છે. તેમજ તે વ્યક્તિનું નામ પણ જાહેર કરવામાં આવેલ નથી.ટેલીફોન વર્ધી કોણે લખાવેલ તે બાબત પણ તેઓની સરતપાસ દરમ્યાન જાહેર થયેલ નથી. આમ, ટેલીફોનવર્ધી જે ફરિયાદ પહેલાંની હોય તે આંક-૫૪ વાળી ટેલીફોનવર્ધી મુજબ પણ બનાવ બની ગયા બાદની આ પ્રથમ વર્ધી હોય તેમાં આરોપીની સંખ્યા વિશે ફરિયાદ પક્ષનો કેસ શંકા ઉપજાવે તેવો બને છે. ત્યારબાદ આ કામે સાહેદ નં.૧૩ તરીકે મયુરકુમાર અંબુભાઈ પ્રજાપતિને આંક-૫૮ થી તપાસેલ છે. ગુનાવાળી જગ્યાનો નકશો તેઓએ તૈયાર કરેલ. ત્યારબાદ ફરિયાદ પક્ષે સાહેદ નં.૧૪ ત.ક.અ.લાલજીભાઈ ડાહ્યાભાઈ ગમારાને આંક-૬૪થી તપાસેલ છે. તેઓએ બોરસદ ટાઉન પો.સ્ટેશનમાં ઈ.ચા.પી.આઈ.ના ચાર્જમાં હતા તે દરમ્યાન આ કામની તપાસ તેઓને મળતા ગુનાવાળી જગ્યાનું પંચનામું,ઈન્કવેસ્ટ પંચનામું, સાહેદ સોહીલમહંમદ તથા કેસઅસરફમહંમદના નિવેદનો તેઓએ લીધેલા. મોટર સાયકલ કબજે કરેલ. આરોપીઓને અટક કરેલા. આરોપીઓના બ્લડ સેમ્પલ લેવા યાદી કરેલ તેમજ પંચનામાની જે કાંઈ કાર્યવાહી કરેલ તે પંચનામા દરમ્યાનની પંચ સ્લીપ તથા પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવેલ છે. તેમજ મરણોત્તર ફોર્મ આંક-૬૬ વાળુ હતું તેમાં તેમની સહી, મરણ જનારના કપડાં આપવા માટેની યાદીમાં તેઓની સહી, ઈન્કવેસ્ટ ભરવા માટેની યાદીમાં સહી તથા લોહીના નમૂના લેવા માટેની યાદીમાં તેમની સહી ઓળખી બતાવે છે. આ સાહેદની ઉલટ તપાસ જોવામાં આવે તો ફરિયાદ પક્ષનો કેસ શંકાસ્પદ બને છે. મુદ્દામાલ આર્ટી.નં.૧ સફેદ કલરનું ટીશર્ટ જે મરણ જનારે પહેરેલ તે મુદ્દામાલ આર્ટિ. નં.૨ કાળા કલરનું જીન્સ પેન્ટ મરણ

જનારે બનાવ સમયે પહેરેલ પેન્ટ તેમજ મુદ્દામાલ આર્ટિ.નં.૩ લીલા વાદળી ક્રિમ કલર જેવા પટ્ટાવાળા કોલર વાળી ટીશર્ટ જે સાહેદ મહંમદતુફેલ તન્વીરે મરણ જનારને હોસ્પિટલ લઈ જતા પહેલાં જે ટીશર્ટ પહેરેલ તે મુદ્દામાલ આર્ટી.નં.૪ મહંમદતુફેલ તન્વીર મહંમદ પઠાણે ભુરા કલરનું જીન્સનું પેન્ટ મરણ જનારને હોસ્પિટલ લઈ જતી વખતે પહેરલ તે, મુદ્દામાલ આર્ટી. નં.૯ ક્રિમ જેવા કલરનું આખી બાયનું ટીશર્ટ આરોપી મોહંમદશોએબ ઉર્ફે ભાણાએ બનાવ સમયે પહેરેલ તે , મુદ્દામાલ આર્ટી.નં.૧૦ આછા વાદળી કલરનું જીન્સનું પેન્ટ જે આરોપી મહોમદશોએબ ઉર્ફે ભાણાએ પહેરેલ તે, મુદ્દામાલ આર્ટી. નં.૧૨ મુસ્તાકમીયાં ઉર્ફે બાબુલભાઈએ બનાવ વખતે પીળા જેવા કલરની આખી બાયની ટી શર્ટ પહેરેલ તે, મુદ્દામાલ આર્ટિ.નં.૧૩ વાદળી કલરનું જીન્સનું પેન્ટ મુસ્તાકમીયાં ઉર્ફે બાબુભાઈએ પહેરેલ તે જે મુદ્દામાલ પંચોની હાજરીમાં કબજે કરવામાં આવેલ છે તે બાબત ત.ક.અ.શ્રીની ઉલટ તપાસ કરવામાં આવેલ તેમાં કબુલ રાખેલ છે કે, મરણ જનારના ટીશર્ટ ઉપર કોઈ કટમાર્ક દેખાતા ન હતા તથા મરણ જનારે પહેરેલ પેન્ટ ઉપર પણ કોઈ કટમાર્ક ન હતા. આ બાબતે પી.એમ.કરનાર ડૉ.શ્રીની ઉલટ તપાસ જોવામાં આવે તો, તેઓએ ઉલટ તપાસ દરમ્યાન એ વાત ખરી છે કે, સામાન્ય રીતે ઈજા નં.૧ જેવી ઈજા પહોંચાડવામાં આવે તો જે તે વ્યક્તિએ પહેરેલ કપડાં કટ થાય ત્યારબાદ શરીરે ઉપર ઈજા પહોંચે. વધુમાં, ત.ક.અ.શ્રીએ મરણ જનારના કપડાં કબજે કર્યાના પંચનામા સમયે મુદ્દામાલ સાથે જે પંચ સ્લીપો રાખેલ છે તે પંચ સ્લીપોમાં પોલિસ સ્ટેશનના કોઈ સીલ સિક્કો લગાવેલ નથી તેમજ મરણ જનારના કપડાં કબજે કર્યાના પંચો પણ વાવડી મહોલ્લાના રહીશો હતા તેવું ત.ક.શ્રીએ કબુલ રાખેલ છે. વધુમાં, આંક–૨૨ ના પંચનામામાં ટીશર્ટ ઉપર રેડ થીંગ ટેક ટાઈમ અંગ્રેજીમાં લખેલ હતું તેનો ઉલ્લેખ પંચનામામાં તથા મુદ્દામાલ પાવતીમાં કરવામાં આવેલ નથી. તેમજ આંક–૨૨ ના પંચનામામાં મહંમદતુફેલ તન્વીરમહંમદ પઠાણના કપડાં કબજે કર્યાના પંચનામામાં ટીશર્ટ ઉપર અંગ્રેજીમાં ૮૭ ઈ.ડબ્લયુ.એલ.એસ.લખેલ છે તેનો ઉલ્લેખ પંચનામામાં કરેલ નથી. આંક–૨૨ ના પંચનામામાં લીલા વાદળી ક્રીમ જેવા કલરની પટ્ટાવાળી આખી બાયની ટીશર્ટનો ઉલ્લેખ કરેલ છે જયારે નામદાર કોર્ટ સમક્ષ આર્ટી.નં.૩ વાળી ટીશર્ટ જોઈને કહે છે કે, લીલો વાદળી કલર છે પણ લીલો કલર નથી. જેથી મુદ્દામાલ આર્ટી.નં.૩ વાળી ટીશર્ટ ખરેખર બનાવ સમયે ઈજા પામનારે પહેરેલ હતી તે જ ટીશર્ટ કબજે કરવામાં આવેલ હતી તે બાબતે ફરિયાદ પક્ષનો કેસ શંકાસ્પદ બને છે. મુ.આ.નં.૧૦ વાળુ પેન્ટ ભુરા કલર જેવું છે જયારે ઉલસ તપાસમાં ત.ક.શ્રી એ જણાવેલ છે કે, એ વાત

ખરી છે કે મુ.આ.નં.૧૦ વાળુ પેન્ટ વાદળી કલરનું નથી. આમ, મરણ જનાર તથા આરોપીના કપડાં કબજે થયેલ છે તે બનાવ સમયના હતા કે કેમ તે નિશંકપણે ફરિયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી. વધુમાં, પંચ સાહેદ અત્તાઉલ્લાખાન પઠાણ સ્ડેન્ડર કે કેસઅસરફ યુનીસમહંમદ સફીમીયાં મલેકે રજૂ રાખેલાનું જણાવે છે. આ કામે કેસઅસરફને ફરિયાદ પક્ષે તપાસેલા નથી. બનાવ સ્થળે જયારે ત.ક.શ્રી પહોંચે છે ત્યારે બનાવ સ્થળે મોટર સાયકલ હતું નહિ. બનાવ સ્થળેથી મોટર સાયકલ કોઈ લઈને ગયેલું તે બાબત ફરિયાદ પક્ષે નિશંકપણે પુરવાર કરેલ નથી. પંચ સાહેદ તેઓની ઉલટ તપાસમાં એ વાત ખરી છે કે, પોલિસ સ્ટેશન પહોંચ્યો ત્યારે મોટર સાયકલ ત્યાં પડેલ હતી તેમજ આ સાહેદે ઉલટ તપાસમાં હિરો હોન્ડા સ્પેન્ડર મોટર સાયકલ કેસઅસરફે રજૂ રાખેલ હોય તેવી હકિકત જણાવેલ નથી તેમજ ઉલટ તપાસમાં એ વાત ખરી છે કે આખી બાય અને ટુકી બાય વિશે મને ખબર પડે છે. એ વાત ખરી છે કે સફેદ કલરની ટીશર્ટ ટુકી બાયની હતી તેવી વિગત પંચનામામાં લખેલ નથી. એ વાત કબુલ કરે છે કે, સફેદ કલર સિવાય બીજા કોઈ કલર ટીશર્ટ હોય તેવી વિગત પંચનામામાં દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે, વાદળી કલરના ટીશર્ટના પટ્ટા આડા હતા કે ઉભા તે બાબતનો ઉલ્લેખ પંચનામામાં કરેલ નથી. આ પંચ સાહેદની જુબાની મુજબ કપડાં કોણે રજૂ કર્યા તેનો ઉલ્લેખ પંચનામામાં નથી. ત.ક.અ.શ્રીએ ઉલટ તપાસમાં એ બાબત કબુલ રાખેલ છે કે, સ્થળ ઉપર મોટર સાયકલ બાબતે મેં કોઈ તપાસ કરેલ નથી. મહંમદતુફેલ તન્વીરમહંમદનું નિવેદન તેઓએ લીધેલ. બનાવની ફરિયાદ મુજબ બનાવ સાડા અગિયાર વાગ્યે બનેલો તેમજ મહંમદતુફેલ તન્વીરમહંમદ બનાવની રાત્રીએ મરણ જનારની સાથે નિકળેલ નહિ. એ વાત ખરી છે કે, કેસઅસરફ બનાવના નજરે જોનાર સાહેદ હતા. સાહેદ મહંમદતુફેલ રાત્રિના ટોળામાં બંને આરોપીઓ હાજર હોય તેવું ત.ક.અ.શ્રી રુબરું જાહેર કરેલુ નહિ. મોટર સાયકલ ફેઝાનબદરુદ્રીન મલેકનું હતું. ફેઝાનબદરુદ્રીન મલેકને ફરિયાદ પક્ષે તપાસેલ નથી જેથી બનાવની રાત્રીએ સ્પેન્ડર મોટર સાયકલ લઈને મરણ જનાર નિકળેલ હોય તે બાબત ફરિયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી. મહંમદતુફેલના નિવેદન મુજબ તે સાડા નવ વાગ્યે ભોભાફળી ચોકમાં પહોંચેલાનો ફરિયાદ પક્ષનો કેસ છે. કહેવાતો બનાવ ૨૧.૩૦ વાગ્યે બનવા પામેલ છે. આ કામે સી.સી.ટી.વી. ફુટેજ મેળવવા ત.ક.અ.શ્રીએ કોઈ પ્રયત્ન કરેલ નથી.  આ કામે મરણ જનાર સિવાય અન્ય કોઈ સાહેદને ઈજા થયેલ નથી. મહંમદતુફેલના નિવેદન મુજબ તેઓએ સોએબમહંમદ તથા કેસઅસરફ તથા સહેબાઝસબીરુદ્રીન મલેકને લોહીલુહાણ હાલતમાં મોટર સાયકલ પાસે ઉભા

રહેલાનું જણાવેલ છે. શ્રીકૃષ્ણ હોસ્પિટલમાં ઇસમમાં એક જ ઇસમ જોડે થયેલાનું જણાવેલ છે તે એક ઇસમનું નામ વર્ધીમાં જણાવેલ ન હતું. ત.ક.અ.શ્રીએ બનાવ વાળી જગ્યાના ફોટોગ્રાફ લીધેલાનું ઉલટ તપાસમાં કબુલેલ છે. આવા કોઇ ફોટોગ્રાફ ફરિયાદ પક્ષે રેકર્ડ ઉપર રજૂ રાખેલ નથી. આ કામે આરોપી નં.૧ ને થયેલ ઇજા અંગેનો કોઇ ખુલાસો ફરિયાદપક્ષે કરેલ નથી. ત.ક.અ.શ્રી ઉલટ તપાસમાં કબુલ કરે છે કે, ફરિયાદ મુજબ બનાવ આશરે ૧૧.૩૦ વાગે બનેલો જેથી પણ ફરિયાદ પક્ષના કેસમાં ચોક્કસપણે બનાવના સમય વિશે વિરોધાભાસ જણાઇ આવે છે. આ બાબતે પુરાવાની કડી જોડવા માટે ફરિયાદ પક્ષ દ્બારા કોઇ પ્રયત્ન કરવામાં આવેલ નથી. ત.ક.અ.શ્રીએ મરણ જનાર કે આરોપીના મોબાઇલની કોઇ કોલ ડીટેઇલ કે લોકેશન મેળવવા પ્રયત્ન કરેલ નથી. એફ.એસ.એલ.અધિકારીની હાજરી પંચનામા સમયે હતી નહિ તેવું પણ ત.ક.અ.શ્રીએ કબુલ રાખેલ છે. નજરે જોનાર સાહેદ કેસઅસરફને આ કામે તપાસવામાં આવેલ નથી જે સાહેદ મહત્વના સાહેદ છે કારણ કે તે બનાવ સમયે મરણ જનાર સાથૈ તથા ફરિયાદી સાથે એક જ મોટર સાયકલ ઉપર હતા. જયારે તપાસવામાં આવેલ મહંમદતુફેલ તન્વીરમહંમદ ઉલટ તપાસમાં કબુલ રાખે છે કે, પોતે મરણ જનાર કે ફરિયાદી સાથે મોટર સાયકલ ઉપર હતા નહિ. બનાવ સ્થળે પહોંચ્યા ત્યારે બનાવ બની ગયેલ હતો. કેસઅસરફની હાજરી બનાવ સ્થળે હતી તે બાબતે ફરિયાદ પક્ષનો કેસ શંકાસ્પદ બને છે. સાહેદ મહંમદતુફેલ તન્વીરમહંમદ નજરે જોનાર સાહેદ નથી. મુદ્દામાલ પરિક્ષણના બાયૌલોજીકલ અહેવાલમાં છરી ઉપર મરણ જનારનું લોહી મળી આવેલ નથી. પુરાવા અધિનિયમ ૨૭ નું પંચનામું ત.ક.શ્રી દ્બારા યો્ગ્ય રીતના પુરવાર કરેલ નથી. બાયોલોજીકલ તથા સીરોલોજીકલ પૃથ્થકરણમાં ક્રિમ કલર જેવા આખી બાયની ટીશર્ટ ઉપર ઓ ગૃપનું રુધિર જુથ મળી આવેલ છે જે આરોપી સોહેબઉર્ફે ભાણાનું રુદીર જુથ છે. ટીશર્ટ ઉપર ઓ ગૃપનું રુધિર જુથ કેવા સંજોગોમાં આવેલ છે તેનો ખુલાસો ફરિયાદ પક્ષ કરી શકેલ નથી. આરોપી સોએબ ઉર્ફે ભાણા મલેકના પેન્ટમાંથી જે સફેદ કલરનો હાથ રુમાલ તેમજ પીળા જેવા કલરની ટીશર્ટ તેમજ પેન્ટ કબજે કરવામાં આવેલ જેમાં ઓ રુધીર જુથ આરોપીનું છે આ બાબતે ત.ક.અ.શ્રીની જુબાનીથી ફરિયાદ પક્ષ આરોપીને થયેલ ઇજા પુરવાર કરી શકેલ નથી. આંક–૭૦ તથા આંક–૭૧ ના દસ્તાવેજો કે જે ઉલટ તપાસમાં રીફર થયેલા છે તે જોતાં આરોપી નં.૧ ને ઇજા થયેલાનું જણાઇ આવે છે. આરોપીઓના કોઇ કપડાં ઉપર મરણ જનારનું બ્લડ ગૃપ મેચ થયેલ નથી. આરોપી નં.૧ ને થયેલ ઇજાનું ફરિયાદ પક્ષે કોઇ ખુલાસો કરેલ ન હોય તે સંજોગોમાં ફરિયાદ પક્ષનો કેસ

શંકાસ્પદ બને છે. વધુમાં, આ કામે સાહેદ નં.૧૫ ધૃવરાજ રાજેન્દ્રસિંહ ગોહેલને આંક–૭૩ થી તપાસેલા છે. આ ગુનાની તપાસ પી.એસ.આઇ.શ્રી એલ.ડી.ગમારા કરતા હતા. આ સાહેદ રજા ઉપરથી પરત આવતા સદર ગુનાની તપાસ પી.એસ.આઇ.શ્રી ગમારાએ આ સાહેદને સોંપેલી. આ સાહેદે આરોપી મહંમદસોએબ ઉર્ફે ભાંણો તથા મુસ્તુફામીયાં ઉર્ફે બાબુલભાઇના નિવેદન લીધેલા અને મુદ્દામાલ કબજે કરી તે અંગેનું મુદ્દામાલનું પંચનામું કરી પાવતી ફાડેલી. તપાસના કામે નકશો આવતા ગુનાના કામે સામેલ રાખેલ અને એફ.એસ.એલ.તરફથી તપાસણી થયેલ મુદ્દામાલનો અહેવાલ આવતા ચાર્જસીટમાં રાખેલ અને આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા ચાર્જસીટ કરેલ છે. આ સાહેદની જુબાની દરમ્યાન આંક–૭૪ થી આંક–૮૪ સુધીના દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે. આ સાહેદની ઉલટ તપાસ જોતાં ચાર્જસીટ કરનાર પોલિસ અધિકારી છે. આ કામે સાહેદોના ૧૬૪ મુજબના નિવેદનો રેકર્ડ ઉપર આવેલા નથી. આ સાહેદ કેસઅસરફ યુનીસમહંમદ મલેક બનાવના નજરે જોનાર સાહેદ હતા તે બાબત કબુલ રાખેલ છે તેમજ આ કામની તપાસ સંભાળ્યા બાદ બનાવ વાળી જગ્યાની કોઇ મુલાકાત લીધેલ નથી. આ સાહેદે કોઇ સાહેદોના નિવેદનો લીધેલા નથી. સદરહુ કામે બનાવ નજરે જોવા બાબતે માત્ર ફરિયાદીને જ તપાસવસમાં આવેલ છે. બનાવ વાળી જગ્યાએ સ્વતંત્ર સાહેદો મળી આવે તેમ છતાં ફરિયાદ પક્ષે ફરિયાદી સિવાય કોઇ સાહેદોને બનાવ સમયે આજુબાજુના સાહેદોને ત.ક.અ.શ્રી દ્વારા નિવેદનો લેવામાં આવેલ નથી કે ફરિયાદ પક્ષ દ્વારા સ્વતંત્ર સાહેદનોને તપાસવામાં આવેલ નથી. ફરિયાદ પક્ષ દ્વારા ફરિયાદી કે જે નજરે જોનાર સાહેદ કે આરોપીઓના કોઇ મોબાઇલ કોલ ડીટેઇલ મેળવવામાં આવેલ નથી. સદર કામે ઇન્કવેસ્ટ પંચનામું કે પી.એમ.રીપોર્ટની ઇજાઓની સંખ્યા બાબતે ફરિયાદ પક્ષનો કેસ વિરોધાભાસ ઉભો કરે છે. મરણ જનારને થયેલ એક ઇજા મૃત્યુ નિપજાવે તેવી હતી. મરણ જનારને તે ઇજા સિવાયની અન્ય ઇજાઓ મૃત્યુ નિપજાવે તેવી ન હોય તો પણ ફરિયાદ પક્ષનો પુરાવો જો માનવામાં આવે તો કહેવાતો બનાવ સડન ઇવોગ્રેશનમાં બનાવ પામેલ છે જેથી સદરહુ કામે ઇ.પી.કોડ કલમ–૩૦૨ ના તત્વો ફરિયાદ પક્ષે નિશંકપણે પુરવાર કરેલ નથી. સદરહુ કામે ફરિયાદી તેમજ પાછળથી આવેલ સાહેદ તથા અન્ય સાહેદોની ઉલટ તપાસ જોવામાં આવે તો આરોપી નં.૧ દ્વારા મરણ જનારને ઇજા કરવામાં આવેલ હોય તેવું નિશંકપણે તપાસેલા સાહેદોથી પુરવાર થયેલ નથી. સદરહુ બનાવ સમયે ઇજા પામનાર ટોળામાં વચ્ચે હતા તેવું પણ ઉલટ તપાસમાં સાહેદો દ્વારા રેકર્ડ ઉપર આવેલ હોય તેમજ આરોપી નં.૨નાઓનો ગલ્લો બનાવના

સ્થળે નજીકમાં આવેલ હોય તે જ રીતના ફરિયાદી તેમજ ઈજા પામનારને કહેવાતા બનાવ અગાઉ કોઈ દુશ્મની હોય તેવી હકિકત રેકર્ડ ઉપર આવેલ ન હોય સદરહુ કામે બનાવ સ્થળેથી સ્વતંત્ર સાહેદો મળે તેવા સંજોગો હોય, બનાવ સ્થળે સી.સી.કેમેરા આવેલા હોય તેમજ ફરિયાદ પક્ષ દ્વારા મરણ જનાર કયા રસ્તે આવેલ છે. આરોપી નં.૧ તથા મરણ જનારનાઓના બાઈક અથડાવવાની જગ્યા પણ અલગ અલગ હોય, આ કામે મરણ જનારના પહેરેલ કપડાં ઉપર શર્ટ તેમજ જીન્સના પેન્ટ ઉપર કોઈ કટ માર્ક ન હોય અને ઉપરોકત ઈજાઓ થવાના કારણે કટ માર્ક સંભવી શકે તેવું મેડીકલ ઓફિસરે કબુલ રાખેલ હોય તેમજ ચોક્કસ રુધિર જુથ અંગેનો પુરાવો પણ ફરિયાદપક્ષ રેકર્ડ ઉપર લાવવામાં નિષ્ફળ નિવેડલ હોય, મુદ્દામાલ હથિયર ચપ્પાથી જ કહેવાતી ઈજા થઈ શકે તે બાબતે મેડીકલ એવીડન્સ જોવામાં આવે તો ફરિયાદ પક્ષનો કેસ શંકા ઉપજાવે તેવો છે. આ કામના તમામ સાહેદોની ઉલટ તપાસ જોવામાં આવે તો, તેઓ વાવડી મહોલ્લાના રહેવાસિ છે. જયારે સદર કામે કહેવાતો બનાવ ભોભા ફળીયા ખાતે બનેલ છે. સદરહુ કામે મરણ જનાર તથા તેમની સાથેના કહેવાતા સાથેના સાહેદો એક સાથે વાવડી મહોલ્લા ખાતેથી બાઈક ઉપરથી નિકળેલ હોય તે બાબત પણ ફરિયાદ પક્ષે નિશંકપણે પુરવાર કરેલ ન હોય પ્રથમ સારવાર કરનાર ડૉ.શ્રીને પણ ફરિયાદપક્ષે તપાસેલ ન હોય તેમજ ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૨૭ મુજબનું પંચનામું પણ નામદાર સુપ્રિમ કોર્ટના જજમેન્ટ મુજબ પુરવાર કરેલ ન હોય તે સંજોગોમાં ફરિયાદ પક્ષનો કેસ ફરિયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરી શકેલ નથી. જયારે આરોપીઓએ ઉલટ તપાસથી  તથા તેઓના સી.આર.પી.સી. ૩૧૩ ના નિવેદનથી પોતાનો બચાવ પુરવાર કરેલ છે. સદરહુ કામે ફરિયાદ પક્ષે નિશંકપણે આરોપીઓ સામેનું તહોમતનામું પુરવાર કરવું જોઈએ તેવી કાયદાકીય જોગવાઈ હોવા છતાં ફરિયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરી શકેલ નથી. સદરહય કામે મહે.જિલ્લા મેજી.શ્રીનું જાહેરનામું અમલમાં હતું તે બાબતે તેમજ ઈ.પી.કોડ કલમ–૫૦૪,૫૦૬(૨) ના તત્વો પણ ફરિયાદ પક્ષે પુરવાર કરેલા નથી. બનાવનો ચોક્કસ સમય ફરિયાદ પક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી તેનો લાભ આરોપીનઓ મળવા પાત્ર છે. પાછળથી પ્લાન કરેલ વિટનેશ હોય ફરિયાદ પક્ષ પોતાનો કેસ નિશંકપણે પુરવાર કરી શકેલ નથી. પુરાવા અધિનિયમ કલમ ૨૭ ના પંચનામાવાળી જગ્યા કોની માલિકીની હતી તે ફરિયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી તેમજ પુરાવા અધિનિયમની કલમ ૨૭ ના પંચનામાના સાહેદોએ પણ ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી. તેમજ આ કામે ફરિયાદી તથા જે સાહેદો તપાસેલા છે તે હિત ધરાવનાર સાહેદો છે. સાહેદોના

ક્રિ.પ્રો.કોડ કલમ ૧૬૪ ના નિવેદનો બાબતે પણ ફરિયાદ પક્ષ કોઇ હકિકતો રેકર્ડ ઉપર લાવવામાં નિષ્ફળ નિવડેલમ હોય તે તમામ મુદ્દાઓ ધ્યાને રાખી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૯) આ કામે બંને પક્ષકારો તરફે થયેલ રજુઆત તથા રજુ થયેલ રેકર્ડ પુરાવાઓ ધ્યાને લેતા કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયા છે.

**<u>// મુ દ્દ દા ઓ //</u>**

**મુદા નં–૧** શુ ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે કે આરોપીઓએ તારીખ.૯/૧/૨૦૨૩ ના રોજ ક.૨૧/૩૦ વાગે બોરસદ,ભોભા ફળી,મદ્રેસા પાસે ફરીયાદી અને સાહેદ મરણ જનાર શહેબાઝ મલેક અને કેશ અશરફ મલેકનાઓ હીરો હોન્ડા સ્પ્લેન્ડર મોટરસાયકલ નં.જી.જે.૨૩.એલ.૫૫૭૨ ઉપર બેસી ચલાવી લઈને જઈ રહેલ હતા તે વખતે આરોપી મહમંદ સોહેબ ઉર્ફે ભાણો મલેક પોતાના પાસેની પલ્સર મોટરસાયકલ નં. જી.જે.૨૩.એ.એમ. ૯૮૨૨ નુ ચલાવી લઈ આવી ફરીયાદી તથા સાહેદ બોરસદ જઈ રહેલ હતા ત્યારે પાછળથી અથડાવી દેતા મરણ જનાર શહેબાઝ મલેકે આરોપી નં.૧ મહંમદસોહેબ ઉર્ફે ભાણાને મોટરસાયકલ જોઈને ચલાવવાનુ કહેતા આરોપી નં.૧ એ ગુસ્સે જઈ ફરીયાદી અને સાહેદોને ગમે તેમ બીભત્સ ગાળો બોલી તથા આરોપી નંબર–૨ મુસ્તુફામીયા ઉર્ફે બાબુલભાઈ મલેક,આરોપી નં.૧ નુ ઉપરાણુ લઈ આવી ફરીયાદી તથા સાહેદોને બીભત્સ ગાળો બોલી,જાનથી મારી નાંખવાની ધમકી આપી,બોલાચાલી કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪,૫૦૬(૨) ની સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

**મુદા નં.–૨** શુ ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે કે ઉપરોકત

તારીખે,સમયે અને સ્થળે આરોપી નં.ર મુસ્તુફામીયા ઉર્ફે બાબુલભાઈ મલેક મરણ જનાર શહેબાઝને પકડી રાખી,આરોપી નં.૧ મહમંદ સોહેબ ઉર્ફે ભાણાનાઓ પોતાની પાસેની છરી મરણ જનાર શહેબાઝને શરીરે જમણી બાજુ પેટ નીચે તથા જમણા પગની સાથળ ઉપર ગુપ્ત ભાગ નજીક મારી,ગંભીર ઈજા પહોચાતી મોત નિપજાવી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ ની સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

**મુદા નં.–૩** શુ ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે કે ઉપરોકત તારીખે,સમયે અને સ્થળે આરોપીઓએ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, આણંદના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ધી બોમ્બે પોલીસ એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

**મુદા નં.–૪** શુ આખરી હુકમ ?

**(૧૦)** ઉપરોકત મુદાઓનો મારો આખરી નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમા.

ર. અંશત: હકારમા આરોપી નં.૧ પુરતુ.

૩. અંશત: હકારમાં આરોપી નં.૧ પુરતુ.

૪. આખરી હુકમ મુજબ.

**(૧૧)** આ કામે બંને પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓની મૌખીક, લેખીત રજુઆત તથા રજુ થયેલ રેકર્ડનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં ઉપરોકત મુદાઓના નિર્ણયના કારણો નીચે મુજબ રહેલા છે.

**// કા ર ણો. //**

**(૧૨)** સદર કામે આરોપીઓ વિરુઘ્ઘ આંક–૦૬ થી ભારતીય દંડ સહીતાની કલમ–૩૦૨,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના

શિક્ષાપાત્ર ગુના સબબ તહોમતનામુ ફરમાવેલ છે.આપણી ફોજદારી ન્યાય પધ્ધતિ મુજબ ફરીયાદપક્ષે યોગ્ય પુરાવો રજુ કરી આરોપી સામે મુકવામા આવેલ તહોમત નિ:શંકપણે પુરવાર કરવાના હોય છે.ખાસ અપવાદરૂપ સંજોગોંમા કેસ પડતો હોય, તે સિવાય બચાવપક્ષે પોતાની નિર્દોષતા પુરવાર કરવા માટે પુરાવો રજુ કરવાની આવશ્યકતા રહેતી નથી. ફરીયાદપક્ષના પુરાવામાં શંકા ઉભી થઈ શકે, તેવી હકીકત ફરીયાદપક્ષંના સાહેદોની ઉલટતપાસમાં તથા રજૂ થયેલા પુરાવામાં બચાવપક્ષ લાવી શકે તે તેઓને માટે પુરતુ છે.આ કામે ફરીયાદપક્ષે નીચે મુજબનો પુરાવો પોતાના કેસના સમર્થનમા રજુ કરેલ છે.

**(૧૩)** સદર કામે આરોપીઓ વિરુધ્ધનો ગુનો પુરવાર કરવા માટે ફરી.પક્ષે સાહેદ નં.૧ તરીકે **પંચ સાહેદ સમીરોદીન સબીરુદીન મલેકને આંક–૧૧ થી** તપાસવામા આવેલા છે તેઓ સોગંદ ઉપરના પુરાવામા જણાવે છે કે,તેમને તા.૧૦/૦૧/૨૦૨૩ ના રોજ પોલીસે કરમસદ મેડીકલ હોસ્પિટલમાં આશરે સાડા અગ્યાર વાગે બોલાવેલો. પોલીસે તેમને એક લાશ બતાવવા માટે બોલાવેલો. જે લાશ સહેબાઝ સબુરુદીન મલેકનાઓની હતી. જે લાશ પોસ્ટ મોટમ રુમમાં પડેલ હતી. જે લાશ સદર સાહેદે ઓળખી બતાવેલી. સદર સાહેદે લાશ ઉપર જાંગના ભાગે પેટની નીચે તથા પગની આંગળીઓ ઉપર ઈજાના ચિહનો જોયેલા.ત્યારબાદ તે બાબતે એક લખાણ કરેલ હતુ તે લખાણમાં પોતાની સહી કરેલી અને ત્યારબાદ સદર સાહેદ બહાર આવી ગયેલો. તેમને ઈન્કવેસ્ટ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચ નં.૧ તરીકે પોતાની સહી છે જે ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક –૧૨ આપવામાં આવે છે.

ત્યારબાદ પોલીસે તેમને ફરીવાર તા.૧૧/૦૧/૨૦૨૩ ના રોજ બોરસદ ટાઉન પો.સ્ટે લગભગ સાડા ત્રણ થી પોણા ચારના અરસામાં બોલાવેલા ત્યાં આગળ બાઈકનુ પંચનામુ કરવાનુ હતુ જેથી તેમને બોલાવેલો. ત્યાં આગળ એક કાળા કલરનુ પલ્સર મોટર સાયકલ જેનો નંબર તેમને યાદ નથી તે હતુ. તે બાઈક નીયાઝે પો.સ્ટેમાં રજુ કરેલુ. જે જમા લેવામાં આવેલી. આ અંગે લખાણ તૈયાર

કરવામાં આવેલુ જેમાં પોતે પંચ તરીકે સહી કરેલી. તેમને મોટરસાયકલનુ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચ નં.૧ તરીકે પોતાની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે જેને રજુ દાખલ આંક– ૧૩ આપવામાં આવે છે.

સદર પંચ સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરવામા આવેલ છે જેમા તેઓ જણાવે છે કે આ કામના ગુજરનાર તેમના સગા થાય છે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે પંચનામા માં સહી કરી તે પહેલા ગુજરનાર સહેબાઝ સાથે શુ બનાવ બનેલ તેની તેમને જાણકારી હતી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે સહેબાઝને કરમસદ હોસ્પિટલ લઈ ગયેલાનુ તેમણે જાણેલુ.એ હકીકતનો સ્વીકાર કરે છે કે જે રાત્રીએ સહેબાઝને કરમસદ લઈ ગયેલા ત્યારે સદર સાહેદ કરમસદ હોસ્પિટલ ગયેલો. એ હકીકતનો ઈન્કાર કરે છે કે સહેબાઝની કરમસદ હોસ્પિટલમાં સારવાર થયેલી. એ હકીકતનો પણ ઈન્કાર કરે છે કે તેઓ હોસ્પિટલ ગયો ત્યારે સહેબાઝનો ભાઈ ત્યાં હોસ્પિટલમાં હાજર હતો. એ હકીકતનો ઈન્કાર કરે છે કે સદર સાહેદ સહેબાઝના ભાઈના કહેવાથી પંચ તરીકે રહેલોએ હકીકતનો સ્વીકાર કરે છે કે તેઓએ સરતપાસમાં જણાવેલ સીવાયની બીજી કોઈ ઈજા લાશ ઉપર જોયેલ નહી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે જે જગ્યાએ ઈજાઓ થયેલી તે જગ્યાએ સારવારની પટ્ટીઓ લગાડેલ હતી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે અમોને જયારે પી.એમ રુમમાં બોલાવવામાં આવેલ ત્યારે લાશ ઉપર કપડુ ઓઢાડેલ હતુ. એ વાત ખરી નથી કે મે લાશ તથા તેના ઉપર ઈજાઓ જોયેલ હોવાનુ ખોટુ જણાવુ છુ. એ વાત ખરી છે કે પંચનામુ કરતા સમયે પોલીસ અધિકારી સીવાય અન્ય કોઈ સરકારી અધિકારી હાજર હોય તેવુ બનેલ નથી. એ હકીકતનો ઈન્કાર કરે છે ક સદર સાહેદ બોલતો હોય અને પોલીસ લખાણ કરતી હોય તેવુ બનેલ નથી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે મરણ જનાર મારા સગા થતા હોય જેથી સદર સાહેદે લાશ જોયેલ નહી હોવા છતાં ખોટી જુબાની આપેછે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેમને તા.૧૧/૦૧ /૨૦૨૩ ના રોજ પંચ તરીકે બોલાવેલ નહી અને પોતાની હાજરીમાં આંક–૧૩ વાળુ કોઈ પંચનામુ થયેલ નથી. તેમને બીજી વાર પંચમાં રહેવા માટે ફોનથી બોલાવેલા.

એ હકીકતનો સ્વીકાર કરે છે કે પ્રથમ પંચનામા વખતે જયારે સહી કરેલી ત્યારે પોલીસે કહેલ કે બીજી વાર જરુર પડશે ત્યારે બોલાવીશુ. એ હકીકતનો ઈન્કાર કરે છે કે સદર સાહેદ તારીખ.૧૧/૦૧/૨૦૨૩ ના રોજ બીજી વાર પોલીસ સ્ટેશને પહોંચ્યો ત્યારે મોટર સાયકલ પો.સ્ટેમાં પડેલ હતુ. એ હકીકતનો સ્વીકાર કરે છે કે મોટર સાયકલનુ પંચનામુ કરતા સમયે પોલીસ સીવાય અન્ય કોઈ સરકારી કર્મચારી હાજર ન હતા. એ હકીકતનો પણ સ્વીકાર કરે છે કે પોતાની હાજરીમાં પોલીસે મોટર સાયકલના ફોટા લીધેલ નહી.

**(૧૩/૧)** ત્યારબાદ ફરી.પક્ષે સાહેદ નં.ર તરીકે **ડો.અરીજીત દત્તાને આંક-૧પ થી** તપાસવામા આવેલા છે. તેઓ સોગંદ ઉપરના પુરાવામા જણાવે છે કે તેઓ ડિસે-૨૦૨૧ થી પ્રમુખ સ્વામી મેડીકલ કોલેજ શ્રીકૃષ્ણ હોસ્પિટલ ખાતે મેડિસીન્સ અને ટોક્સિકોલોજી વિભાગમાં એશોશિયેટ પ્રોફેશર તરીકે ફરજ બજાવુ છુ. એમ.ડી. ફોરેન્સીક મેડીસીન અને ટોક્સીકોલોજીની ડિગ્રી ધરાવુ છુ. ગઈ તા.૧૦/૦૧/૨૦૨૩ ના રોજ હુ મારી ફરજ ઉપર હાજર હતો ત્યારે બોરસદ ટાઉન પો.સ્ટેના પી.આઈ.શ્રી એલ.ડી.ગમારા નાઓની લેખીત યાદી સાથે શહેબાદ સમીરોદ્દીન મલેકની લાશ પી.એમ. થવા સારૂ બપોરના ૧૨/૩૦ કલાકે મારી સમક્ષ લાવવામાં આવેલ જે લાશનુ મે તથા મારી સાથેના પેનલ ડોક્ટર સૃષ્ટી શુક્લા તેમજ ડો.દર્શન ગલુડીયા નાઓએ તે જ દિવસે કલાક ૧૨/૩પ વાગે પી.એમ શરૂ કરી તે જ દિવસે બપોરના ૦૧/પપ વાગે પી.એમ પુરૂ કરેલુ.સદર લાશનું બાહ્ય પરીક્ષણ કરતાં સદર લાશ એક ૨૨ વર્ષના આસરાના પુરૂષની હતી જેના ઉપર સફેદ કલરની ચાદર ઓઢાળેલ હતી અને તેના શરીરે કોઈ કપડા પહેરેલા નહતા તથા ગળા ઉપર એક કાળા કલરનો દોરો હતો જેમાં એક કપડાનુ તાવીઝ હાજર હતુ. સદર લાશ ઓલખાયેલી હતી. સદર લાશનુ બંધારણ જોતા સામાન્ય હતુ અને રૂમના તાપમાન જેટલુ તેનુ તાપમાન હતુ. સદર લાશ ઉપર શરીરના તમામ મસલ્સ ઉપર રીગરમોર્ટીશ પુર્ણ વિકસીત હતી. સદર લાશ ઉપર દબાણ સિવાયના ભાગ ઉપર પર્પલીશ રેડ કલરની પી.એમ. લીવીડીટી જોવા મળેલી. સદર લાશ ઉપર જોતાં આંખ અર્ધ ખુલ્લી હતી તથા કન્જક્ટીવ આંખ ફીકી પડેલી હતી તેમજ કીકી પહોળી થયેલી હતી તેમજ કોર્નિયા આંશિક ધુંધળુ થઈ ગયેલુ હતુ, મોઢુ અર્ધ

ખુલ્લુ હતુ અને જીભ મોઢાની અંદર હતી. બંને હાથ ઉપર તેમજ સુકાયેલા લોહીના નિશાન મળી આવેલા, ગુપ્ત ભાગ ઉપર કોઈ ઈજા નહતી.લાશ ઉપર નીચે મુજબની બાહ્ય ઈજા જોવા મળેલી.(૧).જમણી સાથળના ઉપરના ૧/૩ ભાગ ઉપર આગળની બાજુ ૨*૦.૫*૩ સે.મી.નું ભોંકાયેલો ઘા હતો જે ઈલિક્ટ્રીકલ આકારનો અને ત્રાંસો હતો જેનો મીડીયલ એન્ડ ઘા ના નીચેના ભાગ તરફ હતો અને લેટરલ એન્ડ ઘા ની ઉપરના ભાગે હતો.જે મીડીયલ એન્ડ પ્યુબીકસીન્ફાયસીસથી ૭.૫ સે.મી. બહારની બાજુ હતો અને જે પગના ઘુંટીથી ૮૨.૫ સે.મી. ઉપર આવેલો હતો અને લેટરલ એન્ડ પ્યુબીકસીન્ફાયસીસથી ૯ સે.મી. બહારની બાજુએ જે પગના ઘુંટીથી ૮૪ સે.મી. ઉપર આવેલો હતો. જે મીડીયલ એન્ડની ધારો કન્ટ્યુજડ જોવા મળેલી અને તે ભાગે ચામડીની અંદર સુપરફેસીયલફેસીયા,ડીપફેસીયા, ટ્રાન્સવાસલીશનાઓ તીક્ષ્ણ રીતે કપાયેલા હતા અને ફીમોરલ આર્ટરી પણ તીક્ષ્ણ રીતે કપાયેલી હતી. ભોંકાયેલ ઘા ની આસપાસની ફેસીયોમાં લોહી જોવા મળેલુ. ઉપરોક્ત મીડીયલ એન્ડ અને લેટરલ એન્ડ વચ્ચેનો ખુણો એક્યુટ જોવા મળેલો. (૨). ડાબા હાથની મીડલ ફીંગરના મુળમાં પાછળની બાજુ ૦.૮*૦.૫ સે.મી નુ લાલ કલરનુ એબ્રેજન જોવા મળેલુ.(૩)ડાબા હાથની રીંગ ફીંગરના મુળમાં પાછળની બાજુ ૧*૦.૫ સે.મી નુ લાલ કલરનુ એબ્રેજન જોવા મળેલુ.(૪).ડાબા પગની અંગુઠાના ઉપરના ભાગે ૪*૨.૫ સે.મી. ચામડી સુધી ઉંડો લાલ કલરનો લેશરેશન જોવા મળેલુ.(૫). ડાબા પગની બીજી આંગળીના ઉપરના ભાગે ૪*૨ સે.મી. ચામડી સુધી ઉંડો લાલ કલરનો લેશરેશન જોવા મળેલુ.(૬)ડાબા પગની ત્રીજી આંગળીના ઉપરના ભાગે ૪*૨ સે.મી. ચામડી સુધી ઉંડો લાલ કલરનો લેશરેશન જોવા મળેલુ.(૭). ડાબા પગની ચોથી આંગળીના ઉપરના ભાગે ૩*૧.૫ સે.મી. ચામડી સુધી ઉંડો લાલ કલરનો લેશરેશન જોવા મળેલુ.(૮)ડાબા પગની પાંચમી આંગળીના ઉપરના ભાગે ૧.૫*૦.૮ સે.મી.ચામડી સુધી ઉંડો લાલ કલરનો લેશરેશન જોવા મળેલુ.(૯).જમણા પગના અંગુઠા ઉપર ઉપરના ભાગે ૪*૨.૭ સે.મી. ચામડી સુધી ઉંડો લાલ કલરનો લેશરેશન જોવા મળેલુ. (૧૦).જમણા પગની બીજી આંગળી ઉપર ઉપરના ભાગે ૪*૧.૫ સે.મી. ચામડી સુધી ઉંડો લાલ કલરનો લેશરેશન જોવા મળેલુ.(૧૧).જમણા પગની ત્રીજી આંગળી ઉપર ઉપરના ભાગે ૪*૧.૫ સે.મી.ચામડી સુધી ઉંડો લાલ કલરનો લેશરેશન જોવા મળેલુ.(૧૨).જમણા પગની ચોથી આંગળી ઉપર ઉપરના ભાગે ૪*૨ સે.મી. ચામડી સુધી ઉંડો લાલ કલરનો લેશરેશન જોવા મળેલુ. (૧૩).જમણા પગની પીંડીના ભાગે ૬*૪ સે.મી. નો ઉજરડો જે ફીક્કો પડી ગયેલો

હતો.

ઉપરોક્ત ઈજાઓ પૈકી ઈજા નં. ૧ થી ૧૨ મૃત્યુ પહેલાની હતી અને નં.૧૩ વાળી ઈજા મ્રુત્યુ બાદની હતી.સદર શબ ઉપર આંતરીક પરીક્ષણ કરતા નીચે મુજબની હકીકત જોવા મળેલી.(૧) સદર શબનું મગજનો ભાગ ફીક્કો પડી ગયેલો હતો. બંને ફેફ્સાઓ ફીક્કા પડી ગયેલા હતા.હ્રદય ફીક્કુ હતુ અને હ્રદય માં લોહીની હાજરી મળી આવેલ નહી. હોજરીમાં આશરે ૨૦૦ મી.લી. જેટલુ અર્ધ પચેલ ખોરાક મળી આવેલો જેમાંથી કોઈપણ પ્રકારની અસ્વભાવિક ગંધ આવતી નહતી તેમજ મ્યુકોસાર ફીક્કુ પડી ગયેલુ હતુ, નાના તથા મોટા આંતરડામાં ગેસ તથા મળ પદાર્થ હાજર હતો. લીવર, પીત્તાસય, અધિવૃક, બરોડ, કિડની નાઓ ફીક્કા પડી ગયેલા હતા અને પેશાબની કોથળી ખાલી હતી, ગુપ્તભાગ ઉપર કોઈ ઈજા ન હતી, લાશ ઉપરથી બંને હાથના નખ તથા લોહી વધુ તપાસ અર્થે લેવામાં આવેલ અને તેને શીલબંધકરી ત.ક.અ ને સુપરત કરેલ. મારા અભિપ્રાય મુજબ જમણી બાજુ ફેમોરલ આર્ટરી ઉપર તીક્ષ્ણ વસ્તુના બળથી ઈજા થવાના કારણે અને તેના પરીણામ સ્વરૂપે હેમરેજીક શોક થવાથી મૃત્યુ થયેલુ.

તેમને તથા સાથેના પેનલ ડોક્ટરોએ સદર પી.એમ બાબતે પી.એમ રીપોર્ટ તૈયાર કરેલો અને લાશ ઉપર જે જગ્યાએ ઈજાઓ હતી તે દર્શાવતો સ્કેચ તૈયાર કરેલો તેમજ મૃત્યુનુ કારણ દર્શાવતુ પ્રમાણપત્ર તૈયાર કરેલુ અને તે ત.ક.અમલદારશ્રીને સુપરત કરેલુ.પી.એમ રીપોર્ટના કોલમ નં.૧૭ માં ઈજા નં.૧ દર્શાવેલી છે તે છરી જેવા તીક્ષ્ણ હથિયારથી સંભવી શકે તેમ છે. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૧૫ કે જે એક પારદર્શક પ્લાસ્ટીકના બોક્ષમાં શીલબંધ હાલતમાં છે તેને નામ.કોર્ટની પરવાનગીથી ખોલીને જોતાં તેમાંથી એક છરી નીકળેલી છે તે જોઈને કહુ છુ કે આ છરી વડે મરણજનારનું કોલમ નં.૧૭/૧ વાળી ઈજા થઈ શકે અને તેવી ઈજા મૃત્યુ નીપજવા માટે પુરતી છે.તેમને પી.એમ.માટેની યાદી બતાવવામાં આવે છે જે પી.એમ કરવા માટેનું પોલીસ ઈન્સ.શ્રી બોરસદ ટાઉન પો.સ્ટેની યાદી છે જે મને મળેલી જે સ્વીકાર્યા બદલ મે શેરો કરી સહી કરેલી જે સહી હુ ઓળખી બતાવુ છુ જેને ૨.દા.આંક–૧૬ આપવામાં આવે છે.તેમને પી.એમ નોટ તથા સ્કેચ બતાવવામાં આવે છે જે મે તથા મારી સાથેના પેનલ ડોક્ટરોએ તૈયાર કરેલ જેમાં મારી તથા મારી સાથેના પેનલ ડોક્ટરોની સહી તથા હોદ્દાના સિક્કા છે જેને ઓળખી બતાવુ છુ જેને ર.દા.આંક–૧૭ આપવામાં આવે છે.સદર તેમને કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ બતાવવામાં આવે છે જે મે તથા મારી સાથેના પેનલ ડોક્ટરોએ તૈયાર કરેલ જેમાં મારી તથા મારી સાથેના પેનલ ડોક્ટરોની સહી તથા હોદ્દાના

સિક્કા છે જેને ઓળખી બતાવુ છુ જેને ર.દા.આંક–૧૮ આપવામાં આવે છે.

સદર સાહેદની બચાવપક્ષે ટ્રાન્સફરી વકીલશ્રી ધ્વારા **ઉલટતપાસ** કરવામા આવેલ છે જેમા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે મને યાદી સાથે મરણોત્તર ફોર્મ તથા ઈન્કવેસ્ટ પંચનામુ મળેલુ. એ હકીકતનો સ્વીકાર કરે છે કે મને ગુજરાતી આવડતુ નથી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે મરણોત્તર ફોર્મ તથા ઈન્કવેસ્ટ પંચનામુ પોલીસ આવેલી તેમણે વાંચીને સંભળાવેલુ. એ હકીકતનો સ્વીકાર કરે છે કે ઈન્કવેસ્ટ પંચનામા કરતા મારા શબ પરીક્ષણ અહેવાલમાં ઈજાઓ વધુ છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે મે જે વ્યકિતનું શબ પરીક્ષણ કરેલુ તે ૨૨ વર્ષનો યુવાન હતો. એ હકીકતનો સ્વીકાર કરે છે કે મારા અહેવાલમાં જણાવ્યા સિવાયની મરણજનારને કોઈ વધારાની ઈજાઓ ન હતી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે મારા અહેવાલ મુજબ મરણજનારના શરીર ઉપર સ્ટેબ વુન્ડ, લેશરેશન અને એબ્રેજનની ઈજા હતી તે સિવાય અન્ય કોઈ ઈજા નહતી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે પી.એમની કાર્યવાહી અંગેની ફોટોગ્રાફી કે વિડીયોગ્રાફી કરવામાં આવેલ નથી.એ હકીકતનો ઈન્કાર કરે છે કે કોલમ નં.૧૭ માં દર્શાવેલ ઈજા કેટલી જુની હતી તે દર્શાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મે ઈજાનો રંગ દર્શાવેલ છે જેના આધારે ઈજા કેટલી જુની હતી તે જાણી શકાય. એ હકીકતનો ઈન્કાર કરે છે કે લેશરેશનમાં કન્ટ્યુજડ લેશરેશન, ઈનસાઈઝ લેશરેશન પણ હોઈ શકે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મે માત્ર લેશરેશન લખેલ છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે કોલમ નં.૧૭ ની ઈજા નં. ૨ થી ૧૨ ના કારણે કોઈપણ વ્યકિતનું મોત નીપજી શકે નહી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેઓએ પી.એમ લીવીડીટી, રીગરમોર્ટીશ અને પેટના અંદરના તત્વો વિશે અભિપ્રાય આપેલ છે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે આ ત્રણેય અભિપ્રાયના આધારે મરણજનારનુ મોત કેટલા સમય પહેલા થયેલુ તે જાણી શકાય. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે માત્ર પી.એમ. લીવીડીટી અને રીગરમોર્ટીશથી મૃત્યુ ક્યારે થયેલ તે જાણી શકાય. એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેમણે શબ પરીક્ષણ અહેવાલમાં મોત અંગેનો સંભવિત સમય દર્શાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે શબ પરીક્ષણ અહેવાલમાં મોત અંગેનો ચોક્કસ સમય દર્શાવવા માટે કોઈ કોલમ નથી.

એ હકીકતનો ઈન્કાર કરે છે કે કોઈ ચોક્કસ અલગ પ્રકારના તારણો જણાઈ આવતા હોય તો તેની નોંધ અલગ કાગળ ઉપર લખી શકાય.કોલમ નં.૧૭ ની ઈજા નં.૧ માં ઈજાનુ માપ દર્શાવેલ છે તેમાં ૨ સે.મી. લંબાઈ, ૦.૫ સે.મી. પહોળાઈ અને ૩ સે.મી. ઉંડાઈ એ રીતે દર્શાવેલ છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે કોઈપણ બાહ્ય ઈજા હોય તેને સુસંગત આંતરીક ઈજા હોય છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેમણે સ્ટેબ વુન્ડની જગ્યા અને સ્થિતી બાબતે પ્યુબીકસીન્ફાયસીસ અને મીડીયલ મેલ્યુલસનું રેફરન્સ લીધેલ છે.એ હકીકતનો સ્વીકાર કરે છે કે પ્યુબીકસીન્ફાયસીસ થી મીડીયલ મેલ્યુલસ વચ્ચેનું કેટલુ અંતર થાય તે મે મારા અભિપ્રાયમાં લખેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે પ્રેક્ટીકલી આ બંને વચ્ચેનુ અંતર માપી શકાય નહી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે ફીમોરલ બોનની ઉપર કેટલા અંતરે ફીમોરલ આર્ટરી આવેલ તે અંતર મે માપેલ નથી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે ફીમોરલ આર્ટરી કઈ દિશામાં કપાયેલ છે તેની વિગત મારા અહેવાલમાં દર્શાવેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે ઈજા નં.૧ માં ફીમોરલ આર્ટરી કટ થયેલ હોવાનુ દર્શાવેલ છે તે ઈજાના માર્જીન મે મારા અહેવાલમાં જણાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે જે પ્રમાણે ઈજા છે તે પ્રમાણે સાર્પ કટ માર્જીન હોઈ શકે.

લોહી બહાર નીકળી કેટલા ઘેરાવામાં ફેલાયેલુ તેની વિગત મે મારા અહેવાલમાં દર્શાવેલ નથી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે આંતરીક રક્તસ્ત્રાવ થાય તેને હિમેટોમા કહે છે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે સ્ટેબ વુન્ડમાં હથિયારની ધાર પ્રમાણે ઈજાની પેટર્ન અલગ અલગ હોઈ શકે. હુ નાઈટ્સ ફોરેન્સિક પેથોલોજી નામની ચોપડીનો રેફરન્સ તરીકે ઉપયોગ કરૂ છુ. સ્ટેબ વુન્ડનુ માપ લેવા માટે મે મેઝર ટેપ તથા પોઈન્ટેડ પ્રોબનો ઉપયોગ કરેલો. એ વાત હુ ચોક્કસપણે કહી શકુ નહી કે ઈજાની ઊંડાઈ માપવા માટે બ્લન્ટ પ્રોબનો ઉપયોગ કરવો પડે. હુ મુદ્દામાલ છરી જોઈને કહુ છુ કે આ છરી વડે ઈજા કરવામાં આવે તો ઈજાના એક બાજુના માર્જીન શાર્પ આવે અને બીજી બાજુના માર્જીન બ્લન્ટ આવે, તે હકીકત ખોટી છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે અભિપ્રાય આપતી વખતે પોલિસે મને મુદ્દામાલ છરી બતાવેલી નહી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે આ છરીની એક બાજુ શાર્પ છે અને બીજી બાજુ બ્લન્ટ છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે કોલમ નં.૧૭ ની ઈજા નં.૧ ના કારણે મરણજનારનું મોત થયેલાનું મે અભિપ્રાય આપેલ છે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે એબ્રેજનની થયેલ ઈજા રોડ અકસ્માતમાં ઘસરાવાથી

પણ થઈ શકે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે લેશરેશનની ઈજા રોડ અકસ્માતમાં ઘસરાવાથી થઈ શકે.એ હકીકતનો સ્વીકાર કરે છે કે સમય જતા ઈજાનો કલર બદલાતો રહે છે. એ વાત હુ ચોક્કસપણે કહી શકુ નહી કે ઈજા નં. ૨ થી ૧૨ વાળી ઈજા કોઈ હથિયાર વડે થયેલ નહતી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે ચપ્પુ અને છરી બે અલગ અલગ હથિયાર છે.એ હકીકતનો સ્વીકાર કરે છે કે અલગ અલગ હથિયારથી અલગ અલગ પ્રકારની ઈજા સંભવી શકે. એ વાત હાલ મને યાદ નથી કે પોલીસ યાદી જ્યારે મને મળી તેમાં કયા હથિયાર વડે ઈજા થયેલ અને શરીરના કયા ભાગ ઉપર ઈજા છે તેની વિગત તે યાદીમાં દર્શાવેલ.એ હકીકતનો સ્વીકાર કરે છે કે પોલીસે લાશ સાથે જે કાગળો મોકલ્યા તે કાગળો મને વાંચીને સંભળાવવામાં આવેલા.એ હકીકતનો સ્વીકાર કરે છે કે આંક–૧૬ વાળી યાદીમાં પેટ અને સાથળના વચ્ચેના ભાગે છરી વડે ઈજા કરી મોત નીપજાવેલ હોવાનુ દર્શાવેલ છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે ઈજા પામનારને ઈજા નં.૧ થયેલ તેવી ઈજા મુદ્દામાલ છરી સિવાય અન્ય તીક્ષ્ણ હથિયારથી પણ થી શકે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે પોલીસે જે કાગળો મોકલેલ અને તે મને વાંચીને સંભળાવેલ તેના આધારે ઈજા નં.૧ છરી વડે કરવામાં આવેલ હોવાનો અભિપ્રાય મે આપેલો. એ હકીકતનો સ્વીકાર કરે છે કે સામાન્ય રીતે ઈજા નં.૧ જેવી ઈજા પહોચાડવામાં આવે તો જે તે વ્યક્તિએ પહેરેલ કપડા કટ થાય ત્યારબાદ શરીર ઉપર ઈજા પહોંચે. શબ પરીક્ષણ કરતા પહેલા મરણજનાર નાઓનુ કોઈ જગ્યાએ સારવાર કરવામાં આવેલ કે કેમ તેની મે તપાસ કરેલી નહી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે કપડા કટ થવાથી કપડાનો ભાગ ઈજા થયેલ ભાગમાં પ્રવેશી શકે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે કોઈ વ્યક્તિ કોઈ ધારવાળી વસ્તુ ઉપર ફોર્સથી પડે અને પેટ અને સાથળના વચ્ચેના ભાગે તે ધારવાળા પદાર્થ વાગે તો ઈજા નં.૧ જેવી ઈજા સંભવી શકે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે સ્ટેબ વુન્ડ ઈન્જરીમાં હથિયાર ઉપર પણ લોહી આવવાની શક્યતા રહે છે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે ઈજા નં.૧ અકસ્માતથી પણ થઈ શકે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેમણે શબ પરીક્ષણ કર્યા વિના ઈન્કવેસ્ટ પંચનામા તથા મરણોત્તર ફોર્મના આધારે પી.એમ રીપોર્ટ તૈયાર કરી પોલીસને આપેલો. એ હકીકતનો ઈન્કાર કરે છે કે શબ પરીક્ષણ દરમ્યાન શબ ઉપરથી સેમ્પલ લીધેલાનું અને તેને એફ.એસ.એલમાં મોકલેલાનુ હુ

ખોટુ જણાવુ છુ. એ હકીકતનો ઈન્કાર કરે છે કે મુદ્દામાલ વાળી છરીથી ઈજા નં.૧ થયેલાનુ ખોટો અભિપ્રાય આપુ છુ.

**(૧૩/૨)** ત્યારબાદ ફરીયાદ પક્ષે સાહેદ નંબર.૩ તરીકે **પંચ સાહેદ અતાઉલ્લાખાન મનેવરખાન પઠાણને આંક–૨૧ થી** તપાસવામાં આવેલા છે. તેઓ સોગંદ પરના પુરાવામા જણાવે છે કે, તા.૧૦/૦૧/૨૦૨૩ નારોજ પોલીસે મને બોરસદ પોલીસ સ્ટેશને આશરે ચાર–પાંચ વાગે બોલાવેલો અને તે સમયે પોલીસે અમોને લોહીવાળા કપડા બતાવેલા. તે કપડા સોહેલ તથા તુફેલના હતા. તે કપડા પૈકી એક સફેદ કલરનો શર્ટ હતો, કાળા કલરનું પેન્ટ હતુ, વાદળી કલરનો શર્ટ હતો અને જીન્સનું ભૂરુ પેન્ટ હતુ. આ કપડા પોલીસે પેક કરી મુકી દીધેલ. કપડા સિવાય બીજુ કાંઈ કબ્જે કરેલ નહી. આ પંચનામામાં કોઈ વાહન બાબતે કંઈ થયુ હોય તેની મને ખબર નથી.તેમને ફરીયાદી તથા સાહેદના કપડાનુ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે જે ઓળખી બતાવુ છુ જેને ર.દા.આંક–૨૨ આપવામાં આવે છે.ઉપરોક્ત જણાવેલ કપડા મને બતાવવામાં આવે તો તે જોઈને ઓળખી શકુ.મને મુદ્દામાલ આર્ટીકલ નં.૧ કે જે શીલબંધ હાલતમાં છે જેને ના.કોર્ટની પરવાનગીથી ખોલીને જોતાં તેમાંથી લોહીના ડાઘાવાળી એક ટીશર્ટ નીકળેલી છે જે જોઈને કહુ છુ કે આ તે જ ટીશર્ટ છે જે પોલીસે કબ્જે લીધેલી અને તે ટીશર્ટ સાથેથી એક પંચસ્લીપ નીકળેલ છે જે મને બતાવવામાં આવે છે જેમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે જેને હુ ઓળખી બતાવુ છુ જેને ર.દા.આંક–૨૩ આપવામાં આવે છે.મને મુદ્દામાલ આર્ટીકલ નં.૨ કે જે શીલબંધ હાલતમાં છે જેને ના.કોર્ટની પરવાનગીથી ખોલીને જોતાં તેમાંથી એક કાળા કલરનું જીન્સનું પેન્ટ નીકળેલ છે જે જોઈને કહુ છુ કે આ તે જ પેન્ટ છે જે પોલીસે કબ્જે લીધેલુ અને તે પેન્ટ સાથેથી એક પંચસ્લીપ નીકળેલ છે જે મને બતાવવામાં આવે છે જેમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે જેને ઓળખી બતાવુ છુ જેને ર.દા.આંક–૨૪ આપવામાં આવે છે.મને મુદ્દામાલ આર્ટીકલ નં.૩ કે જે શીલબંધ હાલતમાં છે જેને ના.કોર્ટની પરવાનગીથી ખોલીને જોતાં તેમાંથી એક વાદળી જેવા પટ્ટાવાળી ટીશર્ટ નીકળેલ છે જે જોઈને કહુ છુ કે આ તે જ ટીશર્ટ છે જે પોલીસે કબ્જે લીધેલી અને તે ટીશર્ટ સાથેથી એક પંચસ્લીપ નીકળેલ છે જે મને બતાવવામાં આવે છે જેમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે જેને ઓળખી બતાવુ છુ જેને ર.દા.આંક–૨૫ આપવામાં આવે છે.મને મુદ્દામાલ આર્ટીકલ નં.૪ કે જે શીલબંધ હાલતમાં છે જેને ના.કોર્ટની

પરવાનગીથી ખોલીને જોતાં તેમાંથી એક ભુરા કલરનું લોહીના દાઘાવાળુ જીન્સનું પેન્ટ નીકળેલ છે જે જોઈને કહુ છુ કે આ તે જ પેન્ટ છે જે પોલીસે કબ્જે લીધેલુ અને તે પેન્ટ સાથેથી એક પંચસ્લીપ નીકળેલ છે જે મને બતાવવામાં આવે છે જેમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે જેને ઓળખી બતાવુ છુ જેને ર.દા.આંક–ર૬ આપવામાં આવે છે.એવુ બનેલુ નહી કે પંચનામા દરમ્યાન કોઈ વ્યક્તિએ કોઈ વાહન રજુ કરેલુ હોય અને તે વાહન આ પંચનામામાં કબ્જે કરવામાં આવેલ હોય.

સદર પંચ સાહેદને મુદામાલ વાહન કબજે કર્યા બાબતે સમર્થનકર્તા ન હોય હોસ્ટાઈલ જાહેર કરી સદર પંચ સાહેદ ફરી.પક્ષના વિ.સરકારી વકીલશ્રી ધ્વારા ઉલટતપપાસ કરતા તેમા તેઓ એ વાત ખરી છે કે આ પંચનામા દરમ્યાન કૈશઅશરફ યુનુસમહંમદ સફીમીયા મલેક, રહે– બોરસદ, વાવડી મહોલ્લા નાઓ બોરસદ પોસ્ટે હાજર હતા અને તેઓએ એક હિરો હોન્ડા સ્પ્લેન્ડર કંપનીનું પોલીસ પટ્ટાવાળુ મોટર સાયકલ કે જેનો રજી નં. જીજે ૨૩ એલ ૫૫૭૨ હતો તે મોટર સાયકલ ઉપર લોહીના ડાઘા હતા તે મોટર સાયકલ રજુ કરેલી તે પોલીસે તપાસ અર્થે કબ્જે કરેલી.

સદર પંચ સાહેદની બચાવપક્ષે **ઉલટતપાસ** કરવામા આવેલ છે જેમા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે ફરીયાદી સોએબમહંમદ વાવડી મહોલ્લામાં રહે છે. એ વાતની મને ખબર નથી કે સોએબમહંમદ અને શહેબાઝ મલેક અંદર અંદર કુટુંબી થાય છે. હુ રહુ છુ ત્યાથી બાટલા તળાવ ૫ થી ૧૦ મીનીટના અંતરે આવેલ છે. એ વાત ખરી છે કે શહેબાખ સાથે જે બનાવ બનેલ તેની જાણકારી હુ ગામમાં રહેતો હોવાથી પંચનામુ કર્યુ તે પહેલાથી હતી. હુ શબ્બીરૂદ્દીન કલાલુદ્દીન મલેકને ઓળખુ છુ અને તે મારા મિત્ર થાય છે અને ગુજ. શહેબાઝના પિતા થાય છે. એ વાત ખરી નથી કે પંચમાં રહેવા માટે શબ્બીરૂદ્દીનભાઈએ જણાવેલુ. એ વાત ખરી છે કે હુ મારા ઘરે હોય અને પોલીસે મારા ફોન પર ફોન કરી મને પોલીસ સ્ટેશને બોલાવેલ હોય તેવુ બનેલુ નહી.હુ મોઈન અશરફ મલેકને ઓળખુ છુ. હુ પોલીસ સ્ટેશને પહોચ્યો ત્યારે મોઈન અશરફ મલેક નાઓ પોલીસ સ્ટેશને આવેલ હતો. હુ પોલીસ સ્ટેશને પહોચ્યો ત્યારે સોહેલ તથા તુફેલ પો.સ્ટે. હાજર હતા. એ વાત ખરી નથી કે હુ પો.સ્ટે. ગયો ત્યારે મુદ્દામાલ કપડા પી.આઈ. ગમારા સાહેબના ટેબલ ઉપર પડેલા હતા. એ વાત ખરી નથી કે કોથળીમાંથી કાઢીને કપડા મને બતાવવામાં

આવેલા. એ વાતની મને ખ્યાલ નથી કે અમો પંચો તથા પોલીસ સિવાય કોઈ સરકારી કર્મચારી ત્યા હાજર હતો કે કેમ.એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેઓ બોલતો હોઉ અને પોલીસ પંચનામુ લખતી હોચ તેવુ બનેલુ નહી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે પોતે સહી કરીને નીકળી ગયા પછી મોઈનભાઈએ લખેલા કાગળમાં સહી કરેલી. એ વાતની મને ખબર નથી કે મોઈને મારી હાજરીમાં સહી કરેલી કે કેમ. એ હકીકતનો સ્વીકાર કરે છે કે આજે પણ મારી સાથે કોર્ટમાં સોએબ તથા તેના પિતા શબ્બીરૂદ્દીનભાઈ આવેલા છે. એ વાત ખરી છે કે આખી બાચ અને ટુંકી બાચ વિશે મને ખબર પડે. એ વાત ખરી છે કે સફેદ કલરની ટીશર્ટ ટુંકી બાચની હતી તેવી વિગત પંચનામામાં લખેલ નથી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે સફેદ સિવાય બીજો કોઈ કલર પણ ટીશર્ટનો હોચ તેવી વિગત પંચનામામાં દર્શાવેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે વાદળી કલરના ટીશર્ટના પટ્ટા આડા હતા કે ઉભા તેની કોઈ નોંધ પંચનામામાં કરેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે પંચનામુ લખાણ થયા બાદ પંચસ્લીપોમાં મારી સહી લીધેલી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે મોટર સાયકલ જોયેલ હોવાની હકીકત ખોટી જણાવુ છુ. એ હકીકતનો સ્વીકાર કરે છે કે પોસ્ટે પહોચ્યા ત્યારે મોટર સાચકલ ત્યા પડેલી હતી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે પંચનામુ કર્યુ ત્યારે પોલીસ સ્ટેશનમાં લાઈટ નહતી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે ગુજરનારના પિતા મારા મિત્ર થતા હોચ પંચનામા સમયે હાજર નહી હોવા છતાં ખોટી જુબાની આપુ છુ.એ હકીકતનો ઈન્કાર કરે છે કે મુદ્દામાલ ના.કોર્ટમાં સૌ પ્રથમવાર ખોટી રીતે ઓળખી બતાવુ છુ.

(૧૩/૩) ત્યારબાદ ફરીયાદ પક્ષે સાહેદ નં.૪ તરીકે **પંચ સાહેદ આસીકમહમંદ બદરુદીન મલેકને આંક–૨૭ થી** તપાસવામાં આવેલા છે. તેઓ સોગંદ પરના પુરાવામા જણાવે છે કે, આશરે આઠેક મહિના પહેલા મારી રીક્ષા લઈને બસ સ્ટેન્ડ થી ટાઉનહોલ તરફ જતો હતો ત્યારે પોલીસે મને ભોભાફળી પાસે ઉભો રાખેલો. ભોભા ફળીયામાં પોલીસ અને એક બીજા સાહેબ હતા તેમણે લોહી પડેલુ હતુ ત્યા રૂ ના પુમળા ઘસી અને ત્યા પેકીંગ કરેલુ. આ જગ્યા આવેલી હતી તે ચોરા જેવી વચ્ચે આવેલી હતી અને તેની પાછળ દરગાહ આવેલી છે. એક બાજુ દુધની ડેરી તરફ જવાય અને બીજી એક બાજુ ટાઉનહોલ તરફ જવાય.તેમને ગુનાવાળી

જગ્યાનુ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચ નં.૨ તરીકે મારી સહી છે જે ઓળખી બતાવુ છુ જેને ૨.દા. આંક–૨૮આપવામાં આવે છે.

તેમને મુદ્દામાલ આર્ટીકલ નં. ૬ કે જે પ્લાસ્ટીકની પારદર્શક ડબ્બીમાં શીલબંધ હાલતમાં છે જેને ના.કોર્ટની પરવાનગીથી ખોલીને જોતા તેમાંથી એક લોહીવાળુ રૂ નું પુમળુ નીકળેલ છે જે જોઈને કહુ છુ કે આ તે જ છે જે કબ્જે કરવામાં આવેલુ અને તેની સાથે થી એક પંચસ્લીપ નીકળેલી છે જે મને બતાવવામાં આવે છે જેમાં પંચ નં.૨ તરીકે મારી સહી છે જે ઓળખી બતાવુ છુ જેને ૨.દા.આંક–૨૯ આપવામાં આવે છે.મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૭ કે જે પ્લાસ્ટીકની પારદર્શક ડબ્બીમાં શીલબંધ હાલતમાં છે જેને ના.કોર્ટની પરવાનગીથી ખોલીને જોતા તેમાંથી એક લોહીવાળુ રૂ નું પુમળુ નીકળેલ છે જે જોઈને કહુ છુ કે આ તે જ છે જે કબ્જે કરવામાં આવેલુ અને તેની સાથે થી એક પંચસ્લીપ નીકળેલી છે જે મને બતાવવામાં આવે છે જેમાં પંચ નં.૨ તરીકે મારી સહી છે જે ઓળખી બતાવુ છુ જેને ૨.દા.આંક–૩૦ આપવામાં આવે છે.મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૮ કે જે પ્લાસ્ટીકની પારદર્શક ડબ્બીમાં શીલબંધ હાલતમાં છે જેને ના.કોર્ટની પરવાનગીથી ખોલીને જોતા તેમાંથી એક લોહીવાળુ રૂ નું પુમળુ નીકળેલ છે જે જોઈને કહુ છુ કે આ તે જ છે જે કબ્જે કરવામાં આવેલુ અને તેની સાથે થી એક પંચસ્લીપ નીકળેલી છે જે મને બતાવવામાં આવે છે જેમાં પંચ નં.૨ તરીકે મારી સહી છે જે ઓળખી બતાવુ છુ જેને ૨.દા.આંક–૩૧ આપવામાં આવે છે.

સદર પંચ સાહેદની બચાવપક્ષે **ઉલટતપાસ** કરવામા આવેલ છે જેમા તેઓ જણાવે છે કે વર્ષોથી બોરસદ મુકામે રહી રીક્ષા ડ્રાઈવિંગ કરૂ છુ. રીક્ષા ડ્રાઈવિંગ કરતો હોઉ તેથી બોરસદના મોટા ભાગના રોડ રસ્તાથી પરિચીત છુ. હુ શબ્બીરોદ્દીન કમાલોદ્દીન મલેકને ઓળખુ છુ. તેઓના દિકરા સાથે કોઈ બનાવ બનેલ છે તેવુ મે જાણેલુ. મે જે સહી કરેલી તે રાત્રીના સમયે કરેલી. હુ રીક્ષા લઈ બસ સ્ટેન્ડ ઉભો રહુ છુ.એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેમને પંચનામાવાળી જગ્યાએ શબ્બીરોદ્દીન મલેકે ફોન કરી બોલાવેલો.મને પંચનામા દિવસે રાત્રીએ અગીયારેક વાગ્યે બસ સ્ટેન્ડથી ટાઉનહોલવાળા રસ્તે જતો હતો ત્યારે પોલીસે ઉભો રાખેલો.એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેમની હાજરીમાં સ્થળ ઉપર પોલીસે કોઈ ફોટોગ્રાફી કે વિડીયોગ્રાફી કરેલી હોય તેવુ બનેલુ નહી. મે સહી કરી ત્યારે જગ્યા ઉપર કોઈ બાઈક પડેલુ જોયેલુ નહતુ. હુ જગ્યા ઉપર ૧૫ થી ૨૦ મીનીટ જેટલુ

રોકાયેલો. હુ જ્યારે જગ્યા ઉપર પહોચ્યો ત્યારે વલીમહંમદભાઈ તે જગ્યા પર હાજર હતા. એ હકીકતનો ઈન્કાર કરે છે કે જગ્યા ઉપર અમો પંચો તથા પોલીસ સિવાય અન્ય કોઈ સરકારી અધિકારી હાજર નહતા. એ વાત ખરી નથી કે અમે જગ્યા ઉપર પહોચ્યા ત્યારે પોલીસે રૂ ના પુમળા અમોને બતાવેલા. હુ અગીયાર વાગ્યા પહેલા બસ સ્ટેન્ડ હતો.એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેમણે અગીયાર વાગે સહી કરી તે પહેલા હુ બનાવવાળી જગ્યા ઉપર ગયેલ હોઉ તેવુ બનેલુ નથી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે પોતાની હાજરીમાં કોઈ જગ્યા ઉપરથી કોઈ વ્યક્તિએ લોહી જગ્યા ઉપરથી રૂના પુમળા ઉપર લીધેલ હોય અને ડબ્બીમાં મુકેલ હોય તે હકીકત હુ ખોટી જણાવુ છુ. એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેમણે પંચનામામાં સહી પો.સ્ટે. કરેલી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે પંચનામા સમયે હુ બોલતો હોઉ અને પોલીસ લખાણ લખતી હોય તેવુ બનેલુ નથી.  એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેઓ પંચનામાના સ્થળે હાજર જ નહતો. એ હકીકતનો ઈન્કાર કરે છે કે પોતે જે સરતપાસમાં સહી કર્યાનો સમય બતાવેલ છે તે ખોટો બતાવેલ છે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે ગુજરનારના પિતા મારા મિત્ર થતા હોય પંચનામા સમયે હાજર નહી હોવા છતાં ખોટી જુબાની આપુ છુ.એ હકીકતનો ઈન્કાર કરે છે કે મુદ્દામાલ ખોટી રીતે ઓળખી બતાવુ છુ.

**(૧૩/૪)** ત્યારબાદ ફરીયાદ પક્ષે સાહેદ નં.પ તરીકે **પંચ સાહેદ માજીદખાન ઈસ્લામખાન પઠાણને આંક–૩ર થી** તપાસવામાં આવેલા છે.તેઓ સોગંદ પરના પુરાવામા જણાવે છે કે, પોલીસે મને આ વર્ષે ૧૦મી જાન્યુઆરીએ બોરસદ પોલીસ સ્ટેશને બોલાવેલો અને ત્યા પોલીસ સોહેબ ઉર્ફે ભાણો અને મુસ્તુફા નાઓને પકડી લાવેલ હોય અને તેઓને કોઈ મારઝુડ કરેલ નથી તેવુ અમને બતાવેલુ અને તેઓના લોહીવાળા કપડા પહેરેલા હતા તે જોયેલા જેમાં સોહેબમહંમદના કપડા ઉપર લોહીના છાંટા હતા અને મુસ્તુફાએ પીળા કલરની ટીશર્ટ અને ભુરા કલરનું પેન્ટ તથા સોહેબે બદામી કલરની ટીશર્ટ અને બ્લ્યુ કલરનું પેન્ટ પહેરેલુ હતુ. જે કપડા પહેરેલા હોવાનુ અમને બતાવેલુ અને ત્યારબાદ પંચનામામાં સહી કરાવેલી.તેમને આરોપીઓની શરીર સ્થિતિ અને કપડાનુ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે જે ઓળખી બતાવુ છુ જેને

ર.દા.આંક–૩૩ આપવામાં આવે છે.તેમને ઉપરોક્ત જણાવેલ કપડા બતાવવામાં આવે તો જોઈને ઓળખી શકુ. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૯ કે જે શીલબંધ હાલતમાં છે તેને ના.કોર્ટની પરવાનગીથી ખોલીને જોતાં તેમાંથી એક ટીશર્ટ નીકળેલ છે જે સોહેબમહંમદે પહેરેલી તે જ છે અને તેની સાથેથી એક પંચ સ્લીપ નીકળેલ છે જે તેમને બતાવવામાં આવે છે જેમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે જે ઓળખી બતાવુ છુ જેને ર.દા.આંક–૩૪ આપવામાં આવે છે.તેમને મુદ્દામાલ આર્ટીકલ નં.૧૦ કે જે શીલબંધ હાલતમાં છે તેને ના.કોર્ટની પરવાનગીથી ખોલીને જોતાં તેમાંથી એક જીન્સનુ પેન્ટ નીકળેલ છે જે સોહેબમહંમદે પહેરેલુ તે જ છે અને તેની સાથેથી એક પંચસ્લીપ નીકળેલ છે જે મને બતાવવામાં આવે છે જેમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે જે ઓળખી બતાવુ છુ જેને ર.દા.આંક–૩૫ આપવામાં આવે છે.તેમને મુદ્દામાલ આર્ટીકલ નં.૧ર કે જે શીલબંધ હાલતમાં છે તેને ના.કોર્ટની પરવાનગીથી ખોલીને જોતાં તેમાંથી એક પીળા કલરની ટીશર્ટ નીકળેલ છે જે મુસ્તુફામીયાંએ પહેરેલી તે જ છે અને તેની સાથેથી એક પંચસ્લીપ નીકળેલ છે જે મને બતાવવામાં આવે છે જેમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે જે ઓળખી બતાવુ છુ જેને ર.દા.આંક–૩૬ આપવામાં આવે છે.તેમને મુદ્દામાલ આર્ટીકલ નં.૧૩ કે જે શીલબંધ હાલતમાં છે તેને ના.કોર્ટની પરવાનગીથી ખોલીને જોતાં તેમાંથી એક બ્લ્યુ કલરનુ જીન્સનુ પેન્ટ નીકળેલ છે જે મુસ્તુફામીયાંએ પહેરેલુ તે જ છે અને તેની સાથેથી એક પંચસ્લીપ નીકળેલ છે જે મને બતાવવામાં આવે છે જેમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે જે ઓળખી બતાવુ છુ જેને ર.દા.આંક–૩૭ આપવામાં આવે છે.હુ સોહેબ ઉર્ફે ભાણા તથા મુસ્તુફામીયાને ઓળખી શકુ. કોર્ટ રૂબરૂ સાહેદ એક વ્યક્તિને આંગળી ચીંધીને મુસ્તુફામીયા તરીકે ઓળખી બતાવે છે તે વ્યક્તિને ના.કોર્ટ રૂબરૂ તેનુ નામ પુછતા તે વ્યક્તિ પોતાનુ નામ મુસ્તુફામીયા જણાવે છે. સાહેદ એક વ્યક્તિને આંગળી ચીંધીને સોહેબ ઉર્ફે ભાણો તરીકે ઓળખી બતાવે છે. તે વ્યક્તિને ના.કોર્ટ રૂબરૂ નામ પુછતાં તે પોતાનુ નામ મોહંમદસોહેબ જણાવે છે.

સદર પંચ સાહેદની બચાવપક્ષે **ઉલટતપાસ** કરવામા આવેલ છે જેમા તેઓ જણાવે છે કે હુ જાન્યુઆરી–૨૦૨૩ માં ટ્રાન્સપોર્ટનો ધંધો કરતો હતો. હુ જન્મથી જ બોરસદ મુકામે રહુ છુ. હુ વાસદ ચોકડીએ ટ્રાન્સપોર્ટનો ધંધો કરતો હતો. મારે મારા ધંધા ઉપર સવારે ૭ વાગે નીકળવાનુ થતુ હતુ અને સાંજે સામાન્ય રીતે ૭ થી ૮ વાગે પહોચતો હતો. શહેબાઝ સલીમોદ્દીન વાવડી મહોલ્લામાં રહેતા

નહતા. હુ સોહેલમહંમદ સમીરમહંમદ મલેકને ઓળખુ છુ જે જેઓ વાવડી મહોલ્લામાં રહે છે. કેશઅશરફ મલેક પણ વાવડી મહોલ્લામાં રહે છે અને હુ તેમને ઓળખુ છુ. હુ જ્યા રહુ છુ ત્યાથી મદની ટેકરો ૧૦ થી ૧૫ મીનીટનો સમય ચાલતા જતા લાગે. હુ જે જગ્યાએ રહુ છુ તેનાથી ભોભા ફળીયુ અલગ વિસ્તારમાં આવેલ છે. હુ સાજીદબેગ રહીમબેગ મિર્ઝાને ઓળખુ છુ.`એ હકીકતનો ઈન્કાર કરે છે કે પંચનામામાં સહી કરી તેની કોઈ ચોક્કસ તારીખ મને યાદ નથી.`એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેમણે પંચનામા સમયે ૧૦ થી ૧૫ સહીઓ કરેલી.`એ હકીકતનો ઈન્કાર કરે છે કે બોરસદ પોલીસને જ્યારે જરૂર પડે ત્યારે મને પંચમાં સહી કરવા બોલાવે. મારી ઉપર પંચનામામાં રહેવા માટે ફોન આવેલો નહી.`એ હકીકતનો ઈન્કાર કરે છે કે પોતે પોસ્ટે પહોચ્યો ત્યારે સોહેલમહંમદ અને કેશઅશરફ પણ પોસ્ટે હાજર હતા. `એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેમને સોહેલમહંમદ અને કેશઅશરફ નાઓએ પંચનામામાં સહી કરવા બોલાવેલો.`એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેઓ જે જગ્યાએ રહુ છુ તે જગ્યાએ જવા માટે વચ્ચે પોસ્ટે ના આવે. હુ તથા બીજા પંચ સાજીદબેગ જોડે પોસ્ટે ગયેલા નહી. હુ જ્યારે પોસ્ટેથીપસાર થતો હતો ત્યારે સાડા પાંચથી છ ના અરસામાં પોલીસે મને બોલાવેલો. હુ પોસ્ટે પહોચ્યો તેના ૨૦ થી ૨૫ મીનીટ પછી સાજીદબેગ મિર્ઝા પોસ્ટે આવેલા. એ વાત ખરી છે કે ટીશર્ટ તથા જીન્સ પેન્ટ બજારમાં સહેલાઈથી મળે. એ વાત ખરી નથી કે મને કલરમાં બહુ ખબર ના પડે. `એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેઓ મુદ્દામાલ કપડા જેમાં ટીશર્ટ તથા પેન્ટ છે તે ખોટી રીતે ઓળખી બતાવુ છુ.`એ હકીકતનો ઈન્કાર કરે છે કે સોહેબે બદામી કલરની ટીશર્ટ પહેરેલી હતી. સાહેદ હવે જણાવે છે કે બદામી કલરની ટીશર્ટ પહેરેલી હતી. `એ હકીકતનો ઈન્કાર કરે છે કે મને જે ટીશર્ટ બતાવવામાં આવેલી તે ક્રિમ કલરની ટીશર્ટ હતી.`એ હકીકતનો સ્વીકાર કરે છે કે કપડા ઉપર ઓળખના કોઈ ચિહ્નો જેવા કે કઈ કંપનીના હતા તેને જોયેલ નથી.એ હકીકતનો ઈન્કાર કરે છે કે કપડા પો.સ્ટે.ના ટેબલ ઉપર પડેલા હતા.એ હકીકતનો સ્વીકાર કરે છે કે મોહંમદસોહેબ ઉર્ફે ભાણો તથા મુસ્તુફામીયા ગામમાં રહેતા હોવાથી પંચનામુ કર્યુ તે પહેલાથી તેમને ઓળખુ છુ.એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેમની હાજરીમાં પોસ્ટેમાં હાજર મોહંમદસોહેબ તથા મુસ્તુફામીયાને પોલીસે તેઓનુ નામ પુછેલ હોય તે હકીકત હુ ખોટી જણાવુ છુ.એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેમણે પોસ્ટેમાં તેઓના પહેરેલ

કપડા જોયેલ અને તે અંગેનુ પોલીસે પંચનામુ કરેલુ તેમાં મે સહીઓ કરેલી. `એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેઓ સહી કરીને નીકળી ગયો તે બાદ સાજીદબેગે સહી કરેલી.`એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેમની હાજરીમાં કોઈ કપડા કબ્જે કરવામાં આવેલ નહી.`એ હકીકતનો ઈન્કાર કરે છે કે ગુજરનારના મિત્રો મારા મિત્ર થતા હોય પંચનામા સમયે હાજર નહી હોવા છતાં ખોટી જુબાની આપુ છુ.

(૧૩/૫) ત્યારબાદ ફરીયાદ પક્ષે સાહેદ નંબર.૬ તરીકે **પંચ સાહેદ આરીફમીયા અબ્દુલમીયા મલેકને આંક–૩૮ થી તથા બીજા પંચ સાહેદ ઉસ્માનમીયા સદરોદીન મલેકને આંક–૪૧ થી** તપાસવામાં આવેલા છે. જેઓ બંને પંચ સાહેદો આંક–૩૯ થી રજુ કલમ–૨૭ મુજબના પંચનામામા તેઓની સહી હોવાનુ જણાવે છે તે સિવાય બીજી કોઈ હકીકત જણાવેલ ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરી કોર્ટની પરવાનગીથી ઉલટતપાસ વિધ્વાન સરકારી વકીલશ્રી ધ્વારા કરવામા આવેલ. ઉલટપાસમા પણ કોઈ ફળદાયી હકીકત જણાવતા નથી.આમ સદર બંને પંચ સાહેદો આંક–૩૯ થી રજુ થયેલ કલમ–૨૭ મુજબના જગ્યાના પંચનામાને સમર્થન આપતા નથી.

સદર બંને પંચ સાહેદની બચાવપક્ષે **ઉલટતપાસ** કરવામા આવેલ છે જેમા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે જે હથિયાર મને બતાવવામાં આવેલ તે મને પોલીસ સ્ટેશને બતાવવામાં આવેલુ.એ હકીકતનો સ્વીકાર કરે છે કે મને જે છરી બતાવવામાં આવેલી તે લાલ હાથાવાળી હતી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે છરી બતાવીને લખાણ પોલીસ સ્ટેશનમાં કરેલુ અને તે લખાણમાં મે માત્ર સહી કરેલી

(૧૩/૬) ત્યારબાદ ફરીયાદ પક્ષે સાહેદ નંબર.૮ તરીકે **ફરીયાદી સોહેલ મહંમદ સમીર મહમંદ મલેકને આંક–૪૩ થી સોગંદ ઉપર તપાસેલા છે તેઓ પુરાવામા જણાવે છે કે** સદર ફરીયાદી તેમના પરિવાર સાથે વાવડી મહોલ્લા બોરસદ મુકામે રહે છે અને બોરસદ વાસદ ચોકડી ખાતે આવેલ ઓમ એલ્યુમીનીયમ નામની દુકાનમાં નોકરી કરે છે.તેમની નોકરીનો સમય સવારના સાડા નવથીસાં જના સાડા સાત વાગ્યા સુધીનો છે. અમારા મહોલ્લામાં શહેબાઝસબીરુદીન મલેક

અને કેસ અશરફ યુનુસભાઈ મલેક નાઓ રહે છે અને તેઓ મારા મીત્રો થાય છે અને અમે રોજ સાંજે સાથે બેસતા હતા અને હરતા ફરતા હતા. તા.૦૯/૦૧ /૨૦૨૩ ના રાત્રીના નવેક વાગ્યે હુ ,કેસ અશરફ અને સહેબાઝ ત્રણેય જણા મોટર સાયકલ ઉપર ઉતરાયણના તહેવાર માટે ડી જે નોંધાવવા ભોભાફળી ખાતે જતા હતા અને તે વખતે પાછળથી ભાણો કરીને એક વ્યકિત હતો તેણે અમારી બાઈકને તેના પ્લસર બાઈકથી ઠોકી દીધેલુ અને તે વખતે અમે ત્યાં ઉતરીને અમે તેની સાથે વાતચીત કરતા હતા તે વખતે ભાણાએ અમારી સાથે ગાલી ગલોચ કરેલ અને તરત જ ગુસ્સે થઈ ગયેલો અને એટલામાં ત્યાં ટોળુ થઈ ગયેલુ અને અમે ત્રણેય જણા ટોળામાં છુટાછુટા પડી ગયેલા તે વખતે બાબુલ કાકાએ શહેબાઝને પકડી લીધેલો અને ભાણાએ તેના ખીસ્સામાંથી ચાકુ કાઢી ને શહેબાઝને જમણા પગ ઉપર જાંગના ભાગે મારી દીધેલુ અને શહેબાઝને લોહી નીકળવા માંડેલુ અને તે ત્યાં બેભાન થઈને નીચે પડી ગયેલો તે વખતે ત્યાં હાજર વ્યકિતઓમાંથી કોઈપણ શહેબાઝને બાઈક પર બેસાડવા માટે મદદ કરવા તૈયાર નહોતુ. તે વખતે ત્યાં તુફેલ તનવીર મહંમદ ત્યાંથી ચાલતો ચાલતો નીકળેલો જેથી તે અમારી નજીક આવેલો અને તુફેલ તનવીર મહંમદે બાઈક ચલાવવા માટે બેઠેલો અને શહેબાઝને મે વચ્ચે બેસાડેલો અને હુ પાછળ બેસીને અને શહેબાઝને લઈને અમે સારવાર માટે શ્રદ્ધા હોસ્પિટલ લઈ ગયેલા. ત્યાં ડોકટરે સારવાર માટે ના પાડેલી અને શહેબાઝને કરમસદ હોસ્પિટલ લઈ જવા જણાવેલુ જેથી અમે બંને જણા એમ્બ્યુલન્સમાં શહેબાઝને લઈને શ્રીકૃષ્ણ હોસ્પિટલ કરમસદ ખાતે ગયેલા અને આ બાબતે શહેબાઝના પપ્પાને જાણ કરેલી અને ડોકટરે જાણ કરેલી કે શહેબાઝ અવસાન પામેલ છે. ત્યારબાદ અમે બોરસદ આવેલા અને બોરસદ ટાઉન પો.સ્ટેમાં મે ફરીયાદ આપેલી. તેમને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં પોતાની સહી છે જે ઓળખી બતાવે છે જેને રજુ દાખલ આંક ૪૪ આપવામાં આવે છે.ફરીયાદ આપ્યા બાદ મારા તથા તુફેલના કપડા લોહી વાળા થયેલા તે પોલીસને આપેલા અને તેનુ પંચનામુ કરેલુ. ત્યારબાદ બીજા દિવસ ે સવારના નવેક વાગે પોલીસને બનાવવાળી જગ્યા બતાવેલી અને પોલીસે ત્યાં બધા

સબુત લીધેલા.આરોપીઓને ઓળખી શકે. આરોપીઓ આજરોજ નામ.કોર્ટમાં હાજર નથી.તેમને નામ.કોર્ટના રેકર્ડમાંથી બે ફોટા બતાવવામાં આવે છે જેમાં પ્રથમ ફોટો ભાણાનો છે અને બીજો ફોટો બાબુલભાઈનો છે. તેમને મુદદામાલ વાળુ ચપ્પુ બતાવવામાં આવે તો સદર ફરીયાદી ઓળખી શકે.તેમને મુદદામાલ આર્ટીકલ નં.૧૫ વાળુ ચપ્પુ બતાવવામાં આવે છે જે જોઈને કહે છે કે આ તે જ ચપ્પુ છે જે ભાણાના હાથમાં હતુ. તેમને મુદદામાલ આર્ટીકલ નં. ૧ તથા ૨ વાળા કપડા બતાવવામાં આવે છે જે જોઈને કહે છે કે તેમણે જે કપડા રજુ કરેલા તે જ છે.

સદર ફરીયાદીની બચાવપક્ષે ઉલટતપાસ કરવામા આવેલ છે જેમા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે સદર ફરીયાદી તથા સાહેદ કેસ અશરફ તથા ગુજરનાર શહેબાઝ નાઓ બોરસદ મુકામે વાવડી મહોલ્લામાં રહીએ છીએ. એ હકીકતનો સ્વીકાર કરે છે કે તુફેલ તનવીર મહંમદ પઠાણનાઓ પણ વાવડી મહોલ્લામાં રહે છે.એ હકીકતનો સ્વીકાર કરે છે કે ગુજરનાર શહેબાઝ મોબાઈલ ફોન ધરાવતો હતો.એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેમનો મોબાઈલ નં.૭૫૬૭૦૮૪૩૮૩ નો છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેઓ જન્મથી જ બોરસદ મુકામે રહેતો હોવ તેથી બોરસદના મોટાભાગના વિસ્તારના રોડ રસ્તાથી તેઓ પરીચીત છે.એ હકીકતનો સ્વીકાર કરે છે કે વાવડી ફળીયાથી ભોભા ફળીયામાં જવા માટે ઘણાં બધા રસ્તાઓ છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે બસ સ્ટેન્ડથી જનતા બજારવાળા રસ્તે પણ ભોભા ફળીયામાં અવાય છે.એ હકીકતનો સ્વીકાર કરે છે કે ભોભા ફળીયુ ખુબ જ મોટુ છે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેઓ જે ડી જે વાળાના ઘરે જવાના હતા તેનુ ઘર ભોભા ફળીયાની બહાર જનતા બજારવાળા રસ્તે આવેલ હતુ. મને અમે જે ડી જે કરવા જવાના હતા તેનુ કોઈનામ ખબર નથી. અમે બનાવના દિવસે વાવડી ફળીયાથી બળીયાદેવ વાળા રસ્તે થઈ ભોભા ફળીયામાં આવેલા. એ હકીકતનો પણ ઈન્કાર કરે છે કે ભોભા ફળીયે બળીયાદેવ વાળા રસ્તે આવીએ તો વચ્ચે જુની દુધની ડેરી આવેલ છે.એ હકીકતનો સ્વીકાર કરે છે કે બનાવવાળી જગ્યા ખુલ્લા ચોકની જગ્યા છે. એ વાતની તેમને ખબર નથી કે

બનાવવાળી જગ્યાએ વડનુ ઝાડ આવેલુ છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે બનાવવાળા દિવસે સદર ફરીયાદી જનતા બજારવાળા રસ્તે થઈને બનાવવાળા સ્થળે આવેલ નહી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે અમે બળીયાદેવથી ભોભાફળીયામાં વચ્ચેના રસ્તે આવેલા. એ હકીકતનો સ્વીકાર કરે છે કે ભોભાફળીયામાં જે ચોક આવેલ છે ત્યાં એક દરગાહ આવેલી છે.એ હકીકતનો સ્વીકાર કરે છે કે દરગાહની દિવાલને અડીને સોહાના પાન પેલેસ આવેલ છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે ચોકથી બહાર નીકળતા ડાબી બાજુ આરોપી બાબુભાઈનો પાનનો ગલ્લો આવેલો છે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે ચોકથી બસો મીટર દુર આવેલ ચરોતર હાર્ડવેર આગળ બાઈક અથડાવવાનો બનાવ બનેલો.ગુજરનાર શહેબાઝ જોડે સ્પેલેન્ડર મોટરસાયકલ હતી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે બનાવના દિવસે તેઓ તથા કેસ અશરફનાઓ જ વાવડી ફળીયાથી બાઈક લઈને નીકળેલા.એ હકીકતનો સ્વીકાર કરે છે કે કેસ અશરફ પણ મોબાઈલ ફોન ધરાવે છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેઓ તથા કેસ અશરફ જયારે ભોભા ફળીયા જવા નીકળ્યા ત્યારે મરણ જનાર શહેબાઝ તેના ઘરે જમવા બેઠેલો હતો. એ હકીકતનો ઈન્કાર કરે છે કે બાઈક અથડાવવાનો બનાવ બન્યા બાદ અમે શહેબાઝને ફોન કરીને બોલાવેલ.એ હકીકતનો સ્વીકાર કરે છે કે શબીરોદીન કમાલોદીન મલેકનાઓ ગુજરનાર શહેબાઝના પિતા થાય છે.અમે રાત્રીના જે મોટરસાયકલ લઈને નીકળેલા તે ફૈઝાન મલેકનાઓનુ હતુ.સદર ફરીયાદી જયારે દુકાને હતો ત્યારે પાંચેક વાગે શહેબાઝનો તેઓની ઉપર ડી જે જોવા જવા ફોન આવેલો. એ હકીકતનો સ્વીકાર કરે છે કે ફૈઝાનનુ બાઈક લેવા કેસ અશરફ ગયેલા. એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેઓ જયારે વાવડી મહોલ્લામાંથી નીકળ્યા તે વખતે ફૈઝાન અમારી સાથે આવેલ ન હતો. એ હકીકતનો ઈન્કાર કરે છે કે ફૈઝાનને બનાવના સ્થળે ફોન કરી મે બોલાવેલો. એ હકીકતનો પણ ઈન્કાર કરે છે કે સદર ફરીયાદી જે તનવીર મહંમદનો ઉલ્લેખ કરે છે તેનુ આખુ નામ મહંમદ તુફેલ તનવીર મહંમદ પઠાણ છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે તનવીર મહંમદ પઠાણ જોડે અમારે ડી જે બાબતની કોઈ વાત રાત્રીના થયેલ નહી.એ હકીકતનો સ્વીકાર

કરે છે કે ભોભા ફળીયાથી વાવડી મહોલ્લો અડધા કીલોમીટર જેટલો દુર આવેલ છે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે તનવીર મહંમદ ને બનાવના સ્થળે સદર ફરીયાદીએ ફોન કરીને બોલાવેલા. સદર ફરીયાદી શ્રીકૃષ્ણ હોસ્પિટલ, કરમસદ મુકામે ગયેલો. એ હકીકતનો સ્વીકાર કરે છે કે અમે જે રસ્તેથી બાઈક લઈ ભોભા ફળીયાવાળા ચોકમાં આવ્યા ત્યાં વચ્ચે રસ્તો અને આજુબાજુ ઘરો આવેલા છે. એ વાતની તેમને ખબર નથી કે મદ્રેસાની સામે સુપર આઈસ ડેપો આવેલ છે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે ચોક પાસે સેવન સ્ટાર બેકરી તથા ચારાના આઈસક્રીમની દુકાન આવેલ છે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે બનાવના સ્થળે આદીલ કીરાણા સ્ટોર આવેલ છે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે બાઈકને પાછળથી ટકકર વાગવાનો બનાવ ડેરીથી ચોક તરફ આવવાના રસ્તે બનેલો. એ હકીકતનો ઈન્કાર કરે છે કે બાઈક અથડાવવાનો બનાવ બન્યો એટલે સદર ફરીયાદીએ મોબાઈલથી ફોન કરી તેમના ફળીયાના છોકરાઓને ભોભા ફળીયાના ચોકમાં બોલાવેલા. એ હકીકતનો ઈન્કાર કરે છે કે અમે આરોપી ભાણાને મારતા મારતા ચોક બાજુથી દરગાહ તરફ લઈ ગયેલા. એ હકીકતનો સ્વીકાર કરે છે કે બનાવ સમયે વીસ થી પચ્ચીસ માણસોનુ ટોળુ ભેગુ થઈ ગયેલ હતુ. એ હકીકતનો સ્વીકાર કરે છે કે હાલના બનાવ પહેલા અમારે આરોપીઓ જોડે કોઈ અણબનાવ થયેલ નહી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે અમારે મહંમદસોહેબ ઉર્ફે ભાણા જોડે બોલાચાલી થઈ ત્યારે આરોપી નં.ર બાબુલભાઈનાઓ તેમના પાનના ગલ્લે બેઠેલા હતા. એ હકીકતનો ઈન્કાર કરે છે કે કેસ અશરફ આ બોલાચાલી ચાલતી હતી તે વખતે બાબુભાઈને તેઓના ગલ્લે બોલાવવા ગયેલો. મરણજનાર શહેબાઝ તથા આરોપી ભાણાને ઝપાઝપી થયેલ નહી. મારે આરોપી નં.૧ મહંમદસોહેબ ઉર્ફે ભાણા જોડે કોઈ ઝપાઝપી થયેલ નહી. એ વાતની તેમને ખબર નથી કે ઝપાઝપી ચાલતી હતી તે વખતે અશરફ કીરાણા સ્ટોરના મહંમદ સરફરાજ તથા મહંમદ ઈકબાલનાઓ બનાવ સ્થળે આવેલા. એ વાતની મને ખબર નથી કે સોહાના પાન સ્ટોરના માલિક ઈમ્તીયાઝમીંયા તથા આદીલ કીરાણા સ્ટોરના આયાતુલ્લા ખાન

પઠાણનાઓ તથા એસ.બી પાનના સોહેલખાન પઠાણનાઓ પણ ટોળામાં છોડાવવા આવેલા. એ હકીકતનો સ્વીકાર કરે છે કે મદ્રેસા આગળ એક રસ્તો ભોભા ફળીયા તરફ જવાય તેમજ બીજો રસ્તો ડેરી તરફ જવાનો છે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે ટોળાએ અમને ઝઘડામાં પાનના ગલ્લા આગળ છુટા પાડેલા. અમને ઝઘડો ચાલતો હતો તે દરમ્યાન ટોળાએ છુટા પાડેલ નહી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે ટોળુ જયાં હતુ ત્યાં ગલ્લેથી ઉભા થઈ આરોપી બાબુભાઈ ટોળાવાળી જગ્યાએ આવેલ હતા. એ વાતની તેમને ખબર નથી કે આરોપી નં.૧ ભાણાને ટોળામાંથી હુમલાના કારણે નાક તથા કાનમાં ઈજાઓ થયેલી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે આ બનાવમાં મને કોઈ ઈજા થયેલ નહી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે બોલાચાલી અને ઝઘડો શરુ થયો એટલ ે બનાવના સ્થળેથી કેસ અશરફ બનાવનુ સ્થળ છોડી ચાલ્યા ગયેલા. એ હકીકતનો ઈન્કાર કરે છે કે મરનાર શહેબાઝ કાયમ પોતાની પાસે ચપ્પુ રાખતો હતો. એ હકીકતનો પણ ઈન્કાર કરે છે કે સદર ફરીયાદી આરોપી નં.૧ ને બનાવ પહેલેથી ઓળખતો ન હતો. જગ્યા ઉપર મારા , કેસ અશરફ તેમજ તુફેલ મહંમદ સીવાય બીજુ કોણ આવેલુ તેની તેમને ખબર નથી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે દવાખાને કેસ અશરફ અમારી જોડે બાઈક ઉપર આવેલા નહી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે મદ્રેસાની આગળ કોઈ લાઈટની વ્યવસ્થા નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે સદર ફરીયાદીએ શહેબાઝને છોડાવવા માટે કોઈ પ્રયત્ન કરેલ નહી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે શહેબાઝ ટોળામાં વચ્ચે ભરાઈ ગયેલ હતો.એ હકીકતનો સ્વીકાર કરે છે કે બનાવ ખુબ ઝડપથી બની ગયેલો. એ હકીકતનો ઈન્કાર કરે છે કે બનાવ સમયે ચાકુ કે છરી હતુ તે પોતે કહી શકે નહી.એ હકીકતનો ઈન્કાર કરે છે કે પોતે મુદદામાલ ચપ્પુ ખોટી રીતે ઓળખી બતાવે છે.એ હકીકતનો પણ ઈન્કાર કરે છે કે ફરીયાદ આપ્યા બાદ સદર સાહેદે બનાવવાળી જગ્યા પોલીસને બતાવેલાનુ ખોટુ જણાવે છે.એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેમણે પોલીસમાં પોતાના કપડા રજુ કરેલાનુ ખોટુ જણાવે છે.એ હકીકતનો ઈન્કાર કરે છે કે બનાવની રાત્રીએ સદર સાહેદ

તથા કેસ અશરફ તથા શહેબાઝનાઓ ડી જે નોંધાવવા ભોભા ફળીયા ખાતે જતા હોય અને ભાણો કરીને એક વ્યકિત એ પ્લસર બાઈક ઠોકી દીધેલ હોય તે વખતે ભાણાએ અમારી સાથે ગાલી ગલોચ કરેલ હોય અને ગુસ્સે થઈ ગયેલ હોય અને તે વખતે બાબુલકાકાએ શહેબાઝને પકડી લીધેલ હોય અને ભાણાએ તેના ખીસ્સામાંથી ચાકુ કાઢીને શહેબાઝને જાંગના ભાગે મારી દીધેલ હોય તે હકીકતપોતે ખોટી જણાવે છે.એ હકીકતનો સ્વીકાર કરે છે કે કેસ અશરફને કોઈ ઈજા થયેલ નહી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે બનાવનુ કારણ પોતે જાતે હતો. સદર ફરીયાદીએ શ્રદધા હોસ્પિટલમાં પહોંચતા પહેલા શહેબાઝના ઘરે ફોન કરવા પ્રયત્ન કરેલ નહી. સદર ફરીયાદી સોહેબને પોલીસ સ્ટેશન લઈ ગયેલ નહી. સદર ફરીયાદી શ્રદધા હોસ્પિટલમાં પહોંચ્યો ત્યારબાદ કેસ અશરફે મને ફોન કરવા કોઈ પ્રયત્ન કરેલ નહી.સદર ફરીયાદીએ કેસ અશરફને બનાવના સ્થળેથી હોસ્પિટલ સાથે આવવા જણાવેલ નહી. એ વાત ખરી નથી કે ઝઘડો શરુ થયો એટલ ે કેસ અશરફ બનાવના સ્થળેથી નીકળી ગયેલા.એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેમણે પોતાની ફરીયાદમાં તે વખતે ત્યાં હાજર વ્યકિતમાંથી કોઈ શહેબાઝ ને બાઈક પર બેસાડવા માટે મદદ કરવા તૈયાર ન હતુ એવી હકીકત લખાવેલ ન હતી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે સદર ફરીયાદીએ પોલીસ રુબરુની ફરીયાદમાં શહેબાઝ બેભાન થઈ નીચે પડી ગયેલો તેવી હકીકત લખાવેલ નથી. એ હકીકતનો પણ ઈન્કાર કરે છે કે તુફેલ મહંમદ ત્યાંથી ચાલતા નીકળેલો નહી. એ હકીકતનો પણ ઈન્કાર કરે છે કે તુફેલ મહંમદને અમે ખોટી રીતના બનાવના સ્થળે હાજર બતાવેલો છે.તેઓ શ્રદધા હોસ્પિટલમાં ગયા ત્યારે ત્યાં ડોકટર હાજર ન હતા. એ હકીકતનો ઈન્કાર કરે છેકે શ્રદધા હોસ્પિટલમાં ડોકટર સાહેબે બનાવ વીશે પુછપરછ કરેલી . એ હકીકતનો ઈન્કાર કરે છે કે શ્રદધા હોસ્પિટલના ડોકટરે ત્યાં પાટાપીંડી પણ કરેલી. ફરીયાદ આપવા મારી સાથે ફળીયાના બે ત્રણ જણા આવેલા.ફરીયાદ આપતા સમયે મુન્નાભાઈ કરીને વ્યકિત મારી સાથે આવેલા. એ હકીકતનો ઈન્કાર કરે છે કે શહેબાઝના પપ્પા ફરીયાદ આપવાની ના પાડતા હતા. એ હકીકતનો ઈન્કાર કરે છે કે શહેબાઝને અમારા સાથેના વ્યકિતઓએ જ ચપ્પુ

મારેલુ.એ હકીકતનો ઈન્કાર કરે છે કે ફરીયાદ આપ્યા બાદ ફરીવાર પોલીસને મળવાનુ થયેલ નહી. ફરીયાદી કરમસદ મેડીકલથી બોરસદ પો.સ્ટે આવેલો.ફરીયાદી જયારે કરમસદથી બોરસદ પો.સ્ટે આવ્યો ત્યારે મુન્નાભાઈ તથા મુજફરભાઈ મારી સાથે હતા.એ હકીકતનો ઈન્કાર કરે છે કે રસ્તામાં અમારી વચ્ચે ફરીયાદ કેવી રીતે લખાવવી એની ચર્ચા થયેલી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે પોતે સોગંદ પર ખોટી જુબાની આપુ છુ.એ વાત ખરી નથી કે આરોપી નં.ર નુ નામ ફરીયાદમાં ખોટી રીતે લખાવેલુ છે.

**(૧૩/૭)** ત્યારબાદ ફરીયાદ પક્ષે **સાહેદ નંબર.૯ તરીકે સાહેદ મહમંદતુફેલ તન્વીરમહમંદ મલેકને આંક–૪૭ થી** સોગંદ ઉપર તપાસેલા છે તેઓ પુરાવામા જણાવે છે કે તા. ૯/૧/ર૩ ના રોજ સાજે સાડા નવ દસ વાગ્યાની આસપાસ મારા ઘરેથી સ્પીકર લેવા માટે ભોભા ફળી ખાતે જતો હતો ઉતરાયણ નો તહેવાર હોય જેથી સ્પીકર લેવા જતો હતો.તેઓ ભોભા ફળી ચોકમા પહોચેલો ત્યારે લોકોનુ ટોળુ ભેગુ થયેલુ જેથી સદર સાહેદ ટોળા બાજુ ગયેલો ત્યા તેમના મિત્ર સોહેલ સદર સાહેદને બુમ પાડેલી ત્યા પોતે ઝઘડામા વચ્ચે પડેલો ત્યારે ઝઘડો થઈ ચુકેલો હતો અને લોકોનુ ટોળુ હતુ અને શહેબાઝ લોહીલુહાણ થયેલો હતો અને બાઈક પાસે બેઠો હતો જેથી પોતે શહેબાઝને સારવાર માટે શહેબાઝ પાસે જે બાઈક સ્પેન્લ્ડર હતી તેમા શહેબાઝને વચ્ચે બેસાડીને બાઈક પોતે ચલાવતો હતો અને શહેબાઝની પાછળ સોહેલ બાઈક પર બેઠેલો. અમે બાઈક લઈને શ્રધ્ધા હોસ્પી. બોરસદ ખાતે સારવાર માટે ગયેલા ત્યા હાજર ડોકટરે અમોને સારવાર માટે શ્રીકૃષ્ણ હોસ્પી. કરમસદ ખાતે લઈ જવાનુ જણાવતા શહેબાઝને એમ્યુલન્સ વાનમા બેસાડી પોતે અને સોહેલ તેની સાથે શ્રીકૃષ્ણ હોસ્પી. કરમસદ ખાતે જવા નીકળેલા તે વખતે શહેબાઝને ખુબ જ લોહી નીકળતુ હતુ જેથી સોહેલે તેનુ ટીશર્ટ કાઢી શહેબાઝનુ લોહી બંધ કરવા ટીશર્ટ થી પ્રયત્ન કરેલો અને તે વખતે સોહેલે મને જણાવેલ કે'' ઉતરાયણનો તહેવાર હોવાથી ડી.જે. ભાડે લેવા હુ (સોહેલ) અને શહેબાઝ અને કેસ ચુનુસ મલેક નાઓ ત્રણેય જણા બાઈક લઈને ભોભા ફળી ચોકમા થી પસાર થતા હતા ત્યારે એક

મો.સાયકલ વાળાએ આવી અમારી બાઈકને પાછળ અડાડેલી જેથી અમે પડતા પડતા રહી ગયેલા અને અમે પાછળ જોયેલુ તો સોહેબ ઉર્ફ ભાણો તેની મો.સાયકલ પલ્સર ઉપર હતો શહેબાઝે તેને બાઈક જોઈને ચલાવવાનુ કહેતા સોહેબ એકદમ ગુસ્સે થઈ ગાળો બોલવા લાગેલો તે વખતે સોહેબનુ ઉપરાણુ લઈ તેના મામા મુસ્તુફામીયા ઉર્ફે બાબુલ નાઓ પણ અમોને મા સમાણી ગાળો બોલવા લાગેલા અને તે વખતે મુસ્તુફામીયા ઉર્ફે બાબુલે શહેબાઝને પકડી રાખેલો અને સોહેબે તેના પાસેથી ચપ્પુ કાઢી શહેબાઝને તેના જમણા પગના ગુપ્ત ભાગ પાસે મારી દીધેલ.''અમો શહેબાઝને લઈને કરમસદ હોસ્પી. પહોચેલા અને તેને ઈમરજન્સી વિભાગમા લઈ ગયેલા અને ત્યા થોડા સમયમા ડોકટરે શહેબાઝને મરણ ગયેલ જાહેર કરેલો. આ દરમ્યાન સોહેલના પરીચીત અને ઘરવાળા કરમસદ દવાખાને આવી ગયેલા.સદર ફરીયાદી અને સોહેલ કરમસદ દવાખાનેથી નીકળીને બોરસદ ટાઉન પો.સ્ટે. ગયેલા ત્યા સોહેલે ફરીયાદ આપેલી અને તે વખતે ફરીયાદીએ પહેરેલા કપડા લોહીવાળા થયેલા હોય તે કપડા ફરીયાદીએ પો.સ્ટે. મા રજુ કરેલા. તેમના કપડા લોહીવાળા એટલા માટે થયેલા કારણ કે પોતે આગળ બાઈક ચલાવતો હતો અને શહેબાઝને વચ્ચે બેસાડેલો તે વખતે તેને લોહી નીકળતુ હતુ જે લોહીના કારણે સદર ફરીયાદીના કપડા લોહીવાળા થયેલા.પોલીસે પુછપરછ કરી સદર સાહેદનો જવાબ લીધેલો.સદર ફરીયાદીએ પોલીસમા જે કપડા રજુ કરેલા તેમા એક ભુરા અને ગ્રે કલરના પટ્ટાવાળુ ટીશર્ટ અને બ્લુ કલરનુ પેન્ટ હતુ. તેમને ઉપરોકત કપડા બતાવવામા આવે તો તે જોઈને ઓળખી શકે.તેમને મુ.માલ આર્ટી. નં. ૩ વાળુ ટીશર્ટ બતાવવામા આવે છે જે જોઈને કહે છે કે આ તે જ ટીશર્ટ છે જે ફરીયાદીએ પોલીસને રજુ કરેલુ. તેમને મુ.માલ આર્ટી. નં. ૪ વાળુ પેન્ટ બતાવવામા આવે છે જે જોઈને કહે છે કે આ તે જ પેન્ટ છે જે તેમણે પોલીસને રજુ કરેલુ.

સદર સાહેદની બચાવપક્ષે **ઉલટતપાસ** કરવામા આવેલ છે જેમા તેઓ જણાવે છે કે તેઓ તથા મરણ જનાર શહેબાઝ તથા સોહેલમહંમદ તથા કેએસ અશરફ નાઓ બોરસદ મુકામે વાવડી ફળીયામા રહે છે.એ હકીકતનો સ્વીકાર

કરે છે કે તેઓ જન્મથી વાવડી મુકામે રહે છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે હાલના બનાવ પહેલા પણ બોરસદ મુકામે ભોભાફળીયુ કયા આવેલુ છે તે પોતે જાણ તથા હતા.પોતે મોબાઈલ ફોન ધરાવતો નથી.સદર ફરીયાદી કોઈક વાર કાંડા ઘડીયાળ પહેરે છે.એ હકીકતનો સ્વીકાર કરે છે કે ભોભા ફળીયામા જવા માટે એકથી વધુ રસ્તા છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે ભોભા ફળીયુ ઘણુ મોટુ છે અને ત્યા મુસ્લીમ વસ્તી ઘણી રહે છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે તા.૯/૧/૨૩ ના રોજ મારે મરણ જનાર શહેબાઝ તેમજ સોહેલ મહમદ તથા કેએસ અશરફ જોડે ડીજે લેવા માટે જવા માટેની કોઈ વાતચીત થયેલ નહી.મરણ જનાર શહેબાઝ, કેએસ અશરફ તથા સોહેલ મહમદ તેમજ પોતે ફળીયામા રહેતા હોય એકબીજાના મીત્રો થઈએ છીએ.મરણ જનાર શહેબાઝ સબ્બીરોદ્દીન મલેક વેલ્ડીગનુ કામકાજ કરવા જતો હતો. સદર સાહેદ ડીજે ના સ્પીકર જોવા ચોકકસ કોઈ વ્યકતીના ઘરે જવાનો ન હતો. એ હકીકતનો સ્વીકાર કરે છે કે ભોભા ફળીયાના નાકે જયા ટોળુ વળેલુ હતુ તે ખુલ્લી જગ્યા મા ચોક આવેલ છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે ભોભા ફળીયાના ચોકમા આજુબાજુ રહેણાંક ઘર તથા પાનના ગલ્લા તેમજ અન્ય દુકાનો આવેલ છે.એ હકીકતનો સ્વીકાર કરે છે કે ચોકમા ડાબી બાજુ ફળીયાના માણસોને બેસવા માટે એક ઓટલો બનાવેલો છે.એ હકીકતનો ઈન્કાર કરે છે કે મરણ જનાર શહેબાઝ તથા સોહેલ મહમદ, કેએસ અશરફ તથા મારે વાવડી ફળીયાની આસપાસના વિસ્તારમા રહેતા છોકરાઓ જોડે નાનીનાની બાબતોમા ઝઘડા અને મારામારી થયેલી. વાવડી ફળીયાથી ભોભા ફળીયુ આશરે અડધો કીલોમીટરના અંતરે આવેલ છે.સદર સાહેદ બનાવની રાત્રીએ તેમના ઘરેથી આશરે રાત્રીના ૯-૨૦ વાગે ભોભા ફળીયામા જવા માટે નીકળેલો. એ હકીકતનો સ્વીકાર કરે છે કે ભોભા ફળીયાના ચોકથી એક રસ્તો જુની ડેરી તરફ જાય છે. સદર સાહેદ બનાવની રાત્રીએ જુની ડેરીવાળા રસ્તેથી ભોભા ફળીયે ગયેલો નહી. એ વાત હાલ તેમને યાદ નથી કે દુધની ડેરી અને ભોભા ફળીયાના ચોક વચ્ચે ચરોતર હાર્ડવેરની દુકાન આવેલ છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે સદર સાહેદ બનાવ સ્થળે પહોચ્યો ત્યારે બનાવ બની ગયેલો હતો.એ હકીકતનો સ્વીકાર કરે છે કે પોતે સ્થળ પર પહોચ્યો તે પહેલાના બનાવની હકીકત સદર સાહેદે સોહેલમહમંદના કહેવાથી જાણેલી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે સદર સાહેદ સ્થળ પર પહોચ્યો ત્યારે કેએસ અશરફ બનાવ સ્થળેથી નીકળી ગયેલા હતા.સદર સાહેદ જે બનાવ સમયે જે ટોળુ ભેગુ

થયેલાનુ જણાવે છે તે ટોળુ પચીસથી પચાસ વ્યકતીઓ વચ્ચેનુ હતુ.એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેઓ શહેબાઝને બાઈક પર બેસાડીને લઈ ગયેલો જ નહી.એ હકીકતનો પણ ઈન્કાર કરે છે કે શહેબાઝને બાઈક પર બેસાડી લઈ જતા સમયે તેમનુ ટીશર્ટ તથા જીન્સનુ પેન્ટ લોહીવાળુ થયેલાની હકીકત પોતે ખોટી જણાવે છે.એ હકીકતનો ઈન્કાર કરે છે કે પોલીસે પાછળથી મરણ જનાર શહેબાઝનુ લોહી હોસ્પીટલમા થી મેળવી મારા કપડા પર તે નાખી ખોટો પુરાવો ઉભો કરવા ખોટો પુરાવો ઉભો કરેલ. એ હકીકતનો પણ ઈન્કાર કરે છે કે તેમણે પોલીસમા કોઈ કપડા રજુ કરેલા જ નહી. સદર સાહેદ બનાવની રાત્રીએ વાવડી ફળીયાથી બળીયાદેવ મંદીર થઈ વેલકમ ડેરી થઈ ભોભા ફળી ચોકમા પહોચેલો તે રસ્તો અડધા કીલોમીટરની અંદર થાય. એ હકીકતનો સ્વીકાર કરે છે કે ભોભા ફળીયા ચોકમા સુપર અશરફી આઈસ ડેપો, સેવન સ્ટાર બેકરી, ચારાના આઈસ્ક્રીમ ની દુકાનો આવેલ છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે ઓટલાની બાજુમા પણ પાનનો ગલ્લો આવેલ છે. એ વાતની તેમને ખબર નથી કે ત્યા દીલદાર પાન પેલેસ આવેલુ છે.એ હકીકતનો સ્વીકાર કરે છે કે ડાબી બાજુ આરોપી મુસ્તફામીયા ઉર્ફે બાબુલભાઈનો પાનનો ગલ્લો આવેલ છે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેમણે જયારે ટોળુ જોયુ ત્યારે આરોપી નં. ૨ નાઓને સદર સાહેદે તેઓના પાનના ગલ્લે જોયેલા. એ હકીકતનો પણ ઈન્કાર કરે છે કે મરણ જનાર પોતાની પાસે કાયમ છરો રાખતા હતા. એ હકીકતનો ઈન્કાર કરે છે કે બનાવની રાત્રીએ મે તથા સોહેલ મહમદ, કેએસ અશરફ તથા શહેબાઝનાઓએ આરોપી નં. ૧ મહમદ સોહેબ ઉર્ફે ભાણા પર હુમલો કરેલો. એ હકીકતનો પણ ઈન્કાર કરે છે કે અમે લોકોએ મહમદસોહેબ પર હુમલો કરેલો જેથી ટોળુ ભેગુ થઈ ગયેલુ જેથી સદર સાહેદ તથા કેએસ અશરફ સ્થળ પરથી ભાગી ગયેલા.એ હકીકતનો પણ ઈન્કાર કરે છે કે બનાવ વખતે મરણ જનાર શહેબાઝનાઓને તેઓએ પેન્ટના આગળના ભાગે રાખેલ તેઓનુ જ ચાકુ સાથળના ઉપરના ભાગે વાગી ગયેલુ જેથી તે લોહીલુહાણ થતા અમે ગભરાઈ ગયેલા અને અમે બનાવ સ્થળ છોડી ઘરે જતા રહેલાએ હકીકતનો પણ ઈન્કાર કરે છે કે સોહેલમહંમદનાઓએ પોતે તથા મરણ જનાર તથા કેએસ અશરફ ત્રણેય મો.સાયકલ પર નીકળેલ હોય અને મો.સાયકલ ની પાછળ સોહેબ ઉર્ફે ભાણાનાઓએ પોતાનુ બાઈક અથડાવેલ હોય અને તે સમયે સોહેબ ગુસ્સે થઈ ગયેલ હોય બોલાચાલી ગાળો બોલેલ હોય અને તેનુ

ઉપરાણુ લઈ બાબુલભાઈ નાઓએ શહેબાઝને પકડી રાખેલ હોય અનેતેસમયે સોહેબ ઉર્ફે ભાણાએ તેની પાસેનુ ચાકુ શહેબાઝને જમણી બાજુ પેટની નીચે સાથળ પર મારી દીધેલ હોય તેવી હકીકત સદર સાહેદને સોહેલ મહંમદે જણાવેલાનુ પોતે ખોટુ જણાવે છે.

(૧૩/૮) ત્યારબાદ ફરીયાદ પક્ષે સાહેદ નંબર.૧૦ તરીકે **સાહેદ અર્જુનભાઈ નાનજીભાઈ રાઠવાને આંક–૪૯ થી** તપાસવામાં આવેલા છે.તેઓ સોગંદ પરના પુરાવામા જણાવે છે કે,તેઓ છેલ્લા ચાર વર્ષથી આણંદ ખાતે ડી એફએસ ગાંધીનગરના મોબાઈલ ઈનવેસટીગેશન વાનમા સાયન્ટીફીક ઓફીસર તરીકે ફરજ બજાવુ છુ. ગઈ તા. ૧૦/૧/૨૩ ના રોજ પોલીસ કંન્ટ્રોલ રુમ તરફથી મેસેજ મળેલો કે બોરસદ ટાઉન પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૧૫૦૦૬૨૩૦૦૧૧/૨૦૨૩ ના ગુનાના કામે સ્થળ પરીક્ષણ કરવા માટે વિનંતી કરવામા આવેલી જેથી તેઓએ તા. ૧૦/૧/૨૩ ના કલાક ૯–૫૦ થી ૧૦–૫૦ દરમ્યાન બોરસદ, ભોભા ફળી, મદ્રેસા પાસે ગયેલો અને તે વખતે ત્યા ત.ક.અમલદારશ્રીનાઓના હાજર હતા અને તેમની હાજરીમા બનાવવાળી જગ્યા જોતા તે જગ્યાએ આરસીસી રોડ પર આશરે બે ફુટના ઘેરાવામા રતાશ પડતા ડાઘા ધબ્બા જોવા મળેલા હતા અને તે ડાઘા ધબ્બાની બાજુમા છાટા જેવા આશરે ચારેક ફુટના અંતરમા રતાશ પડતા ડાઘાઓ જોવા મળેલ. સદર ડાઘાઓ તથા ધબ્બાઓ ની લોહી અંગેની પ્રાથમીક કસોટી કરતા પરીણામ સકારાત્મક જોવા મળેલ હતુ તે જગ્યાએથી પુર્વ તરફ આશરે ચાલીસ ફુટના અંતરે આરસીસી રોડ પર આશરે બાર ફુટ જેટલા ઘેરાવામા છુટાછવાયા ડાઘાઓ તથા ધબ્બાઓ રતાશ પડતા રંગના જોવા મળેલ હતા જે ડાઘાઓ તથા ધબ્બાઓની લોહી અંગેની પ્રાથમીક કસોટી કરતા પરીણામ સકારાત્મક જોવા મળેલ. આ બીજી ડાઘા ધબ્બાવાળી જગ્યાની દક્ષિણ તરફ આઠ ફુટના અંતરે મદ્રેસા–એ–રોનકે–ઈસ્લામ નો મુખ્ય દરવાજો આવેલ હતો પુર્વ તરફ આરસીસી રોડ છોડી અશરીફ લખાણ ધરાવતુ મકાન આવેલ હતુ જેની ઉત્તર બાજુએ સુપર આઈસ ડેપો આવેલ હતો. સદર બનાવસ્થળને બન્ને જગ્યાઓની વચ્ચેના ભાગે આરસીસી રોડ પર પગરખા/પગની છાપ વાળા રતાશ પડતા અસ્પષ્ટ નિશાનો જોવા મળેલા. સદર

બન્ને જગ્યાએથી જોવા મળેલ લોહીના ડાઘા તથા ઘબ્બાઓ પરથી ઘસીને બનાવેલ લોહીના રુ ના પુમડા તથા કન્ટ્રોલ રુ નુ પુમડુ એકત્રીત કરાવેલ અને તેને વધુ તપાસ અર્થે એફએસએલ અમદાવાદ ખાતે મોકલી આપવા સુચન કરેલ તેમજ ત.ક.અમલદારશ્રીનાઓને મરણ જનારના બનાવ સમયે પહેરેલ કપડા, મરણ જનારનુ બ્લડ સેમ્પલ, આરોપીના બનાવ સમયે પહેરેલ કપડા, આરોપીનુ બ્લડ સેમ્પલ તેમજ બનાવમા વપરાયેલ હથીયાર તપાસના કામે કબજે મેળવીને તેની વધુ પરીક્ષણ અર્થે એફએસએલ અમદાવાદ ખાતે મોકલી આપવા સુચન કરેલ. મે કરેલ સ્થળ પરીક્ષણનો અહેવાલ મારા હસ્તાક્ષરમા તૈયાર કરીને પોકો જયેશભાઈ રમેશભાઈ બ.ન.૧૧૨૭ બોરસદ ટાઉન પો.સ્ટે.નાઓને સુપ્રત કરેલ. તેમને અસલ સ્થળ પરીક્ષણ અહેવાલ બતાવવામા આવે છે જે પોતાના હસ્તાક્ષરમા છે અને જેમા પોતાની સહી છે જે તેઓ ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક-૫૦ આપવામા આવે છે.

સદર સાહેદની બચાવપક્ષે **ઉલટતપાસ** કરવામા આવેલ છે જેમા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે આ કામે સ્થળ પરીક્ષણના કામે કન્ટ્રોલ થી મેસેજ મળ્યો તે સમયે તેમની કચેરી આણંદ મુકામે આવેલ હતી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે અમને સ્થાનીક એફ.એસ.એલ અધીકારી આણંદ કચેરીમા મોબાઈલ ઈન્વેસ્ટીગેશન વાન સરકાર શ્રી તરફથી આપવામા આવેલી. તેમને આ કામે સ્થળ પરીક્ષણ કરવા માટે સ્થળ પર હાજર રહેવાનો મેસેજ તેમના મોબાઈલ પર વોટસઅપથી કરવામા આવેલો. એ હકીકતનો સ્વીકાર કરે છે કે અમોને ડાયરેકટરટ ઓફ ફોરેન્સીક સાયન્સ ગાંધીનગર મુકામેથી સ્થળ પરીક્ષણ અહેવાલની નિયત નમુનામા પાઠવવામા આવે છે.તેમને સ્થળ પર આવવા માટેનો મેસેજ દસ તારીખના વહેલી સવારે ચાર વાગ્યાની આસપાસ મળેલો. સદર સાહેદ પોતાનુ ખાનગી વાહન પણ ધરાવે છે.એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેમની આણંદ મુકામેની કચેરીમા અમોને સરકારી વાહન ફાળવેલ છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે તે સરકારી વાહનમા પરીક્ષણ માટેની કીટ પણ ફાળવવામા આવે છે.તેઓ પરીક્ષણના દીવસ તેમના ઘરેથી સ્થળ પરીક્ષણના સ્થળે જવા નીકળેલો. હુ સ્થળ પરીક્ષણ

માટે મોબાઈલ ઈન્વેસ્ટીગેશન વાન લઈને ગયેલો.એ હકીકતનો સ્વીકાર કરે છે કે મોબાઈલ ઈન્વેસ્ટીગેશન વાનના સરકાર તરફથી ડ્રાઈવર ફાળવવામા આવેલા છે.એ હકીકતનો સ્વીકાર કરે છે કે આંક–૫૦ ના પરીક્ષણ અહેવાલમા સરકારી વાહનનો કોઈ નંબર જણાવવામા આવેલ નથી. તેમને ત.ક.અમલદાર ધ્વારા સ્થળ પરીક્ષણ માટે આવવા માટે મેસેજ કરવામા આવેલ તેમા ગુનાને લગતી ટુક હકીકત જણાવવામા આવેલ. સદર સાહેદ તેમની કચેરીમા કોઈ વીઝીટ બુક રાખતા નથી. અમારી કચેરીમા મોબાઈલ ઈન્વેસ્ટીગેશન વાન કચેરીથી નીકળી ગુનાવાળી જગ્યા પર જાય તે બાબતની કીલોમીટરની કોઈ નોધ રાખવામા આવતી નથી. સદર સાહેદ બનાવવાળી જગ્યા પર સીધો જ ગયેલો. સદર સાહેદ સ્થળ પર પહોચ્યો ત્યારે પીઆઈ શ્રી ગમારા સાહેબ તેમને સ્થળ પર મળેલા.એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેમણે સ્થળ પર જઈ જાણેલ કે આ કામની તપાસ પીઆઈશ્રી ગમારા સાહેબનાઓ કરે છે.સદર સાહેદે સ્થળ પર બનાવ સ્થળનુ નીરીક્ષણ કરી તેનુ કાગળમા ટાંચણ કરેલુ. એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેમણે સ્થળ પરીક્ષણનો અહેવાલ આણંદ કચેરીમા આવીને તૈયાર કરેલો. સદર સાહેદે સ્થળ પરીક્ષણ કર્યુ તે દરમ્યાન પીઆઈશ્રી ગમારા સાહેબ કલાક ૧૦–૫૦ સુધી સ્થળ પર હાજર હતા. સ્થળ પર સદર સાહેદ પહોચ્યા ત્યારે ત્યા પોલીસના માણસો તેમજ બીજા અન્ય માણસો હાજર હતા. તેમને એ વાતનો ખ્યાલ નથી કે પોતાની હાજરીમાં તપાસ કરનાર અમલદારે બનાવ સ્થળની કોઈ વીડીયોગ્રાફી કરાવેલ હોય કે ફોટોગ્રાફી કરાવેલ હોય. એ હકીકતનો સ્વીકાર કરે છે કે આક–૫૦ ના રીપોર્ટમા મારી સહી નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે આંક–૫૦ ના રીપોર્ટમા કૌસમા એ.એન.રાઠવા માત્ર મારુ નામ જણાવેલ છે સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારુ નામ મે મારા હસ્તાક્ષરમા લખેલ છે.એ હકીકતનો સ્વીકાર કરે છે કે આંક–૫૦ ના અહેવાલમા લોહી માટે કઈ પધ્ધ્તીથી પરીક્ષણ કરવામા આવેલુ તેનો ઉલ્લેખ નથી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે પોતે સ્થળ પર ગયેલો જ નહી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેમને તેમની કચેરીમા ત.ક.અમલદારે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ મોકલી આપેલુ. એ હકીકતનો પણ ઈન્કાર કરે છે કે તેમણે ગુનાવાળી જગ્યાના પંચનામાના આધારે આંક–૫૦ ના રીપોર્ટમા બનાવની ટુકી વિગત તેમજ અવલોકનો લખીને રીપોર્ટ ત.ક.અમલદારને આપેલો.

સવાલ–આ કામે આકં–૫૦ નો અહેવાલ ત.ક.અમલદાર પી.આઈ.શ્રી.એલ.ડી.ગમારા સાહેબ નાઓના બદલે પો.કો. જયેશભાઈ રમેશભાઈ નાઓને આપવા માટે શુ કારણ હતુ ?

જવાબ–તે સમયે પો.કો જયેશભાઈ રમેશભાઈ હાજર હોવાથી અહેવાલ તેઓને આપેલો.

એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેઓ સ્થળ પર ગયેલો નહી. એ હકીકતનો પણ ઈન્કાર કરે છે કે પોતે સ્થળ પર ગયો હોવ તે સમયે ત.ક.અમલદાર સ્થળ પર હાજર હોય અને તેઓની હાજરીમા સ્થળ પરીક્ષણ કરેલ હોય તે હકીકત ખોટી જણાવે છે.

**(૧૩/૯)** ત્યારબાદ ફરીયાદ પક્ષે સાહેદ નંબર.૧૧ તરીકે **સાહેદ પી.એસ.આઈ.કનૈયાલાલ મસોતભાઈ ચૌધરીને આંક–૫૧ થી** તપાસવામાં આવેલા છે.તેઓ સોગંદ પરના પુરાવામા જણાવે છે કે,હાલ પોતે ગોધરા રેલ્વે પો.સ્ટે.માં પીએસઆઈ તરીકે ફરજ બજાવે છે.ગઈ તા.૧૦/૦૧/૨૦૨૩ ના રોજ અમો બોરસદ ટાઉન પો.સ્ટે. ખાતે પીએસઆઈ તરીકે મારી ફરજ પર હાજર હતા તે વખતે સોહેલ મહંમદ સમરીમહંમદ ફરમાનુદીન મલેક, રહે. વાવડી મહોલ્લા, જુની કોર્ટ પાસે, ખાનજા ટોળુ, બોરસદનાઓ આવીને પોતાના રુબરુ ફરીયાદ હકીકત એવી લખાવેલી કે, 'તા. ૯/૧/૨૩ ના રાતના સાડા નવેક વાગે હુ અને સહેબાજ અને કેશઅશરફ અમે ત્રણેય જણા મારા મીત્ર ફૈઝાન મલેકના હીરો સ્પેન્ડર મોટર સાયકલ લઈ ભોભા ફળી જવા નીકળેલ અને મોટર સાયકલ કેશઅશરફ ચલાવતો હતો અને તેની પાછળ સહેબાજ અને છેલ્લે હુ બેઠેલો હતો અમે ત્રણેય જણા ભોભા ફળી મદ્રેશા પાસેથી પસાર થતા એક મોટર સાયકલ આવેલ અને અમારી મોટર સાયકલને અથડાવેલ જેથી અમે ત્રણેય જણા પડતા પડતા રહી ગયેલ જેથી અમે પાછળથી જોતા એક પલ્સર મોટર સાયકલ હતી અને સોહેબ સબ્બીરોદ્દીન મલેક હતો જેથી સહેબાજે તેને બાઈક જોઈ ચલાવ તેમ કહેતા તે એકદમ ગુસ્સે થઈ ગયેલો અને અમને ઉભા રાખી દીધેલ અને અમારી સાથે બોલાચાલી કરવા લાગેલો અને અમોને ગંદી ગંદી ગાળો બોલતા હતા એટલામાં સોહેબ મલેકના મામા

બાબુલભાઈ આવી ગયેલા અને બાબુલભાઈએ સહેબાજને પકડી રાખેલ અને સોહેલ ે તેના પેન્ટમાંથી ચાકુ કાઢી સહેબાજના પેટમાં મારવા જતા મે તેને પકડવા જતા ચાકુ સહેબાજના જમણા પગે જાઘમાં વાગી ગયેલ અને સહેબાજના શરીરમાંથી લોહી નીકળેલ ત્યારબાદ અમે સહેબાજને શ્રધ્ધા હોસ્પીટલમાં લઈ ગયેલા ત્યારબાદ કરમસદ હોસ્પીટલમા લઈ ગયેલા ત્યા ડૉકરટે સહેબાજનુ અવશાન થયેલાનુ જણાવેલ' તે મુજબની ફરીયાદ ફરીયાદીના લખાવ્યા મુજબની પોતે લખી લીધેલી અને નીચે ફરીયાદીએ સહી કરેલી અને રુબરુ તરીકે પોતે પોતાની સહી કરેલી. બાદ સદરહુ ફરીયાદ ગુનો રજીસ્ટર થવા સારુ પીએસઓ, બોરસદ ટાઉન તરફ મોકલી આપેલી. તેમને આંક–૪૪ વાળી અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં રુબરુ તરીકે પોતાની સહી છે, જે તેઓ ઓળખી બતાવે છે.

સદર સાહેદની આરોપી નં.૧ ના વિ.વ.શ્રી ધ્વારા **ઉલટતપાસ** કરેલ છે તેમા તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેમણે ફરીયાદીની ફરીયાદ તેઓએ ફરીયાદીને પુછયા વીના પોતાની જાતે લખી લીધેલી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે ફરીયાદીએ તેમની ફરીયાદમાં પલ્સર મોટર સાયકલનો નંબર માત્ર ૯૮૨૨ એટલો જ નંબર લખાવેલો, આગળનો નંબર લખાવેલો નથી.એ હકીકતનો પણ સ્વીકાર કરે છે કે પોતાના રુબરુની ફરીયાદમાં ઈજા પામનારનાઓને શ્રધ્ધા હોસ્પીટલમાં સારવાર માટે લઈ ગયેલાની હકીકત જાહેર થયેલી.એ હકીકતનો પણ સ્વીકાર કરે છે કે બનાવની રાત્રીએ મરણ જનાર તથા તેના બે મીત્રો ત્રણ સવારી આવતા હતા તેવી હકીકત પણ ફરીયાદમાં જાહેર થયેલી.એ હકીકતનો પણ સ્વીકાર કરે છે કે બનાવ સમયે ગુજરનાર સહેબાજ બેભાન થઈ ગયેલો હોય તેવી હકીકત ફરીયાદમાં જાહેર થયેલી નહી. એ હકીકતનો પણ સ્વીકાર કરે છે કે પોતાની રુબરુની ફરીયાદમાં ફરીયાદીએ''તે વખતે ત્યા હાજર વ્યકતીમાંથી કોઈ સહેબાજને બાઈક પર બેસાડવામાં મદદ કરવા તૈયાર ન હતુ ' તેવી હકીકત લખાવેલ નથી. એ હકીકતનો પણ સ્વીકાર કરે છે કે જમણા પગે જાઘ ઉપર એક જ ઈજાની હકીકત ફરીયાદમાં જાહેર થયેલી.

સદર સાહેદની આરોપી નં.૧ ના વકીલશ્રી ધ્વારા કરવામા આવેલ

ઉલટતપાસને આરોપી નં.૨ના વિ.વ.શ્રીએ એડોપ્ટ કરે છે.

**(૧૩/૧૦)** ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નંબર.૧૨ તરીકે **પી.એસ. ઓ.જયદીપભાઈ દશરથભાઈ રાણાને આંક-૫૨ થી** તપાસવામાં આવેલા છે.તેઓ સોગંદ પરના પુરાવામા જણાવે છે કે,હાલ તેઓ બોરસદ ટાઉન પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ તરીકે પોતાની ફરજ બજાવે છે. ગઈ તા. ૦૯/૦૧/૨૦૨૩ ના રોજ અમો બોરસદ ટાઉન પોલીસ.સ્ટે. ખાતે પીએસઓ તરીકે સવારના ૮/૪૫ થી તારીખ.૧૦/૧/૨૩ ના સવારના કલાક ૮/૫૨ દરમીયાન મારી ફરજ પર હાજર હતા તે વખતે તા. ૧૦/૧/૨૦૨૩ ના કલાક ૧/૧૦ વાગે પીએસઆઈ શ્રી કે.એમ.ચૌધરી સાહેબનાઓના રુબરુની એક ફરીયાદ દાખલ થવા આવતા અમોએ ગુનો રજીસ્ટર કરી સીઆરપીસી કલમ ૧૫૭ નો રીપોર્ટ કરી આગળની વધુ તપાસ માટે કેસ કાગળો ઈન્ચાર્જ પી.આઈ.શ્રી એલ.ડી.ગમારા સાહેબનાઓને સોપેલા.આજરોજ પોતાની સાથે પોલીસ સ્ટેશન ડાયરી લાવેલ છે, જેના પેજ નં. ૮૫ ઉપર અનુક્રમ નં. ૪ પર કલાક ૧/૧૦, ગુના રજીસ્ટર નંબર ૧૧૨૧૫૦૦૬૨૩૦૦૧૧/૨૦૨૩, આઈપીસી કલમ ૩૦૨, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબનો ગુનો રજીસ્ટર કરેલો, જે પેજ નંબર ૮૫ ની પ્રમાણીત નકલ આજરોજ ના.કોર્ટમાં રજુ કરે છે, જેને રજુ દાખલ આંક-૫૩ આપવામાં આવે છે. તેમને ટેલીફોન વર્ધી બતાવવામાં આવે છે, જેમાં પોતાની સહી છે, જે તેઓ ઓળખી બતાવે છે,જેને રજુ દાખલ આંક-૫૪ આપવામાં આવે છે.તેમને વીજીટેશન માટેનો રીપોર્ટ બતાવવામાં આવે છે, જેમાં પોતાની સહી છે, જે તેઓ ઓળખી બતાવે છે, જેને રજુ દાખલ આંક-૫૫ આપવામાં આવે છે. તેમને વીએચએફ મેસેજ બતાવવામાં આવે છે, જેમાં પોતાની સહી ઓળખી બતાવે છે, જેને રજુ દાખલ આંક-૫૬ આપવામાં આવે છે.

સદર સાહેદની આરોપી નં.૧ ના વિ.વ.શ્રી ધ્વારા **ઉલટતપાસ** કરેલ છે તેમા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે આ કામની ફરીયાદી પીએસઆઈ શ્રી કે.એમ.ચૌધરી સાહેબ રુબરુ જાહેર થયેલી.એ હકીકતનો સ્વીકાર

કરે છે કે પીએસઆઈ શ્રી કે.એમ.ચૌધરી સાહેબ રુબરુની ફરીયાદનો પોતે માત્ર ગુનો રજીસ્ટર કરેલો.શ્રી કૃષ્ણા હોસ્પીટલ, કરમસદ મુકામેથી જે વર્ધી આવેલી તે સદર સાહેદે સ્વીકારેલ. એ હકીકતનો સ્વીકાર કરે છે કે આંક–૫૪ વાળી વર્ધીમાં હુમલો કરનાર કોઈ વ્યકતીનુ નામ જાહેર થયેલુ નહી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે આંક–૫૪ ની ટેલીફોન વર્ધી મુજબ મરણ જનારને માત્ર એક જ વ્યકતી જોડે ઝઘડો થયેલો તેવી હકીકત જાહેર થયેલી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે સદર સાહેદે વીએચએફ મેસેજ તથા ગુનાનો જાહેર રીપોર્ટ તેમજ ગુનો રજીસ્ટર કર્યા સીવાય બીજી કોઈ કાર્યવાહી આ કામે કરેલી નથી.

સદર સાહેદની આરોપી નં.૧ ના વકીલશ્રી ધ્વારા કરવામા આવેલ ઉલટતપાસને આરોપી નં.૨ ના વિ.વ.શ્રીએ એડોપ્ટ કરે છે.

**(૧૩/૧૧)** ત્યારબાદ ફરીયાદ પક્ષે સાહેદ નંબર.૧૩ તરીકે **સાહેદ મયુરકુમાર અંબુભાઈ પ્રજાપતીને આંક–૫૮ થી** તપાસવામાં આવેલા છે.તેઓ સોગંદ પરના પુરાવામા જણાવે છે કે,તેઓ હાલ નડીયાદ ખાતે મામલતદાર અને જનસંપર્ક અધિકારી તરીકે ફરજ બજાવે છે.સને ૨૦૨૩ માં સદર સાહેદ વર્તુળ અધિકારી, નગરપાલીકા,મામલતદાર કચેરી, બોરસદ ખાતે ફરજ બજાવતો હતો. તે વખતે મારી વર્તુળ અધિકારી તરીકેની કામગીરીમાં બોરસદ શહેરની જમીનો પરત્વેના કેસોની તમામ કામગીરી તથા નકશા બનાવવાની તથા ડી.ડી લેવાની હતી.તા.૧૮/૦૧ /૨૦૨૩ ના રોજ બોરસદ ટાઉન પો.સ્ટેમાંથી ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા માટે યાદી આવેલી જે યાદી મામલતદારશ્રીની કચેરીમાં સ્વીકારવામા આવેલ અને તે સ્વીકાર્યા બદલ મામલતદારશ્રી આરતીબેને સહી કરેલ જે અસલ યાદી પોતે પોતાની સાથે લાવેલ છે જે નામદાર કોર્ટમાં રજુ કરુ છુ જેને રજુ દાખલ આંક–૫૯ આપવામા આવે છે.તા.૨૦/૦૨/૨૦૨૩ ના રોજ બોરસદ ટાઉન પો.સ્ટે ધ્વારા ગુનાવાળી જગ્યાનો નકશો તૈયાર કરવા માટે મામલતદારશ્રી, કચેરીને રીમાઈન્ડર મોકલવામા આવેલ જે અમારી કચેરીના કલાર્ક રીટાબેને રીસીવ કરેલી. તેમને તે રીમાઈન્ડર બતાવવામા આવે છે જે જેમાં રીટાબેનની સહી સદર સાહેદ

ઓળખી બતાવે છે જેને રજુ દાખલ આંક –૬૦ આપવામા આવે છે. ત્યારબાદ તા.૨૪/૦૨/૨૦૨૩ ના રોજ વર્તુળ અધિકારી, નગરપાલીકા બોરસદ તરીકે પોતે સદરહુ યાદીમાં જણાવ્યા મુજબ ગુનાવાળી જગ્યાએ જઈ નકશો તૈયાર કરેલ. તેમન ગુનાવાળી જગ્યાનો નકશો બતાવવામા આવે છે જેમાં પોતાની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે જેને રજુ દાખલ આંક–૬૧ આપવામા આવે છે.ગુનાવાળી જગ્યાનો નકશો સદર સાહેદે ત્રણ કોપીમાં તૈયાર કરી મામલતદારશ્રી, બોરસદને સુપરત કરેલ. ત્યારબાદ તા.૨૭/૦૨/૨૦૨૩ ના રોજ ગુનાવાળી જગ્યાનો નકશો ત્રણ કોપીમાં તૈયાર કરી મામલતદારશ્રી આરતીબેને પી.આઈશ્રી, બોરસદ ટાઉન પો.સ્ટેને મોકલી આપેલ. તેમને યાદી બતાવવામા આવે છે જેમાં મામલતદારશ્રી, આરતીબેનની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે જેને રજુ દાખલ આંક– ૬૨ આપવામા આવે છે.

સદર સાહેદની આરોપી નં.૧ ના વિ.વ.શ્રી ધ્વારા **ઉલટતપાસ** કરેલ છે તેમા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે બોરસદ ટાઉન પી.આઈ ધ્વારા બોરસદ શહેર મામલતદારશ્રીને નકશો બનાવવા માટે જે યાદી કરેલી તે યાદી તેમને સીધી મળેલી નહી. આંક–૫૯ વાળી યાદી તેમને તા.૨૩/૦૧/૨૦૨૩ ના રોજ મળેલી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે નકશો તા.૨૪/૦૨/૨૦૨૩ ના રોજ તૈયાર કરેલો. એ હકીકતનો સ્વીકાર કરે છે કે આંક ૫૯ ની યાદી સાથે મને ગુનાવાળી જગ્યાનુ પંચનામુ પણ મળેલુ. એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેમણે આંક–૫૯ ની યાદીનો અભ્યાસ કરેલો. એ હકીકતનો સ્વીકાર કરે છે કે આંક–૫૯ વાળી યાદીમાં બનાવના સ્થળનુ ટુંકુ વર્ણન કરવામા આવેલ હતુ. એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેમના જે તે સમયે ઉપરી અધિકારી મામલતદારશ્રી હતા. એ હકીકતનો ઈન્કાર કરે છે કે મામલતદાર, બોરસદનાઓએ તેમને લેખિતમાં કોઈ હુકમ કરેલ નહી. તેમની જોડે મારી વર્તુળ અધિકારી તરીકેની ફરજમાં બીજો કોઈ સ્ટાફ હોતો નથી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે સદર સાહેદ વર્તુળ અધિકારી તરીકે બોરસદ નગરપાલીકામા બેસતો હતો. સદર સાહેદ નકશો બનાવતા સમયે સ્થળ ઉપર મામલતદાર કચેરીના કલાર્કને સાથે લઈને ગયેલો.

એ હકીકતનો ઈન્કાર કરે છે કે સ્થળ ઉપર પોતે માત્ર ટાંચણ કરેલુ. એ હકીકતનો પણ ઈન્કાર કરે છે કે નકશો પોતે પોતાની કચેરીમાં જઈ તૈયાર કરેલો.એ હકીકતનો સ્વીકાર કરે છે કે નકશાની અસલ પ્રત હાલ મારી પાસે છે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે પી.આઈશ્રીને નકશો સ્કેન કરીને મોકલવામા આવેલ. એ હકીકતનો પણ ઈન્કાર કરે છે કે પોતે સ્થળ પર ગયેલ નહી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેમણે ગુનાવાળી જગ્યાના પંચનામાના આધારે સ્થળ ઉપર ગયા વિના પોતાની કચેરીમાં બેસી નકશો તૈયાર કરેલો.

સદર સાહેદની આરોપી નં.૧ ના વકીલશ્રી ધ્વારા કરવામા આવેલ ઉલટતપાસને આરોપી નં.ર ના વિ.વ.શ્રીએ એડોપ્ટ કરે છે.

**(૧૩/૧૨)** ત્યારબાદ ફરીયાદ પક્ષે સાહેદ નંબર.૧૪ તરીકે **ત.ક.અ. લાલજીભાઈ ડાહ્યાભાઈ ગમારાને આંક-૬૪ થી** તપાસવામાં આવેલા છે.તેઓ સોગંદ પરના પુરાવામા જણાવે છે કે,હાલ તેઓ વડોદરા શહેરમાં પી.આઈ તરીકે મારી ફરજ બજાવે છે.ગત તા.૦૯/૦૧/૨૦૨૩ ના રોજ અમો બોરસદ ટાઉન પો.સ્ટેના વધારાના ચાર્જમાં પી.આઈ તરીકે હાજર હતો તે વખતે અમોને એક ફરીયાદ પી.એસ.આઈશ્રી કે.એમ.ચૌધરી નાઓના રૂબરૂની લઈ બોરસદ ટાઉન પી.એસ.ઓએ તપાસ અમારા તરફ મોકલી આપતા પોતે તપાસ સંભાળી લીધેલી. સદર ગુનાના કામે અમોએ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલુ. પંચો રૂબરૂ ઈન્કવેસ્ટ પંચનામુ કરેલુ. સાહેદ સોહેલ મહંમદ તથા કેશઅશરફમહંમદનાઓના વિગતવારના નિવેદનો લીધેલા.ગુનાના કામે ફરીયાદી તથા સાહેદોના કપડા પંચો રૂબરૂ કબ્જે કરેલા તથા એક મોટરસાયકલ ગુનાના કામે પંચો રૂબરૂ કબ્જે કરેલા.એફ.એસ.એલ અધિકારીને સ્થળ પર પધારવા યાદી પાઠવેલ. મેડીકલ ઓફીસરને લાશનુ પી.એમ કરવા અને કોઝ ઓફ ડેથનુ સર્ટી આપવા માટે યાદી કરેલ.આરોપીઓને અટક કરેલ અને મેડીકલ ઓફીસરને આરોપીઓનુ બ્લડ સેમ્પલ લેવા માટે અલાયદી યાદી કરેલી.આરોપીઓને જોયે તેઓ ઓળખી શકે.તેમને મુદદામાલ આર્ટીકલ નંબર ૧

બતાવવામા આવે છે જે સફેદ કલરનુ ટીશર્ટ છે જે બનાવ વખતે લોહીથી ખરડાઈ ગયેલ હતુ.આ ટીશર્ટ મરણ જનારનુ હતુ જે તેમણે પંચનામાની વિગતે કબજે કરેલ તેજ છે જે તેઓ ઓળખી બતાવે છે.તેમને આંક–૨૩ વાળી પંચ સ્લીપ બતાવવામા આવે છે જેમાં બે પંચોની સહીઓ છે અને રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. તેમને મુદદામાલ આર્ટીકલ નંબર (૨) બતાવવામા આવે છે જે કાળા કલરનુ જીન્સનુ પેન્ટ છે જેના પર જે તે સમયે બ્લડના નિશાન હતા અને અત્યારે હાલ સુકાઈ ગયેલ છે. આ પેન્ટ મરણ જનારનુ હતુ જે પોતે પંચનામાની વિગતે કબ્જે કરેલ તે તે જ છે જે તેઓ ઓળખી બતાવે છે. તેમને આં ક–૨૪ વાળી પંચસ્લીપ બતાવવામા આવે છે જેમાં બે પંચોની સહીઓ છે અને રૂબરૂ તરીકે પોતાની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.તેમને મુદદામાલ આર્ટીકલ નંબર (૩) બતાવવામા આવે છે જે નીલા વાદળી ક્રીમ જેવા પટટાવાળી કોલરવાળી ટીશર્ટ છે. આ ટીશર્ટ સાહેદ મહંમદતુફેલ તન્વીરમહંમદ યુસુફખાન પઠાણનુ હતુ જે મરણ જનારને હોસ્પિટલમાં લઈ જતી વખતે સાહેદે પહેરેલુ હતુ તે છે જે પોતે પંચનામાની વિગતે કબ્જે કરેલ તે તે જ છે જે તેઓ ઓળખી બતાવે છે. તેમને આંક –૨૫ વાળી પં ચ સ્લીપ બતાવવામા આવે છે જેમાં બે પંચોની સહીઓ છે અને રૂબરૂ તરીકે પોતાની સહી છે જે તેઓ ઓળખીબતાવે છે.તેમને મુદદામાલ આર્ટીકલ નંબર(૪) બતાવવામા આવે છે જે ભુરા કલરનુ જીન્સ પેન્ટ છે જે સુકાયેલા લોહીના ડાઘાવાળુ છે.આ પેન્ટ સાહેદ મહંમદતુફેલ તન્વીરમહંમદ યુસુફખાન પઠાણનુ હતુ જે મરણ જનારને હોસ્પિટલમાં લઈ જતી વખતે સાહેદે પહેરેલુ હતુ તે છે જે પોતે પંચનામાની વિગતે કબ્જે કરેલ તે તે જ છે જે તેઓ ઓળખી બતાવે છે. તેમને આંક–૨૬ વાળી પંચ સ્લીપ બતાવવામા આવે છે જેમાં બે પંચોની સહીઓ છે અને રૂબરૂ તરીકેપોતાની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.તેમને મુદદામાલ આર્ટીકલ નં બર(૯)બતાવવામા આવે છે જે ક્રીમ જેવા કલરની આખી બાંચની ટીશર્ટ છે.આ ટીશર્ટ આરોપી મહંમદ સોએબ ઉર્ફે ભાણો શબ્બીરોદીન જહાંગીરોદીન મલેકનાએ ગુના વખતે પહેરેલ હતી તે સદર ત.ક.અમલદારે આરોપી પાસેથી પંચનામાની વિગતે કબ્જે કરેલ તે તે જ છે જે તેઓ ઓળખી બતાવે છે.તેમને આંક–૩૪ વાળી પંચસ્લીપ

બતાવવામા આવે છે જેમાં બે પંચોની સહીઓ છે અને રૂબરૂ તરીકે પોતાની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. તેમને મુદદામાલ આર્ટીકલ નંબર (૧૦) બતાવવામા આવે છે જે આછા વાદળી જેવા કલરનુ જીન્સનુ પેન્ટ છે. આ પેન્ટ આરોપી મહંમદસોએબ ઉર્ફે ભાણો શબ્બીરોદીન જહાંગીરોદીન મલેકનાએ ગુના વખતે પહેરેલી હતી તે સદર ત.ક.અમલદારે આરોપી પાસેથી પંચનામાની વિગતે કબ્જે કરેલ તે તે જ છે જે તેઓ ઓળખી બતાવે છે.તેમને આંક ૩૫ વાળી પં ચસ્લીપ બતાવવામા આવે છે જેમાં બે પંચોની સહીઓ છે અને રૂબરૂ તરીકે પોતાની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.તેમને મુદદામાલ આર્ટીકલ નંબર (૧૧) બતાવવામા આવે છે જે સીલબંધ હાલતમાં છે જે નામદાર કોર્ટની પરવાનગીથી ખોલી બતાવતા તેમાંથી સફેદ કલરનો હાથરુમાલ નીકળેલ છે જેમાં સુકાયેલા લોહીના ડાઘા છે. આ હાથરુમાલ આરોપી મહંમદસોએબ ઉર્ફે ભાણો શબ્બીરોદીન જહાંગીરોદીન મલેકનાએ ગુના વખતે પહેરેલ પેન્ટના ખિસ્સામાંથી આરોપી પાસેથી નીકળતા તે ત.ક.અમલદારે આરોપી પાસેથી પંચનામાની વિગતે કબ્જે કરેલ તે તે જ છે જે તેઓ ઓળખી બતાવે છે. આ રૂમાલમાં થી નીકળેલ પંચ સ્લીપ બતાવવામા આવે છે જેમાં બે પંચોની સહીઓ છે અને રૂબરૂ તરીકે પોતાની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ આંક– ૬૫ આપવામા આવે છે. તેમને મુદદામાલ આર્ટીકલ નંબર (૧૨) બતાવવામા આવે છે જે પીળા જેવા કલરની આખી બાંયની ટીશર્ટ છે. આ ટીશર્ટ આરોપી મુસ્તુફામીયાં ઉર્ફે બાબુલભાઈ મલેકએ ગુના વખતે પહેરેલી હતી તે મે આરોપી પાસેથી પંચનામાની વિગતે કબ્જે કરેલ તે તે જ છે જે તેઓ ઓળખી બતાવે છે.તેમને આંક ૩૬ વાળી પંચ સ્લીપ બતાવવામા આવે છે જેમા બે પંચોની સહીઓ છે અને રુબરુ તરીકે પોતાની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.તેમને મુદદામાલ આર્ટીકલ નંબર (૧૩) બતાવવામા આવે છે જે વાદળી કલરનુ જીન્સનુ પેન્ટ છે.આ પેન્ટ આરોપી મુસ્તુફામીયાં ઉર્ફે બાબુલભાઈ મલેકએ ગુના વખતે પહેરેલ હતુ તે મે આરોપી પાસેથી પંચનામાની વિગતે કબ્જે કરેલ તે તે જ છે જે તેઓ ઓળખી બતાવે છે.તેમને આંક–૩૭ વાળી પંચ સ્લીપ

બતાવવામા આવે છે જેમા બે પંચોની સહીઓ છે અને રુબરુ તરીકે પોતાની સહી છે જે ઓળખી બતાવે છે. તેમને આંક–૧૨ વાળુ ઈન્કવેસ્ટ પંચનામુ બતાવવામા આવે છે જેમાં પોતાની રૂબરૂ બે પંચોની સહીઓ છે તથા તપાસ કરનાર અધિકારી તરીકે પોતાની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે..

તેમને આંક ૨૮ વાળુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ બતાવવામા આવે છે જેમાં પોતાની રૂબરૂ બે પંચોની સહીઓ છે તથા તપાસ કરનાર અધિકારી તરીકે પોતાની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.તેમને આંક–૨૨ વાળુ મરણ જનારના કપડા કબ્જે કર્યાનુ પંચનામુ બતાવવામા આવે છે જેમાં પોતાની રૂબરૂ બે પંચોની સહીઓ છે તથા તપાસ કરનાર અધિકારી તરીકે પોતાની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. તેમને આંક–૩૩ વાળુ આરોપીઓના કપડા કબ્જે કર્યાનુ પંચનામુ બતાવવામા આવે છે જેમાં પોતાની રૂબરૂ બે પંચોની સહીઓ છે તથા તપાસ કરનાર અધિકારી તરીકે પોતાની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.તેમને આંક– –૧૩ વાળુ મોટરસાયકલ કબ્જે કર્યાનુ પંચનામુ બતાવવામા આવે છે જેમાં પોતાની રૂબરૂ બે પંચોની સહીઓ છે તથા તપાસ કરનાર અધિકારી તરીકે પોતાની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.તેમને આંક–૧૬ વાળી મરણ જનારની લાશનુ પી.એમ કરવા માટેની તથા કોઝ ઓફ ડેથ સર્ટી મેળવવા માટે તેમણે કરેલ યાદી બતાવવામા આવે છે જેમાં પોતાની તપાસ કરનાર અધિકારી તરીકે પોતાની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.તેમને મરણોતર ફોર્મ બતાવવામા આવે છે જેમાં પોતાની સહી છે જેને તેઓ ઓળખી બતાવે છે જેને રજુ દાખલ આંક–૬૬ આપવામા આવે છે.તેમને મરણ જનારના કપડા આપવા માટેની યાદી બતાવવામા આવે છે જેમાં પોતાની સહી છે જેને તેઓ ઓળખી બતાવે છે જેને રજુ દાખલ આંક–૬૭ આપવામા આવે છે.તેમને ઈન્કવેસ્ટ ભરવા માટેની યાદી બતાવવામા આવે છે જેમાં પોતાની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે જેને રજુ દાખલ આંક–૬૮ આપવામા આવે છે.તેમને આરોપીના લોહીના નમુના લેવા માટેની યાદી બતાવવામા આવે છે જેમાં પોતાની સહી છે જે પોતે ઓળખી બતાવે છે જેને રજુ દાખલ આંક–૬૯ આપવામા આવે છે. ત્યારબાદ આ કામે તા.૧૨/૦૧/૨૦૨૩ બોરસદ ટાઉન પો.સ્ટેના પી.આઈ ડી.આર.ગોહીલનાઓ રજા પરથી હાજર થતા સદર સાહેદે આગળની તપાસ તેઓને સોંપેલ.

સદર સાહેદની આરોપી નં.૧ ના વિ.વ.શ્રી દ્વારા **ઉલટતપાસ** કરેલ છે

તેમા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે આ કામની ફરીયાદ પી.એસ.આઈ શ્રી કે.એમ.ચૌધરી નાઓ રૂબરૂ જાહેર થયેલી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેમણે તપાસના કામે ફરીયાદનો અભ્યાસ કરેલો. તેઓએ તેમની તપાસ દરમિયાન આ કામના ફરીયાદી સોહેલમહંમદ સમીરમહંમદ મલેકનાઓનુ કોઈ વિશેષ નિવેદન લીધેલુ નહી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે ફરીયાદ હકીકત મુજબ મરણ જનારનાઓને સૌપ્રથમ બોરસદ મુકામેની શ્રધ્ધા હોસ્પીટલ ખાતે લઈ જવામા આવેલ હતા.એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેમણે તપાસના કામે બોરસદ મુકામેની શ્રધ્ધા હોસ્પિટલમાં જઈ ડોકટરશ્રીની કોઈ પુછપરછ કરી હોય તેવુ બનેલ નથી. તેમને આ કામની તપાસ તા.૧૦/૦૧/૨૦૨૩ ના રોજ મળેલી. તેમને આ કામની ફરીયાદ સાથે શ્રીકૃષ્ણ હોસ્પિટલ, કરમસદના ડોકટરશ્રી અલીશાનાઓએ આપેલ ટેલિફોન વર્ધી મળેલી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેમણે ટેલિફોન વર્ધીનો અભ્યાસ કરેલો. એ હકીકતનો સ્વીકાર કરે છે કે ટેલિફોન વર્ધીમાં હુમલો કરનાર કોઈ વ્યકિતનુ નામ આપવામા આવેલ નહી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે ટેલિફોન વર્ધીમાં એક જ વ્યકિત સાથે ઝઘડો થયેલાની હકીકત જાહેર થયેલ છે.તેઓએ મરણ જનારની લાશનુ ઈન્કવેસ્ટ પંચનામુ થવા માટે સબ ડીવીઝનલ મેજી.સાહેબ, બોરસદનાઓને યાદી કરેલી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે લાશનુ ઈન્કવેસ્ટ પંચનામુ કરવા માટે સબ ડીવીઝનલ મેજી.નાઓ શ્રીકૃષ્ણ હોસ્પિટલ, કરમસદ ખાતે આવેલા.એ હકીકતનો સ્વીકાર કરે છે કે ઈન્કવેસ્ટ પંચનામુ સબ ડીવીઝનલ મેજી.રૂબરૂ થયેલુ.એ હકીકતનો સ્વીકાર કરે છે કે આંક-૧૨ ના ઈન્કવેસ્ટ પંચનામામા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોઈ સહી નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે સબ ડીવીઝનલ મેજી. સાહેબને પધારવા લખેલ યાદી અન્વયે તેઓશ્રી ધ્વારા તેમને તેમના વતી કાર્યવાહી કરવા અધિકૃત કરેલ. એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેમણે લાશનુ ઈન્કવેસ્ટ પંચનામુ થવા એકઝી.મેજી., આણંદ ગ્રામ્યનાઓને જે યાદી કરેલ તે તેઓએ તપાસના કામે સામેલ રાખેલ. તેમને આંક-૬૮ વાળી યાદી બતાવવામા આવે છે જે જોઈને કહે છે કે તે યાદીમા એકજી.મેજીસ્ટ્રેટશ્રીનાઓએ યાદી રીસીવ કર્યા અંગેનો સમય નોંધેલ નથી માત્ર તારીખ નાખેલ છે.એ હકીકતનો સ્વીકાર કરે છે કે,આંક ૬૮ વાળી યાદી એકઝી.મેજી.,આણંદ ગ્રામ્ય નાઓની કચેરી ધ્વારા રીસીવ કરવામા આવેલ હોય તેનો કોઈ ઈન્વર્ડ નંબર

પણ આ યાદીમાં નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેઓ તપાસ સંભાળ્યા બાદ ગુનાવાળી જગ્યા પર ગયેલો. એ હકીકતનો સ્વીકાર કરે છે કે ગુનાવાળી જગ્યા એ બોરસદ ભોભા ફળી, ચોરા પાસે આવેલ મદરેસાના કમ્પાઉન્ડની દીવાલની સામે આવેલ જગ્યા હતી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે બનાવવાળી જગ્યાની નજીકમાં દીલદાર પાન પેલેસ, એલ.બી પાન પેલેસની દુકાનો તથા રહેણાંકના મકાનો આવેલા હતા.

તેઓએ બનાવવાળી જગ્યા ઉપર પહોંચ્યા બાદ એફ.એસ.એલ અધિકારીને બોલાવવા માટેની કાર્યવાહી કરેલી.પોતે ગુનાવાળી જગ્યાએ આશરે રાત્રિના પોણા બે વાગ્યાના અરસામાં પહોંચેલો.ગુનાવાળી જગ્યાનુ પંચનામુ પોતે રાત્રિના કરેલુ.આ પંચનામા સમયે એફ.એસ.એલ અધિકારી સ્થળ ઉપર આવેલ નહી. બનાવવાળી જગ્યાના ફોટોગ્રાફ્સ પોતે લીધેલા.આ ફોટોગ્રાફ્સ પોતે પોતાની તપાસ દરમિયાન તપાસના કાગળો સાથે સામેલ રાખેલા.એ હકીકતનો ઈન્કાર કરે છે કે આંક– ૨૮ ના ગુનાવાળી જગ્યાના તૈયાર પંચનામામા પંચોની સહીઓ લીધેલી.એ હકીકતનો પણ ઈન્કાર કરે છે કે આંક–૧૨ ના તૈયાર પંચનામામા પંચોની સહીઓ લીધેલી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેઓએ ઈન્કવેસ્ટ પંચનામાના સમયે મરણ જનારના શરીર પર જે ઈજાઓ જોયેલ તે તમામ ઈજાઓનો ઉલ્લેખ ઈન્કવેસ્ટ પંચનામામા કરેલો. એ હકીકતનો સ્વીકાર કરે છે કે ઈન્કવેસ્ટ પંચનામા મુજબ પગ અને પેટની ઈજાઓનો ઉલ્લેખ હતો. એ હકીકતનો સ્વીકાર કરે છે કે આંક ૨૯, ૩૦, ૩૧ વાળી પંચસ્લીપોમાં બોરસદ ટાઉન પો.સ્ટેનો કોઈ સીલ કે સિકકો નથી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે ફરીયાદી તથા સાહેદના કપડા કબ્જે કર્યાના આંક ૨૨ ના તૈયાર પંચનામામા પંચોની સહીઓ લીધેલી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે ફરીયાદી તથા સાહેદોના કપડા કબ્જે કર્યાનુ એક જ પંચનામુ કરવામા આવેલુ. મરણ જનારના કપડા સાહેદ લઈને આવેલ પણ સાહેદનુ નામ હાલ યાદ નથી. તેમને શ્રીકૃષ્ણ હોસ્પિટલના ડોકટરશ્રી ધ્વારા મરણ જનારના કપડા આપવામા આવેલા નહી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે મરણ જનાર તેમજ ફરીયાદી તેમજ સાહેદના જે કપડા પંચનામાની વિગતે કબ્જે કરવામા આવેલા તેની મુદ્દામાલ પાવતી ફાડવામાં આવેલી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે આંક– ૨૨ ના પંચનામામા મે મરણ જનારની ટીશર્ટ પર ''ગ્રેટ થીન્ગ ટેક ટાઈમ'' એવુ

અંગ્રેજીમાં લખેલ છે તેનો કોઈ ઉલ્લેખ કરેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે આ ટીશર્ટ કબ્જે કરી ત્યારે તેના પર કોઈ કટ માર્ક દેખાતા ન હતા. એ હકીકતનો સ્વીકાર કરે છે કે મરણ જનારનુ પેન્ટ કબ્જે કર્યુ તે વખતે પેન્ટના ખિસ્સાના ભાગે કોઈ કટના નિશાન હતા નહી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે સદર પેન્ટના ખિસ્સાની નીચેના ભાગે કોઈ જગ્યાએ ફાટેલ હોય કે કપાયેલ હોય તે બાબતનો કોઈ ઉલ્લેખ પંચનામામા કરેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે મરણ જનાર તથા ફરીયાદી અને સાહેદના કપડા કબ્જે કર્યા તેની પંચ સ્લીપોમાં બોરસદ ટાઉન પો.સ્ટેના કોઈ સીલ સિકકા નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે આંક–૨૨ ના સાહેદ મહંમદતુફેલ તન્વીરમહંમદ પઠાણના જે કપડા કબ્જે કરેલા તે આંક–૨૨ ના પંચનામામા એક લીલા વાદળી ક્રીમ જેવા કલરની પટટાવાળી આખી બાંયની કોલરવાળા ટીશર્ટનો ઉલ્લેખ પંચનામામા કરેલ છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે ટીશર્ટ ઉપર અંગ્રેજીમાં ''૮૭ ઈ.ડબ્લ્યુ.એલ.એસ'' લખેલ છે તેનો પંચનામામા પોતે ઉલ્લેખ કરેલ નથી. તેમને મુદદામાલ આર્ટીકલ નંબર ૩ વાળી ટીશર્ટ બતાવવામા આવે છે તે જોઈને કહે છે કે તેમાં નીલો વાદળી કલર છે પણ લીલો કલર નથી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે મુદદામાલ આર્ટીકલ નંબર ૪ વાળુ ભુરા કલરનુ જીન્સ નુ પેન્ટ સાહેદ મહમંદ તુફેલનાઓએ પોતાની રુબરુ રજુ કરેલાનુ પોતે ખોટુ જણાવે છે.એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેઓએ ફરીયાદી, સાહેદ, મરણ જનારના કપડા કબ્જે કર્યાનુ પંચનામુ કર્યુ તે જ પંચનામામા મોટરસાયકલ કબ્જે કરેલ.પોતે બનાવના સ્થળે પહોંચ્યો ત્યારે મોટરસાયકલ બનાવ સ્થળે પડેલી ન હતી. પોતે સ્થળ ઉપર મોટરસાયકલ બાબતે તપાસ કરેલી. પોતે મોટરસાયકલ કબ્જે કર્યાનુ અલગ પંચનામુ કરેલુ.પોતે તપાસના કાગળો સાથે આ પંચનામુ ગોહીલ સાહેબને સોંપેલુ. એ હકીકતનો સ્વીકાર કરે છે કે આ કામે સદર સાહેદે આરોપીઓ તથા મરણ જનારના બ્લડ સેમ્પ લેવડાવેલા. એ હકીકતનો સ્વીકાર કરે છે કે આરોપીઓના શરીર સ્થિતિના પંચનામા પોતે કરેલા. એ હકીકતનો સ્વીકાર કરે છે કે આરોપીઓની મેડીકલ તપાસણી પોતે કરાવેલી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે બંને આરોપીઓ માટે કોરોના ટેસ્ટ અને મેડીકલ તપાસણીની યાદી કરેલી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે કોઈપણ બનાવમાં ફરીયાદી, સાહેદ કે આરોપીઓને ઈજા થયેલી હોય તો તે તમામની મેડીકલ

તપાસણી કરાવવી તપાસના કામે જરુરી છે. તેમને આરોપીની શારીરીક તપાસણી માટેની યાદી તથા આરોપી મહમંદસોહેબ શબ્બીરોદીનના મેડીકલ પેપર્સ પ્રોસીકયુશનતરફે રજુ દસ્તાવેજ બતાવવામા આવે છે તે જોઈને જણાવે છે કે આરોપીઓના કોરોના અંગેનો ટેસ્ટ તથા શારીરીક તપાસણી કરી સર્ટી આપવા મેડીકલ ઓફીસરશ્રી, સી.એચ.સી., બોરસદનાઓને તા.૧૦/૦૧/૨૩ ના રોજ તેમણે લખેલ યાદી છે જેમાં પોતાની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે જેને રજુ દાખલ આંક–૭૦ આપવામા આવે છે. તે જ રીતે ડોકટરશ્રીએ આરોપી મહંમદસોહેબ શબ્બીરોદીનનુ તપાસણી બાદ જે કેસ પેપર પોતાની યાદી અન્વયે મોકલેલ તે જ છે જે તેમને તપાસના કામે મળેલા જેને રજુ દાખલ આંક– ૭૧ આપવામા આવે છે. તેઓની તપાસમાં એવુ ખુલેલ નહી કે આરોપી મહંમદસોએબનાઓને હોઠના ઉપરના ભાગે તેમજ નાક ઉપર ઈજાઓ થયેલી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેમણે તપાસના કામે આરોપીઓ ના કપડા કબ્જે કરેલા.

સવાલ:–મુદદામાલ આર્ટીકલ નંબર ૯ વાળી ટીશર્ટ ક્રીમ કલરની નથી?

જવાબ:– એ વાત ખરી નથી.

તેમને મુદદામાલ આર્ટીકલ નંબર ૧૦ વાળુ પેન્ટ બતાવવામા આવે છે જે જોઈને કહે છે કે આ પેન્ટ ભુરા જેવા કલરનુ છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે મુદદામાલ આર્ટીકલ નંબર ૧૦ વાળુ પેન્ટ વાદળી કલરનુ નથી.તેમને મુદદામાલ આર્ટીકલ નંબર ૯ વાળી મહંમદસોએબ ઉર્ફે ભાણાની ટીશર્ટ બતાવવામા આવે છે જે જોઈને કહે છે કે આ ટીશર્ટ જયારે કબ્જે કરવામા આવેલ ત્યારે તેના પર રુધિરની હાજરી હતી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે મહંમદસોએબના પેન્ટના ખિસ્સામાંથી જે મુદદામાલ આર્ટીકલ નંબર ૧૧ વાળો રુમાલ કબ્જે કર્યો ત્યારે તેના પર રુધિરની હાજરી હતી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે મુદદામાલ છરી પોતાની રૂબરૂ કબ્જે થયેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે બનાવવાળી જગ્યા પર ખુલ્લો ચોક છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે બનાવવાળી જગ્યાના પચાસેક ફુટના અંતરે આરોપી મુસ્તફામીયાં ઉર્ફે બાબલુભાઈ બદ્દરુદીન ડોસુમીયા મલેકનાઓનો પાનનો ગલ્લો આવેલ છે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે બનાવ સ્થળની આજુબાજુના પાનના ગલ્લાવાળા કે રહેણાંક મકાનોવાળા રહીશોના નિવેદન પોતે પોતાની તપાસ દરમિયાન લીધેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેમની તપાસમા એવુ ખુલેલ કે મરણ જનાર

ઉતરાયણનો તહેવાર આવતો હોય ડી.જે.નાસ્પીકરો ભોભા ફળી પાસે ભાડેથી મળતા હોય જે લેવા નીકળેલા.એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેમણે સાહેદ કેશઅસરફનુ નિવેદન તપાસને અનુરુપ પોતાની જાતે લખી લીધેલુ. એ હકીકતનો પણ ઈન્કાર કરે છે કે તેમણે સાહેદ મહંમદતુફેલ નુ નિવેદન પોતાની જાતે લખી લીધેલુ. એ હકીકતનો સ્વીકાર કરે છે કે સાહેદ કેશઅસરફ બોરસદ મુકામે વાવડી મહોલ્લા ખાતે રહેતા હતા તેવુ મારી તપાસમાં ખુલેલ. એ હકીકતનો સ્વીકાર કરે છે કે મરણ જનાર પણ વાવડી મહોલ્લામાં રહેતા હતા. એ હકીકતનો સ્વીકાર કરેછે કે સાહેદ મહંમદતુફેલ પણ બોરસદ વાવડી મહોલ્લામાં રહેતા હતા. એ હકીકતનો સ્વીકાર કરે છે કે બોરસદ મુકામે વાવડી મહોલ્લો તથા ભોભા ફળી એ બંને અલગ અલગ વિસ્તાર છે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેઓએ ભોભા ફળીના રહીશોના નિવેદન લીધેલાનુ પોતે ખોટુ જણાવે છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે પંચ અતાઉલ્લાખાન મનેવરખાન તથા પંચ આસીફ મહંમદ બદ્રુદીન મલેક તથા પંચ માજીદખાન ઈસ્લામખાન તથા પંચ સમીરોદીન શબીરોદીન તથા પંચ જુબેર જાવોદીનનાઓ વાવડી મહોલ્લાના રહીશો છે.એ હકીકતનો ઈન્કાર કરે છે કે આ પંચ સાહેદો ફરીયાદી તેમજ મરણ જનારના ફળીયાના થતા હોય તેઓનો ખોટી રીતે તપાસના કામે ઉપયોગ કરેલો છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેઓએ આ કામની તપાસ કરી ત્યાં સુધી પોતે ફરીયાદી કે સાહેદોના મોબાઈલની કોઈ કોલ ડીટેઈલ કે લોકેશન મેળવવા માટે કાર્યવાહી કરેલ નહી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે બનાવની રાત્રિએ મરણ જનારતેનાબેમિત્રકેશઅશરફતથાસોએબમહંમદ સાથે ત્રણ સવારી નીકળેલા. એ હકીકતનો સ્વીકાર કરે છે કે હાલના બનાવમાં મરણ જનાર સિવાય તેના બીજા કોઈ મિત્રોને ઈજા થયેલી નહી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે ભોભા ફળીમાં બનાવના સ્થળે આવવુ હોય તો એકથી વધુ રસ્તાઓથી આવી શકાય.એ વાતની તેમને ખબર નથી કે વાવડી ફળીયાથી બળીયાદેવ મંદીરવાળા રસ્તે થઈ ભોભા ફળીમાં બનાવવાળી જગ્યાએ આવી શકાય.એ હકીકતનો સ્વીકાર કરેછે કે તેમણે તપાસના કામે મહંમદતુફેલ તન્વીરમહંમદ યુનુસખાનનુ નિવેદન લીધેલુ. બનાવની ફરીયાદ મુજબ બનાવ આશરે સાડા અગિયાર વાગ્યે બનેલો. એ હકીકતનો સ્વીકાર કરે છે કે સાહેદ મહંમદતુફેલ બનાવની રાત્રિએ મરણ જનારની સાથે વાવડી ફળીયાથી નીકળેલ નહી. એ હકીકતનો સ્વીકાર

કરે છે કે કેશઅસરફ બનાવના નજરે જોનાર સાહેદ હતા. એ વાત હાલ તેમને યાદ નથી કે બનાવની રાત્રિએ ફરીયાદી સોહેલમહંમદ તથા સાહેદ કેશઅસરફ નાઓને સાહેદ મહંમદતુફેલ તન્વીરમહંમદ પઠાણ જોડે મોબાઈલ ઉપર વાતચીત થયેલી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે મહંમદતુફેલના નિવેદન મુજબ આશરે સાડા નવેક વાગ્યે તે ભોભા ફળી ચોકમાં પહોંચેલો. એ હકીકતનો સ્વીકાર કરે છે કે મહંમદતુફેલના નિવેદન મુજબ તે ભોભા ફળી ચોકમાં પહોંચેલ તે વખતે લોકોનુ ટોળુ ભેગુ થઈ ગયેલુ જોયેલુ. એ હકીકતનો સ્વીકાર કરે છે કે મહંમદતુફેલ નાઓએ તેમના નિવેદનમાં એવુ જણાવેલ કે મારા મિત્ર સોહેલમહંમદ તથા કેશઅસરફ નાઓ શેહબાજ શબ્બીરોદીન મલેકને લોહીલુહાણ હાલતમાં મોટરસાયકલ પાસે ઉભા હતા. એ હકીકતનો સ્વીકાર કરે છે કે સાહેદ મહંમદતુફેલ ના નિવેદનમાં બનાવની રાત્રિએ ટોળામાં બંને આરોપીઓ હાજર હોય તેવુ સાહેદે જણાવેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે સાહેદ કેશઅસરફના નિવેદન મુજબ તેઓ વાવડી ફળીયાથી ભોભા ફળીમા કયા રસ્તેથી આવેલા તે હકીકત જાહેર કરેલી નહી.બનાવના સ્થળથી જુની ડેરી તરફના રસ્તા બાબતની પોતે કોઈ તપાસ કરેલી નહી. એ વાત પોતે કહી શકે નહી કે જુની ડેરી તરફથી બનાવના સ્થળે અવાય. એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેઓએ બનાવ સ્થળના આજુબાજુના સી.સી.ટી.વી. ફુટેજ મેળવવા પ્રયત્ન કરેલ નથી.તેઓએ તપાસના કામે ચરોતર હાર્ડવેર નામની દુકાનના કોઈ સી.સી.ટી.વી ફુટેજ મેળવેલ નથી. એ હકીકતનો પણ ઈન્કાર કરે છે કે તેમની તપાસમાં એવુ ખુલેલ કે ચરોતર હાર્ડવેરની દુકાન આગળ મરણ જનાર જે મોટરસાયકલ પર હતા તે સિવાય બીજી એક મોટરસાયકલ તેમજ અજાણ્યા એકટીવા ચાલકનાઓને અકસ્માત થયેલો. એ હકીકતનો ઈન્કાર કરે છે કે હાર્ડવેરની દુકાન આગળ અકસ્માત થયો ત્યારબાદ ફરીયાદી સોહેલમહંમદ નાઓએ કેશઅસરફ તથા મહંમદતુફેલ તેમજ ફેજાન બદરુદીન મલેકનાઓને મોબાઈલ ફોન કરી અકસ્માતવાળા સ્થળે બોલાવેલા. એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેઓએ તપાસના કામે ફેજાન બદયુદીન મલેકનાઓનુ નિવેદન લીધેલુ. એ હકીકતનો સ્વીકાર કરે છે કે ફેજાન ના નિવેદન મુજબ રાત્રે નવ વાગ્યે કેશઅસરફ તેની પાસે મોટર સાયકલ માંગવા આવેલો. એ હકીકતનો સ્વીકાર કરે છે કે સાહેદ ફેજાનને બનાવની જાણવાતોવાતથી થયેલાનુ તેઓના નિવેદન પરથી જાહેર થયેલુ. એ હકીકતનો ઈન્કાર કરે છે કે અજાણ્યા માણસો જોડે મરણ

જનારનાઓને મોટરસાયકલ અથડાવા બાબતે ઝઘડો થયેલો. એ હકીકતનો ઈન્કાર કરે છે કે મોટરસાયકલ અથડાવા બાબતે ફરીયાદી તથા મરણ જનારનાઓને અજાણ્યા માણસો જોડે ઝઘડો થતા તે બનાવના સ્થળે ટોળુ ભેગુ થઈ ગયેલુ. એ હકીકતનો પણ ઈન્કાર કરે છે કે મરણ જનાર નાઓ પાસે બનાવ સમયે ચપ્પુ હતુ. એ હકીકતનો ઈન્કાર કરે છે કે ટોળાના માણસો તથા મરણ જનારનાઓને અંદરોઅંદર ઝપાઝપી થઈ તે દરમિયાન મરણ જનારના કમરના ભાગમાં તેઓએ જે ચપ્પુ લગાવેલ હતુ તે જ ચપ્પાથી મરણ જનારનાઓને ઈજા થયેલી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે આરોપી નંબર (૨) નાઓ બનાવ સ્થળે હાજર જ ન હતા. એ હકીકતનો પણ ઈન્કાર કરે છે કે આરોપી નંબર (૨) નાઓ બનાવ સમયે તેઓના પાનના ગલ્લે હતા. એ હકીકતનો પણ ઈન્કાર કરે છે કે આરોપી નંબર (૨) નાઓ બનાવ બની ગયેલા બાદ આવેલ હોવાનુ મારી તપાસમાં ખુલેલુ. એ હકીકતનો સ્વીકાર કરે છે કે મરણ જનારને જાંઘના ભાગે સીંગલ બ્લો ની ઈજા હતી. એ વાત હાલ તેમને યાદ નથી કે સાહેદ કેશઅસરફ ઈજા પામનાર સાથે હોસ્પિટલ ગયેલા. એ હકીકતનો પણ ઈન્કાર કરે છે કે તેમણે આ કામે ખોટી તપાસ કરી આરોપીઓને ખોટી રીતે અટક કરેલા. એ હકીકતનો પણ ઈન્કાર કરે છે કે તેઓએ આરોપી નંબર (૧) ની ઈજા અંગે કોઈ તપાસ કરેલી નહી. એ હકીકતનો પણ ઈન્કાર કરે છે કે મુદદામાલ કપડા તેઓએ સૌપ્રથમ વાર ખોટી રીતે ઓળખી બતાવેલ છે. એ હકીકતનો પણ ઈન્કાર કરે છે કે મરણ જનાર તથા સાહેદોના કપડા કબ્જે કરતા સમયે પાછળથી પુરાવો ઉભો કરવા મરણ જનારનુ લોહી કપડા પર છાંટવામા આવેલુ. એ હકીકતનો પણ ઈન્કાર કરે છે કે આરોપીઓના કપડા ઉપર આવેલ લોહી બાબતે તેમણે કોઈ તપાસ કરેલ નથી.

સદર સાહેદની આરોપી નં.૧ ના વકીલશ્રી ધ્વારા કરવામા આવેલ ઉલટતપાસને આરોપી નં.ર ના વિ.વ.શ્રીએ એડોપ્ટ કરે છે.

**(૧૩/૧૩)** ત્યારબાદ ફરીયાદ પક્ષે સાહેદ નંબર.૧૫ તરીકે **તપાસ કરનાર અમલદાર ધ્રુવરાજ રાજેન્દ્રસીંહ ગોહીલને આંક–૭૩ થી** તપાસવામાં આવેલા છે.તેઓ સોગંદ પરના પુરાવામા જણાવે છે કે,હાલ તેઓ વિધ્યાનગર પો.સ્ટેમાં પી.આઈ તરીકે મારી ફરજ બજાવે છે.ગત તા.૧૨/૦૧/૨૩ ના રોજ તેઓ પી.આઈ, બોરસદ ટાઉન તરીકે મારી ફરજ પર રજા પરથી હાજર થયો ત્યારે બોરસદ ટાઉન પો.સ્ટે ગુ.ર નંબર ૧૧૨૧૫૦૦૬૨૩૦૦૧૧/૨૦૨૩ ના ગુનાની તપાસ અગાઉ ઈ.ચા

પી.આઈશ્રી એલ.ડી.ગમારાનાઓ કરતા હોય અને અમો રજા પરથી પરત આવતા સદર ગુનાની આગળની તપાસ અમોને સોંપતા અમોએ તપાસ સંભાળી લીધેલી. તપાસ સંભાળ્યા બાદ સૌપ્રથમ ફરીયાદ તથા તપાસના કાગળો વાંચી સમજી તપાસના કામે અટક કરેલ આરોપીઓ (૧) મહંમદસોહેબ ઉર્ફે ભાણો સબ્બીરોદીન મલેક (૨) મુસ્તુફામીયાં ઉર્ફે બાબુલભાઈ બદરુદીન ડોસુમીયા મલેક નાઓ સદરહુ ગુનાના કામે રીમાન્ડ પર હોય ગુનાના કામે જરુરી પુછપરછ કરી તેમના લખાવ્યા મુજબના નિવેદનો નોંધેલા. સદરહુ ગુનાના કામે આરોપીએ ગુનાના કામે વપરાયેલ હથિયાર કયાં ફેકેલ છે તે દેખાડવા માંગતો હોય પંચો રૂબરૂ પંચોના લખાવ્યા મુજબનુ આ કામે પંચનામુ કરી સદરહુ હથિયાર રીકવર કરેલ જેનુ પંચનામુ તા.૧૨/૦૧/૨૩ ના રોજ ક.૧૩:૦૦ થી ક.૧૪:૩૦ સુધીનુ પોતાના રૂબરૂનુ લખી લીધેલ. આ કામે રીકવર કરવામા આવેલ હથિયાર કબ્જે લઈ મુદદામાલ પાવતી ફાડેલ.ત્યારબાદ આ કામે એફ.એસ.એલ રવાનગી માટે અગાઉ તપાસ કરનાર અધિકારીએ કબ્જે લીધેલ મુદદામાલનુ રવાનગી ફોર્મ તૈયાર કરી એફ.એસ.એલ તરફ મોકલી આપેલ. સદરહુ કામે ફરીયાદીના સાહેદ કેસઅશરફ યુનુસમહંમદ સફીમીયાં મલેકનાઓનુ સી.આર.પી.સી કલમ ૧૬૪ મુજબનુ નિવેદન લેવડાવવા માટે નામદાર કોર્ટમાં યાદી કરેલ.સદરહુ કામે સર્કલ ઈન્સકપેટરશ્રી નાઓને બનાવવાળી જગ્યાનો નકશો બનાવવા માટે યાદીઓ પાઠવેલ અને ગુનાવાળી જગ્યાનો નકશો કામમાં સામેલ રાખેલ.ત્યારબાદ આ કામે એફ.એસ.એલ તરફથી તપાસણી થયેલ મુદદામાલનો અહેવાલ આવતા જોઈ તપાસી ચાર્જશીટના કામે સામેલ રાખેલ. સદરહુ ગુનાના કામે આરોપીઓ વિરુઘ્ઘ પુરતો પુરાવો મળી આવતા આરોપીઓ વિરુઘ્ઘ ઈ.પી.કો કલમ ૩૦૨, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબનુ ચાર્જશીટ તા..૨૮/૦૨/૨૦૨૩ના રોજ નામદાર કોર્ટમાં દાખલ કરેલુ.આરોપીઓને જોયે તેઓ ઓળખે છે.આરોપીઓ આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે.તેમને આંક–૩૯ વાળુ પંચનામુ બતાવવામા આવે છે જેમાં બે પંચોની સહી છે અને રૂબરૂ તરીકે પોતાની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.તેમને આંક–૬૦ વાળી ગુનાવાળી જગ્યાનો નકશો કરવા માટેની યાદી બતાવવામા આવે છે જેમાં પોતાની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.તેમને સી.આર.પી.સી કલમ ૧૬૪ મુજબની નામદાર કોર્ટને કરેલ યાદી બતાવવામા આવે છે જેમાં પોતાની સહી

છે જે તેઓ ઓળખી બતાવે છે.જેને રજુ દાખલ આંક–૭૪ આપવામા આવે છે.તેમને નામદાર કોર્ટ ધ્વારા સી.આર.પી.સી કલમ ૧૬૪ મુજબનુ નિવેદન લેવા માટે સાહેદોને હાજર રાખવા માટે કરેલ યાદી તથા જાહેરનામુ બતાવવામા આવે છે જે તેમણે ચાર્જશીટના કામે સામેલ રાખેલ તે જ છે જેને અનુક્રમે રજુ દાખલ આંક–૭૫ તથા આંક–૭૬ આપવામા આવે છે.તેમને રવાનગી પત્રક બતાવવામા આવે છે જેમાં પોતાની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે જેને રજુ દાખલ આંક–૭૭ આપવામા આવે છે.તેમને મુદદામાલ મળ્યાની પહોંચ તથા એફ.એસ.એલ ફોરવર્ડીંગ પત્ર તથા એફ.એસ.એલ રીપોર્ટ બતાવવામા આવે છે જે તેઓએ ચાર્જશીટના કામે સામેલ રાખેલ છે તે જ છે જેને અનુક્રમે રજુ દાખલ આંક–૭૮ થી આંક–૮૦ આપવામા આવે છે. તેમને રવાનગી પત્રક બતાવવામા આવે છે જેમાં પોતાની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે જેને રજુ દાખલ આંક –૮૧ આપવામા આવે છે.

તેમને મુદદામાલ મળ્યાની પહોંચ તથા એફ.એસ.એલ ફોરવર્ડીંગ પત્ર તથા એફ.એસ.એલ રીપોર્ટ બતાવવામા આવે છે જે તેમણે ચાર્જશીટના કામે સામેલ રાખેલ છે તે જ છે જેને અનુક્રમે રજુ દાખલ આંક–૮૨ થી ૮૪ આપવામા આવે છે.તેમને મુદદામાલ આર્ટીકલ નંબર ૧૫ બતાવવામા આવે છે જે એક ગુલાબી હાથાવાળી લોખંડની પડવાળી છરી છે જે જોઈને કહે છે કે તે તે જ છરી છે જે આરોપી મહંમદસોહેબ ઉર્ફે ભાણાએ બતાવેલ જગ્યા પરથી કબ્જે કરેલ તે જ છે. તેમને આંક ૪૦ વાળી પંચસ્લીપ બતાવવામા આવે છે જેમાં બે પંચોની સહીઓ છે અને રૂબરૂ તરીકે પોતાની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.

સદર ત.ક.અ.ની આરોપી નં.૧ ના વિ.વ.શ્રી ધ્વારા **ઉલટતપાસ** કરેલ છે તેમા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે આ કામની ફરીયાદ પોતાના રૂબરૂ જાહેર થયેલી નહી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેમની અગાઉની તપાસ પી.આઈશ્રી ગમારાસાહેબ નાઓએ કરેલી તે તપાસના કાગળો તેમને મળતા તેઓએ તે કાગળોનો અભ્યાસ કરેલો.એ હકીકતનો સ્વીકાર કરે છે કે આ કામની તપાસ તેમણે તારીખ.૧૨/૦૧/૨૦૨૩ ના રોજ સાંજે સંભાળેલી.તેમણે આ કામની તપાસ કરી તેના એકાદ વર્ષ અગાઉથી પોતે બોરસદ ટાઉન પો.સ્ટેમાં પી.આઈ તરીકે ફરજ બજાવતો હતો. એ હકીકતનો સ્વીકાર કરે છે કે બોરસદ ટાઉન વિસ્તારના રોડ રસ્તાથી પોતે પરીચીત હતો.સદર ત.ક.અમલદારે આરોપી મહંમદસોહેબ ઉર્ફે

ભાણો સબ્બીરોદીન મલેકનાઓની અટક કરેલ નહી. સદર ત.ક.અમલદારે આરોપી મહંમદસોહેબ ઉર્ફે ભાણો સબ્બીરોદીન મલેક ના રીમાન્ડ મેળવવાની કાર્યવાહી કરેલ નહી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે બંને આરોપીઓને તા.૧૦/૦૧/૨૦૨૩ ના રોજ અટક કરવામા આવેલા હતા. એ હકીકતનો સ્વીકાર કરે છે કે તા.૧૨/૦૧/૨૦૨૩ ના રોજ પુરાવા અધિનિયમ કલમ ૨૭ નુ પંચનામુ કર્યુ તે સમયે આરોપી મહંમદસોહેબ ઉર્ફે ભાણો સબ્બીરોદીન મલેક પોલીસ રીમાન્ડ હેઠળ હતા. એ હકીકતનો સ્વીકાર કરે છે કે ભોભા ફળી નો વિસ્તાર ઘણો મોટો છે.એ હકીકતનો સ્વીકાર કરે છે કે ભોભા ફળીના વિસ્તારમાં ભોભા તળાવનો વિસ્તાર આવેલ છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે ભોભા ફળીના ભોભા તળાવ વિસ્તારમાં તળાવની આસપાસ રહેણાંક ઘરો આવેલા છે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે પુરાવા અધિનિયમ કલમ–૨૭ ના તૈયાર પંચનામામા પંચોની સહીઓ લેવામા આવેલી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે પુરાવા અધિનિયમ કલમ ૨૭ ના પંચનામાથી રીકવર કરેલ હથિયાર વાળી જગ્યા સરકારી હતી કે ખાનગી માલીકીની હતી તે અંગે તેમણે તપાસ કરેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે તપાસના કાગળોમાં તા.૧૦/૦૧/૨૦૨૩ ના રોજ કેસઅશરફ ચુનુસમહંમદ સફીમીયાં મલેકનુ નિવેદન પી.આઈ શ્રી ગમારા સાહેબ નાઓએ લીધેલ હતુ. સાહેદ કેસઅરફનુ સી.આર.પી.સી કલમ ૧૬૪ મુજબનુ નિવેદન રેકર્ડ કરવામાં આવેલ કે કેમ તે લાંબો સમય થયેલ હોય હાલ તેમને યાદ નથી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેમને તપાસના કાગળો મળેલા તે મુજબ કેશઅસરફ ચુનુસમહંમદ સફીમીયાં મલેક બનાવના નજરે જોનાર સાહેદ હતા. એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેઓએ આ કામની તપાસ સંભાળ્યા બાદ ચાર્જશીટ કરતા પહેલા બનાવવાળી જગ્યાની અલગથી કોઈ મુલાકાત લીધેલ નહી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે બનાવવાળી જગ્યાની આસપાસ પાનના ગલ્લા અને રહેણાંક ઘરો આવેલા છે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો નહી હોવા છતા તેમણે ખોટી તપાસ કરી આરોપીઓ વિરુધ્ધ ખોટુ ચાર્જશીટ કરેલ છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે,તેઓએ પુરાવા અધિનિયમ કલમ –૨૭ ના મુદદામાલ હથિયાર સિવાય આ તપાસના કામે કોઈ મુદદામાલ કબ્જે કરેલ નથી. સદર ત.ક.અમલદારે રીમાન્ડ દરમિયાન આરોપીઓના નિવેદનો લીધેલા.

સદર સાહેદની આરોપી નં.૧ ના વકીલશ્રી ધ્વારા કરવામા આવેલ ઉલટતપાસને આરોપી નં.૨ ના વિ.વ.શ્રીએ એડોપ્ટ કરે છે.

**<u>મુદા નંબર–૧ ની ચર્ચા ::–</u>**

**(૧૪)** સદર કામે આરોપીઓ વિરુધ્ધ આંક–૦૬ થી મારા પુરોગામી ન્યાયાધીશશ્રી ધ્વારા ભારતીય દંડ સહીતાની કલમ–૩૦૨, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુના સબબ તહોમતનામુ ફરમાવેલછે અને તે તહોમતનામુ પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે કુલ–૧૫ સાહેદોનો મૌખિક પુરાવો તેમજ કુલ–૪૮ દસ્તાવેજી પુરાવા સામેલ રાખેલ છે. ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપી નં.૧ નાએ તા.૦૯/૦૧/૨૦૨૩ ના રોજ કલાક ૨૧/૩૦ વાગે મોજે બોરસદ,ભોભાફળી,મદ્રેસા પાસે ફરીયાદી તથા સાહેદ મરણ જનાર શહેબાઝ મલેક અને કેશઅશરફ મલેકનાઓ હીરો હોન્ડા સ્પ્લેન્ડર મોટર સાયકલ નં .જી.જે.૨૩.એલ.૫૫૭૨ ઉપર બેસી ચલાવી લઈ જઈ રહેલ હતા તે વખતે આરોપી નં .૧ સોહેબ ઉર્ફે ભાણો મલેકે તેની પાસેની પલ્સર મોટરસાયકલ નં.જી.જે.૨૩.એ. એમ.૯૮૨૨ નુ ચલાવી લઈ આવી બોરસદ ફરીયાદી/સાહેદ જઈ રહેલ હતા તે મોટર સાયકલને પાછળથી અથડાવી દેતા મરણ જનાર શહેબાઝ મલેકે આરોપી નં.૧ સોહેબ ઉર્ફે ભાણાને મોટરસાયકલ જોઈને ચલાવવા કહેતા આરોપી નં .૧ સોહેબ ઉર્ફે ભાણાએ ગુસ્સે થઈ ફરીયાદી/સાહેદોને ગમે તેમ બીભત્સ ગાળો બોલી તથા આરોપી નં.૨ મુસ્તુફામીયા ઉર્ફે બાબુલભાઈ મલેકનાઓ આરોપી નં .૧ સોહેબ ઉર્ફે ભાણાનુ ઉપરાણુ લઈ આવી ફરીયાદી/સાહેદોને બીભત્સ ગાળો બોલી,જાનથી મારી નાંખવાની ધમકી આપી,બોલાચાલી કરી,આરોપી નં.૨ મુસ્તુફામીયા ઉર્ફે બાબુલભાઈ મલેકનાઓ મરણ જનાર શહેબાઝને પકડી રાખી અને આરોપી નં.૧ સોહેબ ઉર્ફે ભાણો મલેકે તેની પાસેની છરી મરણ જનાર શહેબાઝને શરીરે જમણી બાજુ પેટ નીચે જમણા પગની સાથળ ઉપર ગુપ્ત ભાગ નજીક મારી ,ગંભીર ઈજાઓ પહોચાડી મોત નીપજાવી,ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી,મે.જીલ્લા મેજી.શ્રી.આણંદના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલાનો આક્ષેપ કરવામાં આવેલ છે.

**(૧૫)** સદર કામે મુદા નં.૧ પરત્વે પુરાવાની ચર્ચા કરીએ તો આ કામે આં ક–૪૪ થી અસલ ફરીયાદ રજુ થયેલ છે.તે ફરીયાદ વંચાણે લેતા ફરીયાદીએ ''ગઈ

કાલ તા.૯/૧/૨૩ ના રાતના સાડા નવેક વાગે હુ અને શહેબાઝ અને કેસઅશરફ ત્રણેય જણા મારા મીત્ર ફઈઝાન મલેકને હીરો હોન્ડાસ્પલેન્ડર મોટરસાયકલ નં .જી.જે.૨૩.એલ.૫૫૭૨ ની લઈ ભોભાફળી જવા નીકળેલ અને અમારી મોટરસાયકલ કેઅસઅશરફ ચલાવતો હતો અને પાછળ શહેબાજ અને છેલ્લે હુ બેસેલ હતો અને અમે ત્રણેય જણા ભોભા ફળી મદ્રાસા પાસેથી પસાર થતા એક મોટરસાયકલ આવેલ અને અમારી મોટરસાયકલને અડાડેલ જેથી અમે ત્રણેય જણા પડતા પડતા રહી ગયેલ જેથી અમે પાછળ જોતા એક પલ્સર મોટરસાયકલ હતી અને સોએબ સબ્રીરોદીન મલેક હતો જેથી શહેબાજે તેને બાઈક જોઈ ચલાવ તેમ કહેતા તે એકદમ ગુસ્સે થઈ ગયેલ અને અમને ઉભા રાખી દીધેલ અને અમારી સાથે બોલાચાલી કરવા લાગેલો અને આ વખતે સોહેલ મલેકના મામા બાબુભાઈ આવી ગયેલા અને તેઓએ અમને મા બેન સમાણી ગંદી ગાળો બોલેલ અને બાબુલભાઈએ શહેબાજને પકડી રાખેલ અને સોહેલે તેના પેન્ટમાંથી ચાકુ કાઢી પેટમા મારવા જતા મે તેને પકડવા જતા ચાકુ શહેબાજના જમણા પગે જાંઘમા વાગી ગયેલ અને શહેબાજના શરીરમાંથી લોહી નીકળવા લાગેલ અને તે નીચે બેસી ગયેલ જેથી મે અને કેસઅશરફે તેને પકડી લીધેલ આ વખતે અમારા ફળીયામા રહેતો તુફેલ તન્વીર મહમંદ પઠાણ ચાલતો નીકળેલ અને તે આવી ગયેલ અને વચ્ચે પડેલ..........'' મુજબની હકીકત ફરીયાદીએ તેની ફરીયાદમા જણાવેલ છે. આ કામે સાહેદ નંબર-૮ ફરીયાદીની આંક-૪૩ ની જુબાની ધ્યાને લેતા જેઓ બનાવ નજરે જોનાર સાહેદ છે.સદર સાહેદની સમગ્ર જુબાનીમા ''.....બનાવ સમયે ભાણાએ અમારી સાથે ગાલીગલોચ કરેલ અને તરતજ ગુસ્સે થઈ ગયેલો અને એટલામા ત્યા ટોળુ થઈ ગયેલુ અને અમે ત્રણેય જણા ટોળામા છુટા છુટા પડી ગયેલા.તે વખતે બાબુલકાકાએ શહેબાજને પકડી લીધેલો અને ભાણાએ તેના ખીસ્સામાથી ચાકુ કાઢી શહેબાજને જમણા પગ ઉપર જાંઘના ભાગે મારી દીધેલ અને શહેબાઝને લોહી નીકળવા લાગેલુ અને તે ત્યા બેભાન થઈને નીચે પડી ગયેલો..........''તેમજ આ કામે સાહેદ નં.૯ મહમંદતુફેલ તન્વીરમહમંદ પઠાણની આંક-૪૭ ની જુબાની ધ્યાને લેતા સાહેદે જણાવેલ છે કે ''

....તા.૯/૧/૨૩ ના રોજ સાડા નવની આસપાસ મારા ઘરેથી સ્પીકર લેવા માટે ભોભાફળી ખાતે જતો હતો .ઉતરાણનો તહેવાર હોય જેથી સ્પીકર લેવા જતો હતો.હુ ભોભાફળી ચોકમા પહોચેલો ત્યારે લોકોનુ ટોળુ ભેગુ થયેલુ મે જોયેલુ.જેથી હુ ટોળા બાજુ ગયેલ ત્યા મારા મીત્ર સોહેલે મને બુમ પાડેલી ત્યા હુ ઝગડામા વચ્ચે પડેલો ત્યારે ઝગડો થઈ ચુકેલ હતો અને લોકોનુ ટોળુ હતુ અને શહેબાઝ લોહીલુહાણ થયેલ હતો અને બાઈક પાસે બેઠો હતો.જેથી હુ શહેબાઝને સારવાર માટે શહેબાઝ પાસે જે બાઈક સ્પ્લેન્ડર હતી તેમા શહેબાઝને વચ્ચે બેસાડીને બાઈક હુ ચલાવતો હતો અને શહેબાઝની પાછળ સોહેલ બાઈક પર બેઠેલો.અમે બાઈક લઈને શ્રધ્ધા હોસ્પીટલે સારવાર માટે ગયેલા ત્યા હાજર ડોકટરે અમોને સારવાર માટે શ્રીકૃષ્ણ હોસ્પીટલ,કરમસદ ખાતે લઈ જવાનુ જણાવતા શહેબાઝને એમ્બ્યુલન્સ વાહનમા બેસાડી હુ અને સોહેલ તેની સાથે શ્રીકૃષ્ણ હોસ્પીટલ,કરમસદ ખાતે જવા નીકળેલા તે વખતે શહેબાઝને ખુબ જ લોહી નીકળતુ હતુ જેથી સોહેલે તેનુ ટીશર્ટ કાઢી શહેબાઝનુ લોહી બંધ કરવા ટીશર્ટથી પ્રયત્ન કરેલો અને તે વખતે સોહેલ ે મને જણાવેલ કે ..................'' તેમજ આ સાહેદની ઉલટતપાસ જોતા સાહેદે એ હકીકત કબુલ રાખેલ છે કે ''એ વાત ખરી છે કે,હુ બનાવ સ્થળે પહોચ્યો ત્યારે બનાવ બની ગયેલ હતો.એ વાત ખરી છે કે હુ સ્થળ ઉપર પહોચ્યો તે પહેલાના બનાવની હકીકત મે સોહેલ મહમંદના કહેવાથી જાણેલી......''

આમ આ મુદ્દા પરત્વે ફરીયાદીની ફરીયાદ,ફરીયાદીની જુબાની કે ફરીયાદીના સાહેદ તુફેલ મહમંદની જુબાનીમા કોઈપણ જગ્યાએ આરોપીઓએ બનાવ વખતે ખરેખર કયા શબ્દો ઉચ્ચાર્યા હતા તે શબ્દો પુરાવામા જણાવેલ નથી.તેમજ આખી ફરીયાદ વંચાણે લેતા આ કામે આરોપીઓ પૈકી કોઈએ કોઈ જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવી પણ કોઈજ હકીકત સદર પુરાવામા આવતી નથી.તે સંજોગોમા ભારતીય દંડ સંહિતાની કલમ-૫૦૪,૫૦૬(૨) ની જોગવાઈઓના આવશ્યક તત્વો પ્રોસીકયુશનનો સમગ્ર પુરાવો વંચાણે લેવામા આવે તો પણ પુરવાર થતા નથી તેવુ મારુ નમ્ર મંતવ્ય

છે.જેથી મુદા નં.૧ નો જવાબ આથી નકારમા આપવામા આવે છે.

**<u>મુદા નંબર–ર–૩ ની સંયુકત ચર્ચા ::–</u>**

**(૧૬)** સદર કામે મુદા નં.ર–૩ પરત્વે પુરાવાની ચર્ચા કરીએ તો સૌ પ્રથમ આ કામે રજુ થયેલ મેડીકલ પુરાવો જોઈએ તો તે નીચે મુજબ છે.

**<u>મેડીકલ પુરાવો</u>**

આ કામે પ્રોસીકયુશન તરફે સાહેદ નં.ર તરીકે ડો.અરજીત દત્તાને આંક–૧૫ થી તપાસેલા છે તેઓએ પોતાની સરતપાસમા પોતે પી.એમ.કરેલાનુ તથા પી.એમ.નોટમા જણાવ્યા મુજબની ઈજાઓ લાશ ઉપર જોવા મળેલાનુ તેમજ પી.એમ.રીપોર્ટના કોલમ નં.૧૭ મા ઈજા નં.૧ દર્શાવેલ છે તે છરી જેવા તિક્ષ્ણ હથીયારથી સંભવી શકે તેમ છે તેમ જણાવેલ છે.તેમજ સાહેદને આર્ટીકલ નં.૧૫ કોર્ટ રુબરુ ખોલી બતાવતા તેમાંથી એક છરી નીકળેલ જે છરી જોઈને જણાવેલ છે કે આ છરી વડે મરણ જનારે કોલમ નં.૧૭(૧) વાળી ઈજા થઈ શકે એ તેવી ઈજા મૃત્યુ નીપજાવવા માટે પુરતી છે.તેમજ સાહેદે જણાવ્યા મુજબ તેમના અભિપ્રાય મુજબ જમણી બાજુ ફેમોરેલ આરટલી ઉપર તિક્ષ્ણ હથીયારના બળથી ઈજા થવાના કારણે અને તેના પરીણામ સ્વરુપે હેમેરેજીક શોક થવાથી મૃત્યુ થયેલુ.આ સાહેદની જુબાનીમા આંક–૧૬ થી પોલીસ યાદી તથા આંક–૧૭ થી પી.એમ.નોટ તથા રફ સ્કેચ જેમા પોતાની તથા પેનલના ડોકટરની સહી ઓળખી બતાવે છે તથા હોદાના સીકકા ઓળખી બતાવેલ છે અને આંક–૧૭ થી તે રજુ કરે છે.તેમજ આંક–૧૮ થી પેનલ ડોકટરોએ કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ આપેલ તેમા પોતાની સહી તથા તેઓની સાથેના પેલ ડોકટરની સહી તથા હોદાના સીકકા ઓળખી બતાવે છે.આ સાહેદની ઉલટતપાસ જોવામા આવે તો બચાવપક્ષે વિસ્તૃત ઉલટતપાસ કરેલ છે જેમા સાહેદે એ હકીકતનો સ્વીકાર કરે છે કે ઈન્કવેસ્ટ પંચનામા કરતા મારા શબ પરીક્ષણ અહેવાલમા ઈજાઓ વધુ છે .એ હકીકતનો સ્વીકાર કરે છે કે મે જે વ્યકિતનુ શબ પરીક્ષણ કરેલ તે બાવીસ વર્ષ નો યુવાન હતો.એ હકીકતનો સ્વીકાર કરે છે કે મારા અહેવાલમા જણાવ્યા સિવાયની મરણ જનારને વધારે કોઈ ઈજાઓ ન હતી.એ હકીકતનો સ્વીકાર

કરે છે કે,મરણ જનારના શરીર ઉપર સ્ટેબ વુન્ડ,લેશરેશન એબ્રેઝનની ઈજા હતી.તે સિવાય અન્ય કોઈ ઈજાઓ ન હતી.એ વાત ખરી છે કે કોલમ નં.૧૭ ની ઈજા નં.૨ થી ૧૨ ના કારણે કોઈપણ વ્યકિતનુ મોત નીપજી શકે નહી.કોલમ નં.૧૭ ની ઈજા નં.૧નુ માપ દર્શાવેલ છે તેમા બે સે.મી.લંબાઈ ૦.૫ સે.મી.પહોળાઈ અન ૦૩ સે.મી.ઉંડાઈ એ રીતે દર્શાવેલ છે. એ વાત ખરી છે કે ઈજા નં.૧ મા ફીમોરલ આર્ટરી કટ થયેલ હોવાનુ દર્શાવેલ છે તે ઈજાના માર્જીન મે મારા અહેવાલમા જણાવેલ નથી.સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે જે પ્રમાણે ઈજા છે તે પ્રમાણે શાર્પકટ માર્જીન હોઈ શકે.વધુમા ઉલટમા જણાવેલ છે કે,મુદામાલ છરી જોઈને કહુ છુ કે આ છરી વડે ઈજા કરવામા આવે તો ઈજાના એકબાજુના માર્જીન શાર્પ આવે અને બીજીબાજુના માર્જીન બ્લન્ટ આવે તે હકીકત ખોટી છે.એ વાત ખરી છે કે અભીપ્રાય આપતી વખતે પોલીસે મુદામાલ છરી બતાવેલ નહી.એ વાત ખરી છે કે આ છરીની એકબાજુ શાર્પ છે અને બીજી બાજુ બ્લન્'ટ છે.એ વાત ખરી છેકે કોલમ નં.૧૭ ની ઈજા નં.૧ ના કારણે મરણ જનારનુ મોત થયેલાનો મે અભીપ્રાય આપેલ છે.એ વાત હુ ચોકકસપણે કહી શકુ નહી કે ઈજા નં.૨ થી ૧૨ વાળી ઈજા કોઈ હથીયાર વડે થયેલ ન હતી.એ વાત ખરી નથી કે ચપ્પુ અને છરી બે અલગ અલગ હથીયાર છે.એ વાત ખરી છેકે ઈજા પામનારને ઈજા નં.૧ થયેલ તેવી ઈજા મુદામાલ છરી સિવાય અન્ય તિક્ષ્ણ હથીયારથી પણ થઈ શકે.એ વાત ખરી છેકે સામાન્ય રીતે ઈજા નં.૧ જેવી ઈજા પહોચાડવામા આવે તો જે તે વ્યકિતએ પહેરેલ કપડા કટ થાય ત્યારબાદ શરીર ઉપર ઈજા પહોચે.એ વાત ખરી નથી કે કોઈ વ્યકિત ધારવાળી વસ્તુ ઉપર ફોર્સથી પડે અને પેટ અને સાથળના વચ્ચેના ભાગે તે ધારવાળા પદાર્થ વાગે તો ઈજા નં.૧ જેવી ઈજા સંભવી શકે.એ વાત ખરી છે કે સ્ટેબ વુન્ડ ઈન્જરીમા હથીયાર ઉપર પણ લોહી આવવાની શકયતા રહે છે. એ વાત ખરી નથી કે ઈજા નં.૧ અકસ્માતથી પણ થઈ શકે.આમ આ સાહેદની જુબાની જોતા તેના સરતપાસની હકીકત ન માની શકાય તેવી કોઈ બચાવપક્ષને મદદરુપ રેકર્ડ ઉપર આવેલ નથી..તેમજ પી.એમ.નોટ અને કોઝ ઓફ ડેથના સર્ટીફીકેટની હકીકત ન માની શકાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી

નથી.

**પંચ સાહેદોનો પુરાવો.**

**(૧૭)** આ કામે ફરીયાદ પક્ષે આંક–૧૧ થી ઈન્કવેસ્ટ પંચ સાહેદ સમીરોદીન સબીરોદીન મલેકનાઓને તપાસેલા છે અને સરતપાસમા આંક–૧૨ થી ઈન્કવેસ્ટ પંચનામુ રજુ થયેલ છે.તથા આંક–૧૩ થી મુદામાલ વાહન પલ્સર બાઈક કબજે કર્યાનુ પંચનામુ રજુ થયેલ છે.ત્યારબાદ સાહેદની બચાવપક્ષે વિસ્તૃત ઉલટતપાસ કરેલ છે.આ સાહેદની જુબાની ધ્યાને લેતા સદર સાહેદની હાજરીમા ઈન્કવેસ્ટ પંચનામુ આંક–૧૨ વાળુ તથા આંક–૧૩ થી મુદામાલ મોટરસાયકલ પલ્સર રજીસ્ટ્રેશન નં.જી.જે.૨૩.એ. એન.૯૮૨૨ પંચનામાની વિગતે કબજે કર્યાનુ હકીકતોને સાહેદ સમર્થન આપે છે.આ કામે બચાવપક્ષે સદરહુ સાહેદની વિસ્તૃત ઉલટતપાસ થયેલ છે પરંતુ વિરુધ્ધની કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી.ઉલ્ટાનુ એ હકીકતનો સ્વીકાર કરે છે કે,તેઓએ સરતપાસમા જણાવેલ સિવાયની બીજી ઈજા લાશ ઉપર જોયેલી નહી.એ હકીકતનો ઈન્કાર કરે છે કે અમોને જયારે પી.એમ.રુમમા બોલાવેલ ત્યારે લાશ ઉપર કપડુ ઓઢાડેલ હતુ.એ વાત ખરી નથી કે મે લાશ તથા તેના ઉપર ઈજા જોયેલ હોવાનુ ખોટુ જણાવુ છે.એ વાત ખરી છે કે પંચનામા કરતા સમયે પોલીસ અધીકારી સિવાય અન્ય કોઈ સરકારી અધીકારી હાજર હોય તેવુ બનેલ નથી. તેમજ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે તા.૧૧/૧/૨૩ ના રોજ તેમને પંચ તરીકે બોલાવેલ નહી અને તેમની હાજરીમા આંક–૧૩ વાળુ પંચનામુ થયેલ નથી. આમ સદરહુ સાહેદની જુબાનીથી આંક–૧૨ અને આંક–૧૩ ના પંચનામાને સમર્થન મળે છે.

ત્યારબાદ આ કામે ફરી.પક્ષે સાહેદ નં.૩ તરીકે પંચ સાહેદ અતાઉલ્લાખાન મુનેવરખાન પઠાણને આંક–૨૧ થી તપાસેલા છે.તેઓની જુબાની જોતા ફરીયાદી તથા સાહેદના કપડા કબજે કર્યા અંગેની તેટલી હકીકત પુરતુ સરતપાસમા આંક–૨૨ ના પંચનામાની હકીકતોને સમર્થન કરે છે અને મુદામાલ આર્ટીકલ નં.૧,૨,૩ તથા નં.૪ ને કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ

છે અને તે કપડા ફરીયાદી સોહેલ તથા સાહેદ તુફેલના હતા તેમ જણાવે છે.ત્યારબાદ ફરી.પક્ષે સદર સાહેદને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટતપાસમા પુછી શકાય તેવા સવાલ સરકારી વકીલશ્રીએ કરતા સાહેદે એ હકીકત કબુલ રાખેલ છે કે આ પંચનામા દરમીયાન કેસઅશરફ યુનુસમહમંદ સફીમીયા મલેક રહે.બોરસદ,વાવડી મહોલ્લાનાઓ બોરસદ પો.સ્ટે.હાજર હતા તેઓએ એક હીરો હોન્ડા સ્પલેન્ડર કંપનીનુ પોલીસ પટ્ટાવાળુ મોટર સાયકલ જેનો રજીસ્ટર નં બર.જી.જે.૨૩.એલ.૫૫૭૨ હતો તે મોટરસાયકલ ઉપર લોહીના ડાઘા હતા તે મોટર સાયકલ રજુ કરેલી તે પોલીસે તપાસ અર્થે કબજે લીધેલી તે મુજબ જુબાની આપેલ છે .આ સાહેદની બચાવપક્ષે વિસ્તૃત ઉલટતપાસ થયેલ છે જે વંચાણે લેતા એ વાત ખરી છે કે સફેદ કલરની ટીશર્ટ ટુકી બાયની હતી તેવી વિગત પંચનામામા લખેલ નથી.એ વાત ખરી છે કે સફેદ સિવાય બીજો કોઈ ટીશર્ટનો હોય તેવી વિગત પંચનામામા દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે વાદળી કલરના પટ્ટા આડા હતા કે ઉભા હતા તેની કોઈ નોધ પંચનામામા કરેલ નથી.એ વાત ખરી છે કે, પંચનામુ લખાણ થયા બાદ પંચ સ્લીપમા મારી સહી લીધેલી.એ વાત ખરી નથી કે મોટર સાયકલ જોયેલ હોવાની હકીકત હુ ખોટી જણાવુ છુ.એ વાત ખરી નથી કે ગુજરનારના પિતા મારા મીત્ર થતા હોય પંચનામા સમયે હાજર નહી હોવા છતા ખોટી જુબાની આપુ છુ.આમ આ સાહેદની ઉલટતપાસમા તેની સરતપાસની હકીકત તથા આંક–૨૨ વાળા પંચનામાની હકીકત ન માની શકાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

ત્યારબાદ આ કામે સાહેદ નં.૪ તરીકે પંચ સાહેદ આશીક મહમંદ બદ્રુદીન મલેકને આંક–૨૭ થી તપાસવામા આવેલા છે.જેઓએ આંક–૨૮થી બનાવવાળી જગ્યાનુ પંચનામુ રજુ કરેલ છે. તેમજ પંચનામાની હકીકતોને સમર્થન આપે છે. તેમજ પંચનામામા પોતાની સહી ઓળખી બતાવે છે.તેમજ મુદામાલ આર્ટી.નં.૬,૭,૮ પોતાની હાજરીમા પંચનામાની વિગતે કબજે લેવામા આવેલ હોવાનુ અને મુદામાલ આર્ટીકલોમાથી નીકળેલી પંચ સ્લીપોમા પોતાની સહી હોવાનુ જણાવે છે.આ સાહેદની ઉલટતપાસ ધ્યાને લેતા મે જે સહી કરેલી તે સહી

રાત્રીના સમયે કરેલી.મે સહી કરી ત્યારે જગ્યા ઉપર કોઈ બાઈક પડેલ જોયેલ ન હતુ.હુ જયારે જગ્યા ઉપર પહોચેલ ત્યારે વલીમહમંદ જગ્યા ઉપર હાજર હતા.એ હકીકતનો ઈન્કાર કરે છે કે જગ્યા ઉપર પંચો તથા પોલીસ સિવાય અન્ય કોઈ સરકારી અધીકારીઓ હાજર ન હતા.એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેમણે અગીયાર વાગે સહી કરેલ તે પહેલા બનાવવાળી જગ્યા ઉપર ગયેલ હોય તેવુ બનેલ નથી.એ હકીકતનો ઈન્કાર કરે છે કે પોતાની હાજરીમા કોઈ જગ્યા ઉપરથી કોઈ વ્યકિતએ લોહી જગ્યા ઉપરથી રુના પુમડા ઉપર લીધેલ હોય અને ડબીમા મુકેલ હોય તે હકીકત હુ ખોટી જણાવુ છે.એ હકીકતનો પણ ઈન્કાર કરે છે કે પંચનામામા પોલીસ સ્ટેશને સહી કરેલી.આમ આ સાહેદની સમગ્ર જુબાની તથા ગુનાવાળી જગ્યાનુ પંચનામુ જોતા પંચનામામા સહી કર્યાના સમય સિવાયની તમામ હકીકતને સંપુર્ણ સમર્થન કરે છે.

ત્યારબાદ આ કામે ફરી.પક્ષે સાહેદ નં.૫ તરીકે પંચ સાહેદ માજીદખાન ઈસ્લામખાન પઠાણને આંક–૩૨ થી તપાસેલા છે આ સાહેદની જુબાનીમા આંક–૩૩ થી આરોપીઓની શરીર સ્થિતિનુ તથા આરોપીઓના કપડા કબજે કર્યાનુ પંચનામુ રજુ થયેલ છે.સાહેદે તેની સરતપાસમા પંચનામાની હકીકતને સમર્થન આપેલ છે.તથા મુદામાલ આર્ટીકલ નં.૯,૧૦,૧૨,૧૩ વાળા કપડા પોતાની હાજરીમા આરોપીઓએ પંચનામાની વિગતે રજુ કરતા પોલીસ કબજે લીધાનુ અને પોતાની સહીઓવાળી પંચ સ્લીપ તેમા રાખેલાની હકીકતને સમર્થન કરેલ છે.તેમજ આ સાહેદ કોર્ટ રુબરુ બંને આરોપીઓને ઓળખી બતાવે છે.સદર સાહેદની ઉલટતપાસમા એ હકીકતનો ઈન્કાર કરે છે કે પંચનામામા સહી કરી તેની ચોકકસ તારીખ મને યાદ નથી.હુ જયારે પો.સ્ટે.થી પસાર થતો હતો ત્યારે સાડા પાંચથી છ ના અરસામા પોલીસે મને બોલાવેલો.એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેઓ મુદામાલ કપડા જેમા ટીશર્ટ અને પેન્ટને ખોટી રીતે ઓળખી બતાવે છે.એ હકીકતનો ઈન્કાર કરે છે કે સોએબે બદામી કલરની ટીશર્ટ પહેરેલ હતી.ત્યારબાદ જણાવે છે કે, બદામી કલરની ટીશર્ટ પહેરેલ હતી.એ હકીકતનો ઈન્કાર કરે છે કે મને હજે ટીશર્ટ બતાવવામા આવેલી તે ક્રીમ

કલરની ટીશર્ટ હતી.એ હકીકતનો સ્વીકાર કરે છેકે કપડા ઉપર ઓળખના કોઈ ચીન્હો જેવા કઈ કંપનીના હતા તે જોયેલ નથી.એ હકીકતનો ઈન્કાર કરે છેકે કપડા પો.સ્ટે.ના ટેબલ ઉપર પડેલા હતા.એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેમની હાજરીમા પો.સ્ટે.મા હાજર મહંમદશોએબ તથા મુસ્તુફામીયાને પોલીસે તેઓનુ નામ પુછેલ હોય તે હકીકત ખોટી જણાવે છે.એ હકીકતનો સ્વીકાર કરે છેકે તેમણે પો.સ્ટે.મા તેઓના પહેરેલ કપડા જોયેલા અને તે અંગેનુ પોલીસે પંચનામુ કરેલુ તેમા મે સહીઓ કરેલી.એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેમની હાજરીમા કોઈ કપડા કબજે કરવામા આવેલ નહી.આમ સદરહુ સાહેદ પણ આંક-૩૩ ના પંચનામાની હકીકતને સંપુર્ણ સમર્થન કરે છે અને ઉલટતપાસમા સાહેદની જુબાની ન માની શકાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી.

ત્યારબાદ આ કામે આંક-૩૮ તથા આંક-૪૧ થી અનુક્રમે સાહેદ નં .૬ પંચ સાહેદ આરીફમીયા અબ્દુલમીયા મલેક તથા સાહેદ નં.૭ ઉસ્માનમીયા સદરોદીન મલેકને તપાસવામા આવેલા છે અને પુરાવા ધારાની કલમ-૨૭ મુજબનુ પંચનામાના સદર સાહેદો પંચ છે.સદર પંચનામુ આંક-૩૯ થી આ કામે રજુ થયેલ છે.સાહેદોની જુબાની ધ્યાને લેતા પંચનામામા તેઓની સહી હોવા સિવાયની તમામ હકીકતોનો ઈન્કાર કરે છે.ફરી.પક્ષે તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી વિસ્તૃત ઉલટતપાસ કરેલ છે તેમા પણ પ્રોસીકયુશનને મદદરુપ થાય તેવી કોઈ હકીકત જણાવતા નથી.

**<u>ફરીયાદી નજરે જોનાર સાહેદનો પુરાવો.</u>**

**(૧૮)** આ કામે ફરીયાદ પક્ષે સાહેદ નંબર.૮ તરીકે ફરીયાદી સોહેલ મહમંદ, સમીરમહમંદ મલેકને આંક-૪૩ થી સોગંદ ઉપર તપાસેલા છે.સદર સાહેદની જુબાની ધ્યાને લેતા સરતપાસમા જણાવેલ છે કે,'' અમારા મહોલ્લામા શહેબાજ સમીરોદીન મલેક તથા કેશઅશરફ યુનુસભાઈ મલેકનાઓ રહે છે અને તેઓ મારા મીત્ર થાય છે.અને અમે રોજ સાંજે સાથે બેસતા હતા અને હરતા ફરતા હતા.તા.૦૯/૦૧/૨૦૨૩ ના રાત્રીના નવેક વાગે હુ ,કેસઅશરફ અને શહેબાજ ત્રણેય જણા મોટરસાયકલ ઉપર ઉતરાણના તહેવાર માટે ડી.જે.

નોંધાવવા ભોભાફળી ખાતે જતા હતા અને તે વખતે પાછળથી ભાણો કરીને એક વ્યકિત હતો તેણે અમારી બાઈકને તેના પલ્સર બાઈકથી ઠોકી દીધેલુ અને તે વખતે અમે ત્યા ઉતરીને તેની સાથે વાતચીત કરતા હતા તે વખતે ભાણાએ અમારી સાથે ગાલીગલોચ કરેલ અને તરતજ ગુસ્સે થઈ ગયેલો અને એટલામા ત્યા ટોળુ થઈ ગયેલુ અને અમે ત્રણેય જણા ટોળામા છુટા છુટા પડી ગયેલા.તે વખતે બાબુલકાકાએ શહેબાજને પકડી લીધેલો અને ભાણાએ તેના ખીસ્સામાથી ચાકુ કાઢી શહેબાજને જમણા પગ ઉપર જાંઘના ભાગે મારી દીધેલ અને શહેબાઝને લોહી નીકળવા લાગેલુ અને તે ત્યા બેભાન થઈને નીચે પડી ગયેલો.તે વખતે ત્યા હાજર વ્યકિતઓમાંથી કોઈપણ શહેબાજને બાઈક ઉપર બેસાડવા માટે મદદ કરવા તૈયાર નહોતુ તે વખતે ત્યા તુફેલ તન્વીર મહમંદ ત્યાંથી ચાલતો ચાલતો નીકળેલો તે અમારી નજીક આવેલો અને તુફેલ તન્વીર મહમંદ બાઈક ચલાવવા માટે બેઠેલો અને શહેબાઝને મે વચ્ચે બેસાડેલો અને હુ પાછળ બેસીને શહેબાજને લઈને અમે સારવાર માટે શ્રધ્ધા હોસ્પીટલ લઈ ગયેલા ત્યા ડોકટરે સારવાર માટે ના પાડેલી અને શહેબાઝને કરમસદ હોસ્પીટલ લઈ જવા જણાવેલુ.જેથી અમે બંને જણા એમ્બ્યુલઈન્સમા શહેબાઝને લઈને શ્રીકૃષ્ણ હોસ્પીટલ કરમસદ ખાતે ગયેલા અને આ બાબતે શહેબાઝના પપ્પાને જાણ કરેલી અને ડોકટરે જાણ કરેલી કે શહેબાઝ અવસાન પામેલ છે.ત્યારબાદ અમે બોરસદ આવેલા અને બોરસદ ટાઉન પો.સ્ટે.મા મે ફરીયાદ આપેલી.સાહેદની જુબાનીમા આંક–૪૪ થી ફરીયાદ રજુ થયેલ છે. સાહેદે વધુમા જણાવેલ છેકે ફરીયાદ આપ્યા બાદ મારા તથા તુફેલના કપડા લોહીવાળા થયેલા તે પોલીસને આપેલા અને તેનુ પંચનામુ કરેલુ.ત્યારબાદ બીજા દિવસે સવારના નવેક વાગે પોલીસને બનાવવાળી જગ્યા બતાવેલી અને પોલીસે ત્યા બધા સબુત લીધેલા.સદર ફરીયાદી આરોપીઓ કોર્ટમા હાજર ન હોય કોર્ટના રેકર્ડમાંથી બે ફોટા બતાવવામા આવે છે જેમા પ્રથમ ફોટો ભાણાનો અને બીજો ફોટો બાબુલભાઈનો છે તેમ ઓળખી બતાવે છે. વધુમમા સાહેદ જણાવે છે કે મને મુદામાલવાળુ ચપ્પુ બતાવવામા આવે તો હુ ઓળખી શકુ.સાહેદને મુદામાલ આર્ટી.નં.૧૫ વાળુ ચપ્પુ બતાવતા આ તેજ ચપ્પુ

છે જે ભાણાના હાથમા હતુ તેમ જણાવે છે. તેમજ મુદામાલ આર્ટી.નં.૧,૨ વાળા કપડા બતાવતા તે પોતે પોલીસમા રજુ કરેલાનુ જણાવે છે.આ સાહેદની ઉલટતપાસ ઘ્યાને લેવામા આવે તો ઉલટતપાસમા સાહેદે જણાવેલ છે કે ''.......એ વાત ખરી છે કે,ગુજરનાર શહેબાઝ મોબાઈલ ફોન ધરાવતો હતો.એ વાત ખરી છેકે મારો મોબાઈલ નંબર.૭૫૬૭૦૮૪૩૮૩ નો છે.........મને અમે જે ડી.જે.કરવા જવાના હતા તેનુ કોઈ નામ ખબર નથી.અમે બનાવના દિવસે વાવડી ફળીયાથી બળીયાદેવ રસ્તે થઈ ભોભાફળીયામા આવેલા.......એ વાત ખરી છેકે બનાવવાળી જગ્યા ખુલ્લા ચોકની જગ્યા છે......એ વાત ખરી છેકે અમે બળીયાદેવથી ભોભા ફળીયામા વચ્ચેના રસ્તે આવેલા. એ વાત ખરી છેકે,ભોભાફળીયામા જે ચોક આવે છે ત્યા એક દરગાહ આવેલી છે.એ વાત ખરી છે કે,દરગાહની દિવાલને અડીને સોહાના પાન પેલેસ આવેલ છે.એ વાત ખરી છે કે,ચોકથી બહાર નીકળતા ડાબી બાજુ આરોપી બાબુભાઈનો પાનનો ગલ્લો આવેલો છે.એ વાત ખરી નથી કે ચોકથી ૨૦૦ મીટર આવેલ ચરોતર હાર્ડવમેર આગળ બાઈક અથડાવવાનો બનાવ બનેલો.ગુજરનાર શહેઝાબ જોડે સ્પલે'ન્ડર મોટરસાયકલ હતી.એ વાત ખરી છે કે,બનાવના દિવસે હુ તથા કેસ અશરફનાઓ જ વાવડી ફળીયાથી બાઈક લઈને નીકળેલા.એ વાત ખરી છે કે કેસઅશરફ પણ મોબાઈલ ફોન ધરાવે છે.એ વાત ખરી છે કે,હુ તથા કેશઅશરફ જયારે ભોભાફળીયા જવા નીકળ્યા ત્યારે મરણ જનાર શહેબાઝ તેના ઘરે જમવા બેઠો હતો.એ વાત ખરી નથી કે બાઈક અથડોવવાનો બનાવ બન્યમા બાદ અમે શહેબાઝને ફોન કરીને બોલાવેલ.......એ વાત ખરી છેકે અમે રાત્રીના જે મોટરસાયકલ લઈને નીકળેલા તે ફૈજાન મલેકનાઓનુ હતુ.હુ જયારે દુકાને હતો ત્યારે પાંચેક વાગે શહેબાઝનો મારી ઉપર ડી.જે.જોવા જવાનો ફોન આવેલ.એ વાત ખરી છેકે ફૈજાનનુ બાઈક લેવા કેસઅશરફ ગયેલા.એ વાત ખરી છે કે,અમે જયારે વાવડી મહોલ્લામાથી નીકળ્યા તે વખતે ફૈઝાન અમારી સાથે આવેલ ન હતો......એ વાત ખરી નથી કે હુ જે તન્વીરમહમંદનો ઉલ્લેખ કરુ છુ તેનુ આખુ નામ મહોમંદતુફેલ તન્વીરમહમંદ પઠાણ છે.એ વાત ખરી છે કે, તન્વમીરમહમંદ પઠાણ જોડે અમારે ડી.જે.બાબતની કોઈ વાત રાત્રીના થયેલ

નહી.એ વાત ખરી છે કે ભોભાફળીયાથી વાવડી મહોલ્લો અડધા કીલોમીટર જેટલો દુર આવેલો છે.એ વાત ખરી નથી કે તન્વીરમહમંદહને બનાવવાળા સ્થળે મે ફોન કરીને બોલાવેલા.હુ શ્રીકૃષ્ણ હોસ્પીટલ કરમસદ મુકામે ગયેલો.એ વાત ખરી છેકે અમે જે રસ્તેથી બાઈક લઈ ભોભાફળીયાવાળા ચોકમા આવ્યા ત્યા વચ્ચે રસ્તો અને આજુબાજુ ઘરો આવેલા છે.એ વાતની મને ખબર નથી કે મદ્રેસાની સામે સુપર આઈસડેપો આવેલ છે.એ વાત ખરી નથી કે ચોક પાસે સેવન સ્ટાર બેકરી તથા ચારાના આઈસ્ક્રીમની દુકાન આવેલ છે........એ વાત ખરી નથી કે બાઈકને પાછળથી ટકકર વાગવાનો બનાવ ડેરીથી ચોક તરફ આવવાના રસ્તે બનેલો.એ વાત ખરી નથી કે બાઈક અથડાવવાનો બનાવ બનેલ એટલ ે મે મોબાઈલથીફોન કરીને મારા ફળીયાના છોકરાઓને ભોભાફળીયાના ચોકમા બોલાવેલા. એ વાત ખરી નથી કે અમે આરોપી ભાણાને મારતા મારતા ચોક બાજુથી દરગાહ તરફ લઈ ગયેલા.એ વાત ખરી છે કે, બનાવ સમયે ૨૦ થી ૨૫ માણસોનુ ટોળુ ભેગુ થઈ ગયેલ હતુ.એ વાત ખરી છે કે, હાલના બનાવ પહેલા અમારે આરોપીઓ જોડે કોઈ અણબનાવ થયેલ નહી.**એ વાત ખરી છે કે અમારે મોહમંદ સોહેબ ઉર્ફે ભાણા જોડે બોલાચાલી થઈ ત્યારે આરોપી નં.ર બાબુલભાઈનાઓ તેમના પાનના ગલ્લે બેઠેલા હત**ા.એ વાત ખરી નથી કે કેસઅશરફ આ બોલાચાલી ચાલતી હતી તે વખતે બાબુભાઈને તેઓના ગલ્લે બોલાવવા ગયેલો.મરણ જનાર શહેબાઝ તથા આરોપી ભાણાને ઝપાઝપી થયેલ નહી.મારે આરોપી નં.૧ મોહમંદ સોહેબ ઉર્ફે ભાણા જોડે કોઈ ઝપાઝપી થયેલ નહી....એ વાત ખરી છેકે મદ્રેસા આગળ એક રસ્તો ભોભાફળીયા તરફ જવાય.તેમજ બીજો રસ્તો ડેરી તરફ જવાનો છે.એ વાત ખરી નથી કે ટોળાએ અમને ઝગડામા પાનના ગલ્લા આગળ છુટા પાડેલા.અમને ઝગડો ચાલતો હતો તે દરમીયાન ટોળાએ છુટા પાડેલ નહી.**એ વાત ખરી છે કે ટોળુ જયા હતુ ત્યા ગલ્લેથી ઉભા થઈ આરોપી બાબુભાઈ ટોળાવાળી જગ્યાએ આવેલ હતા.**એ વાતની મને ખબર નથી કે આરોપી નં .૧ ભાણાને ટોળામાંથી હુમલાના કારણે નાક તથા કાનમા ઈજાઓ થયેલી.એ વાત ખરી છેકે આ બનાવમા મને કોઈ ઈજા થયેલી નહી.એ વાત ખરી નથી કે બોલાચાલી

અને ઝગડો શરુ થયો એટલે બનાવના સ્થળેથી કેસઅશરફ બનાવનુ સ્થળ છોડી ચાલ્યા ગયેલા.એ વાત ખરી નથી કે મરનાર શહેબાઝ કાયમ પોતાની પાસે ચપ્પુ રાખતો હતો.એ વાત ખરી નથી કે હુ આરોપી નં.૧ ને બનાવ પહેલેથી ઓળખતો ન હતો.જગ્યા ઉપર મારા,કેસઅશરફ તેમજ તુફેલમહમંદ સિવાય બીજુ કોણ આવેલુ તેની મને ખબર નથી.એ વાત ખરી છે કે દવાખાને કેશઅશરફ અમારી જોડે બાઈક ઉપર આવેલ નહી.........**એ વાત ખરી છે કે મે શહેબાઝને છોડાવવા માટે કોઈ પ્રયત્ન કરેલો નહી.એ વાત ખરી છે કે બનાવ ખુબ ઝડપથી બની ગયેલો**.....એ વાત ખરી નથી કે હુ મુદામાલ ચપ્પુ ખોટી રીતે ઓળખી બતાવુ છુ.એ વાત ખરી નથી કે,ફરીયાદ આપ્યા બાદ મે બનાવવાળી જગ્યા પોલીસને બતાવેલાનુ ખોટુ જણાવુ છુ.એ વાત ખરી નથી કે પોલીસને મારા કપડા રજુ કરેલાનુ ખોટુ જણાવુ છુ....એ વાત ખરી છેકે કેશઅશરફને ઈજા થયેલ નહી.......એ વાત ખરી નથી કે ઝગડો શરુ થયો એટલે કેસ અશરફ બનાવના સ્થળેથી નીકળી ગયેલા.**એ વાત ખરી નથી કે મે મારી ફરીયાદમા તે વખતે ત્યા હાજર વ્યકિતમાંથી કોઈ શહેબાઝને બાઈક ઉપર બેસાડવા માટે મદદ કરવા તૈયાર ન હતુ તેવી હકીકત લખાવેલ ન હતી. એ વાત ખરી નથી કે મે મારી પોલીસ રુબરુની ફરીયાદમા શહેબાઝ બેભાન થઈ નીચે પડી ગયેલો તેવી હકીકત લખાવેલ નથી**.......અમે શ્રધ્ધા હોસ્પીટલમા ગયા ત્યારે ત્યા ડોકટર હાજર ન હતા.એ વાત ખરી નથી કે શ્રધ્ધા હોસ્પીટલમા ડોકટર સાહેબે બનાવ વિશે પુછપરછ કરેલી.એ વાત ખરી નથી કે શ્રધ્ધા હોસ્પીટલના ડોકટરે ત્યા પાટા પીડી પણ કરેલી.ફરીયાદ આપવા મારી સાથે ફળીયાના બે ત્રણ જણા આવેલા.ફરીયાદ આપતા સમયે મુન્નાભાઈ કરીને વ્યકિત મારી સાથે આવેલા .એ વાત ખરી નથી કે શહેબાઝના પપ્પા ફરીયાદ આપવાની ના પાડતા હતા. એ વાત ખરી નથી કે શહેબાઝને અમારી સાથેના વ્યકિતઓએ જ ચપ્પુ મારેલુ........હુ કરમસદ મેડીકલથી બોરસદ પો.સ્ટે. આવેલો.હુ જયારે કરમસદથી બોરસદ પો.સ્ટે.આવ્યો ત્યારે મુન્નાભાઈ તથા મુઝજફરભાઈ મારી સાથે હતા.એ વાત ખરી નથી કે રસ્તામા અમારી વચ્ચે ફરીયાદ કેવી રીતે લખાવવી તેની ચર્ચા થયેલી.એ વાત ખરી નથી કે હુ સોગંદ પર ખોટી

જુબાની આપુ છુ.એ વાત ખરી નથી કે આરોપી નં.ર નુ નામ ફરીયાદમા ખોટી રીતે લખાવેલુ છે.મુજબની હકીકત ફરીયાદીએ ઉલટતપાસમા જણાવેલી છે.ફરીયાદીની આંક–૪૪ ની ફરીયાદ તથા સાહેદની કોર્ટ રુબરુની જુબાનીની હકીકતો ધ્યાને લેતા ફરીયાદમા ''....અને શોહેબે સમીરોદીન મલેક હતો જેથી શહેબાઝે તેને બાઈક જોઈ ચલાવ તેમ કહેતા તે એકદમ ગુસ્સે થઈ ગયેલ અને અમને ઉભા રાખી દીધેલા અને અમારી સાથે બોલાચાલી કરવા લાગેલ અને આ વખતે સોહેલ મલેકના મામા બાબુલભાઈ આવી ગયેલા અને તેઓએ અમને મા બેન સમાણીગંદી ગાળો બોલેલ અને બાબુલભાઈએ શહેબાઝને પકડી રાખેલ અને શોહેલે તેના પેન્ટમાંથી ચપ્પુ કાઢી શહેબાઝના પેટમા મારવા જતા મે તેને પકડવા જતા ચાકુ શહેબાઝની જમણા પગે જાઘમા વાગી ગયેલ અને શહેબાઝના શરીરમાથી લોહી નીકળવા લાગેલ અને તે નીચે બેસી ગયેલ જેથી મે અને કેશઅશરફે તેને પકડી લીધેલ.........નુ સાહેદે ફરીયાદમા લખાવેલ છે જયારે કોર્ટ રુબરુની જુબાનીમા ''તે વખતે ભાણાએ અમારી સાથે ગાલીગલોચ કરેલ અને તરત જ ગુસ્સે થઈ ગયેલ અને એટલામા ત્યા ટોળુ થઈ ગયેલુ અને અમે ત્રણેય જણા ટોળામા છુટા છુટા પડી ગયેલા તે વખતે બાબુલકાકાએ શહેબાઝને પકડી લીધેલો અને ભાણાએ તેના ખીસ્સામાથી ચાકુ કાઢી શહેબાઝને જમણા પગ ઉપર જાઘના ભાગે મારી દીધેલુ અને શહેબાઝને લોહી નીકળવા લાગેલુ અને તે ત્યા બેભાન થઈને નીચે પડી ગયેલો તે વખતે ત્યા હાજર વ્યકિતઓમાથી કોઈપણ શહેબાઝને બાઈક પર બેસાડેવા માટે મદદ કરવા કોઈ તૈયાર ન હતુ.......'' આમ સાહેદની જુબાનીમા ટોળુ એકઠા થયા પછી બાબુલકાકાએ શહેબાઝને પકડી લીધો અને ભાણાએ તેના ખીસ્સામાથી ચાકુ કાઢીને શહેબાઝને જમણા પગ ઉપર મારી દીધેલુ પરંતુ ફરીયાદ જોતા આ બાબત બચાવપક્ષ તેની ઉલટતપાસમા સદર કોન્ટ્રાડીકશન એ વાત ખરી છે કે અમારે મહમંદસોએબ ઉર્ફે ભાણા જોડે બોલાચાલી થઈ ત્યારે આરોપી નં.ર બાબુલભાઈનાઓ તેમના પાનના ગલ્લે બેઠેલ હતા તેમજ શહેબાઝને બનાવ વખતે ત્યા હાજર વ્યકિતઓમાથી કોઈ બાઈક પર બેસાડવા માટે મદદ કરવા કોઈ

તૈયાર ન હતુ જેવા તેમજ બનાવ વખતે ફરીયાદમા જણાવ્યા મુજબ સાહેદ પોતે આરોપી શોહેલે તેના પેન્ટમાથી ચપ્પુ કાઢી શહેબાઝના પેટમા મારવા જતા પોતે તેને પકડવા જતા ચાકુ શહેબાઝને જમણા પગે જાઘમા વાગી ગયેલ અને શહેબાઝના શરીરમાથી લોહી નીકળવા લાગેલ અને તે નીચે બેસી ગયેલ જેથી મે અને કેશઅશરફે તેની પકડી લીધેલ તે હકીકતની બાબતે ઉલટતપાસ જોતા સાહેદ તે બાબતે વિસંગત હકીકત જણાવે છે.તદઉપરાંત આ કામે સાહેદે ઉલટતપાસમા પોતાનો મોબાઈલ નં બર ૭૫૬૦૭૮૪૩૮૩ નો જણાવેલ છે ત્યારે આ તબકકે ફરીયાદપક્ષે **આંક–૫૪** થી રજુ થયેલ ટેલીફોન વર્ધી વંચાણે લેતા વર્ધીમા જણાવેલ છે કે,''દર્દી નામે શહેબાઝ સબીરોદીન મલેક ઉંમર વર્ષ ૨૧ રહે.બોરસદ,વાવડી મહોલ્લો તાલુકો બોરસદ જીલ્લો આણંદ તા.૯/૧/૨૩ ના રોજ આશરે રાત્રીના ૨૨–૧૦ વાગે ભોઈફળી ચોરામા દરગાહ પાસે નાઓ બાઈક લઈને જતા હતા ત્યારે એક વ્યકિત જોડે ઝગડો થતા તેઓને સામાવાળી વ્યકિતએ જમણા પગે છરી વડે ઘા કરેલ છે તે પછી દર્દીને અત્રેની હોસ્પીટલમા કલાક ૨૩–૨૦ વાગે મરણ ગયેલ અવસ્થામા લાવેલ છે તો આગળની પોલીસ કાર્યવાહી કરવા વિનંતી છે. નોંધ:–દર્દીને પેટ અને સાથળની વચ્ચેના ભાગે છરી વડે ઈજા કરેલ છે તા.૯/૧ /૨૦૨૩ કલાક ૨૩–૩૦ સગાનો નંબર.૭૫૬૭૦૮૪૩૮૩ લખાવેલ છે ''અને આ વર્ધી શ્રીકૃષ્ણ હોસ્પીટલમાથી ડોકટર અલીશાહનાઓએ લખાવેલાનુ ફરી.પક્ષના પુરાવાથી જણાઈ આવે છે. ઉપરોકત સંજોગોમા સાહેદની સમગ્ર જુબાની જોતા આખેઆખી જુબાની ખોટી હોવાનુ જણાતુ નથી.પરંતુ આ કામે આંક– ૫૪ વાળી ટેલીફોનવર્ધીની હકીકત તથા સાહેદની ઉલટતપાસ ધ્યાને લેતા તથા ઉલટતપાસ દરમીયાન સહ આરોપી પાનના ગલ્લે બેઠા હતા તે હકીકત તથા ફરીયાદ હકીકત તથા જુબાનીમા સદર સાહેદની હાજરી બાબતની હકીકતમા મહત્વના કોન્ટ્રાડીકશન જણાય આવે છે.આંક–૫૪ ની ટેલીફોનીક વર્ધી શ્રીકૃષ્ણ હોસ્પીટલના ડો.અલીશાહનાઓએ લખાવેલ છે અને સગામા હાલના ફરીયાદીનો નંબર પણ લખાવેલ છે.તે સંજોગોમા સૌ પ્રથમ શ્રીકૃષ્ણ હોસ્પીટલ કરમસદમા ડોકટર સમક્ષ આંક–૫૪ ની ટેલીફોન વર્ધી મુજબની હકીકત દર્દીના સગા

એ લખાવેલ હોય અને તે સગા હાલના સાહેદનો નંબર સગા તરીકે લખાવેલ હોય તેવુ માનવાને પુરતુ કારણ છે.કારણ કે સૌપ્રથમ શ્રીકૃષ્ણ હોસ્પીટલ કરમસદ ખાતે ફરીયાદીના પોતાના પુરાવા મુજબ મરણ જનારને હાલના ફરીયાદી જ એમ્બ્યુલન્સમા શ્રીકૃષ્ણ હોસ્પીટલ ખાતે લઈ ગયેલાનુ જણાઈ આવે છે અને તેઓએ જ સૌ પ્રથમ આંક-૫૪ મુજબની હકીકત શ્રીકૃષ્ણ હોસ્પીટલના ડોકટર અલીશાહનાઓને જણાવેલ હોય તેવુ માનવાને કારણ છે.તે સંજોગોમા સાહેદની સમગ્ર ઉલટતપાસ ધ્યાને લેતા આ સાહેદની સમગ્ર જુબાની ખોટી હોવાનુ માનવાને કોઈ કારણ નથી અને સાહેદ બનાવ વખતે હાજર હોય અને શહેબાઝને આરોપી નં.૧ નાએ મુદામાલ આર્ટી.નં.૧૫ વાળુ ચપ્પુ મરણ જનારના જમણા પગ ઉપર જાંઘના ભાગે મારી દીધેલાનુ નહી માનવાને કોઈ કારણ જણાતુ નથી.

ત્યારબાદ આ કામે સાહેદ નં.૯ તરીકે સાહેદ મોહમંદતુફેલ તન્વીરમહમંદ પઠાણનાઓને આંક-૪૭ થી તપાસેલા છે.આ સાહેદની સરતપાસ જોતા પોતે ભોભાફળી ચોકમા પહોચેલો ત્યારે લોકોનુ ટોળુ ભેગુ થયેલુ મે જોયેલુ જેથી હુ ટોળા બાજુ ગયેલ ત્યા મારા મીત્ર શોહેલે મને બુમ પાડેલી ત્યા હુ ઝગડામા વચ્ચે પડેલો ત્યારે ઝગડો થઈ ચુકેલ હતો અને લોકોનુ ટોળુ હતુ અને શહેબાઝ લોહીલુહાણ થયેલ હતો અને બાઈક પાસે બેઠો હતો જેથી હુ શહેબાઝને સારવાર માટે શહેબાઝ પાસે જે બાઈક સ્પલેન્ડર હતી તેમા શહેબાઝને વચ્ચે બેસાડીને બાઈક હુ ચલાવતો હતો અને શહેબાઝની પાછળ સોહેલ બાઈક ઉપર બેઠો હતો તેમ જણાવેલ છે તેમજ તેઓ બાઈક પર પ્રથમ શ્રધ્ધા હોસ્પીટલ સારવાર માટે ગયેલા ત્યાંથી સારવાર માટે શ્રીકૃષ્ણ હોસ્પીટલ કરમસદ ખાતે લઈ જવાનુ જણાવતા એમ્બ્યુલન્સ વાહનમાં શહેબાઝને બેસાડી તેઓ તથા ફરીયાદી શ્રીકૃષ્ણ હોસ્પીટલ કરમસદ ખાતે જવા નીકળેલા અને તે વખતે શહેબાઝને ખુબજ લોહી નીકળતુ હતુ જેથી સોહેલે તેનુ ટીશર્ટ કાઢી શહેબાઝનુ લોહી બંધ કરવા પ્રયત્ન કરેલો અને હુ અને શોહેલ કરમસદ દવાખાનેથી નીકળીને બોરસદ ટાઉન પોલીસ સ્ટેશને ગયેલા ત્યા શોહેલે ફરીયાદ આપેલી

તે સમયે મે પહેરેલા કપડા લોહીવાળા થયેલા તે કપડા મે પો.સ્ટે.મા રજુ કરેલાની હકીકત જણાવેલ છે જયારે બનાવ અંગેની હકીકત ઉલટતપાસ ધ્યાને લેતા તેઓને પાછળથી સોહેલ મહમંદના કહેવાથી જાણેલી હોવાની એટલે કે બનાવ બન્યા બાદ આ સાહેદ બનાવવાળીસ જગ્યાએ પહોચેલા અને ત્યારબાદ સોહેલના કહેવાથી બનાવ અંગેની જાણ તેઓને થયેલ છે જેથી બનાવ નજરે જોનાર સાહેદ નથી પરંતુ બનાવ બન્યા બાદ પોતે બનાવવાળી જગ્યાએ બનાવ સ્થળે પહોચેલ છે અને તેઓની હાજરીમા તેઓએ સોહેલ સાથે રહી જે કાઈ કાર્યવાહી કરી તે બાબતે તેઓની જુબાની ન માની શકાય તેવી કોઈજ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી.આમ આ સાહેદની જુબાની પરથી મરણ જનારને બનાવ સ્થળેથી સારવાર માટે સ્પલેન્ડર બાઈક પર પ્રથમ શ્રધ્ધા હોસ્પીટલ બોરસદ ખાતે અને ત્યાથી શ્રીકૃષ્ણ હોસ્પીટલ કરમસદ ખાતે લઈ જવામા સાથે હોવાની હકીકત નહી માનવાને કોઈ કારણ નથી.તેમજ આ કામે સાહેદના કપડા મુદામાલ આર્ટી.નં.૩,૪ ઉપર એફ.એસ.એલ.રીપોર્ટમા જે લોહી જણાયેલ છે તે મરણ જનારનુ બ્લડ ગૃપનુ છે.તે સંજોગોમા શ્રીકૃષ્ણ હોસ્પીટલ કરમસદ ખાતે મરણ જનારને હાલના સાહેદ અને ફરીયાદી જ લઈ ગયેલા તે સિવાય અન્ય કોઈ લઈ ગયેલ નથી અને ફરીયાદી સિવાયના અન્ય કોઈ વ્યકિતએ શ્રીકૃષ્ણ હોસ્પીટલ કરમસદમા આંક-૫૪ થી રજુ થયેલ વર્ધી મુજબની હકીકત જણાવેલ હોવાની હકીકત નહી માનવાને કોઈ કારણ નથી.

**<u>સ્થાનીક એફ.એસ.એલ.અધીકારીનો પુરાવો.</u>**

**(૧૯)** આ કામે સાહેદ નં.૧૦ તરીકે આંક-૪૯ થી સાહેદ અર્જુનભાઈ નાનજીભાઈ રાઠવા સાયન્ટીફીક ઓફીસરને તપાસેલા છે તેઓ પુરાવામા જણાવે છે કેતેઓ છેલ્લા ચાર વર્ષથી આણંદખાતેડીએફએસગાંધીનગરના મોબાઈલ ઈનવેસ્ટીગેશન વાનમા સાયન્ટીફીક ઓફીસર તરીકે ફરજ બજાવે છે. ગઈ તારીખ. ૧૦/૦૧/૨૩ ના રોજ પોલીસ કંન્ટ્રોલ રુમ તરફથી મેસેજ મળેલો કે બોરસદ ટાઉન પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૧૫૦૦૬૨૩૦૦૧૧/૨૦૨૩ ના ગુનાના કામે સ્થળ પરીક્ષણ કરવા માટે વિનંતી કરવામા આવેલી જેથી તેઓએ તા.૧૦/૧/૨૩ ના કલાક ૯-૫૦

થી ૧૦–૫૦ દરમ્યાન બોરસદ, ભોભા ફળી, મદ્રેસા પાસે ગયેલો અને તે વખતે ત્યા ત.ક.અમલદારશ્રીનાઓના હાજર હતા અને તેમની હાજરીમા બનાવવાળી જગ્યા જોતા તે જગ્યાએ આરસીસી રોડ પર આશરે બે ફુટના ઘેરાવામા રતાશ પડતા ડાઘા ઘબ્બા જોવા મળેલા હતા અને તે ડાઘા ઘબ્બાની બાજુમા છાટા જેવા આશરે ચારેક ફુટના અંતરમા રતાશ પડતા ડાઘાઓ જોવા મળેલ. સદર ડાઘાઓ તથા ઘબ્બાઓ ની લોહી અંગેની પ્રાથમીક કસોટી કરતા પરીણામ સકારાત્મક જોવા મળેલ હતુ તે જગ્યાએથી પુર્વ તરફ આશરે ચાલીસ ફુટના અંતરે આરસીસી રોડ પર આશરે બાર ફુટ જેટલા ઘેરાવામા છુટાછવાયા ડાઘાઓ તથા ઘબ્બાઓ રતાશ પડતા રંગના જોવા મળેલ હતા જે ડાઘાઓ તથા ઘબ્બાઓની લોહી અંગેની પ્રાથમીક કસોટી કરતા પરીણામ સકારાત્મક જોવા મળેલ. આ બીજી ડાઘા ઘબ્બાવાળી જગ્યાની દક્ષિણ તરફ આઠ ફુટના અંતરે મદ્રેસા–એ–રોનકે–ઈસ્લામ નો મુખ્ય દરવાજો આવેલ હતો પુર્વ તરફ આરસીસી રોડ છોડી અશરીફ લખાણ ઘરાવતુ મકાન આવેલ હતુ જેની ઉત્તર બાજુએ સુપર આઈસ ડેપો આવેલ હતો. સદર બનાવ સ્થળને બન્ને જગ્યાઓની વચ્ચેના ભાગે આરસીસી રોડ પર પગરખા/પગની છાપ વાળા રતાશ પડતા અસ્પષ્ટ નિશાનો જોવા મળેલા.સદર બન્ને જગ્યાએથી જોવા મળેલ લોહીના ડાઘા તથા ઘબ્બાઓ પરથી ઘસીને બનાવેલ લોહીના રુ ના પુમડા તથા કન્ટ્રોલ રુ નુ પુમડુ એકત્રીત કરાવેલ અને તેને વઘુ તપાસ અર્થે એફએસએલ અમદાવાદ ખાતે મોકલી આપવા સુચન કરેલ તેમજ તપાસ કરનાર અમલદારશ્રીનાઓને મરણ જનારના બનાવ સમયે પહેરેલ કપડા, મરણ જનારનુ બ્લડ સેમ્પલ, આરોપીના બનાવ સમયે પહેરેલ કપડા, આરોપીનુ બ્લડ સેમ્પલ તેમજ બનાવમા વપરાયેલ હથીયાર તપાસના કામે કબજે મેળવીને તેની વઘુ પરીક્ષણ અર્થે એફ.એસ.એલ અમદાવાદ ખાતે મોકલી આપવા સુચન કરેલ. મે કરેલ સ્થળ પરીક્ષણનો અહેવાલ મારા હસ્તાક્ષરમા તૈયાર કરીને પોકો જયેશભાઈ રમેશભાઈ બ.નં.૧૧૨૭ બોરસદ ટાઉન પોલીસ સ્ટેશનાઓને સુપ્રત કરેલ. તેમને અસલ સ્થળ પરીક્ષણ અહેવાલ બતાવવામા આવે છે જે પોતાના હસ્તાક્ષરમા છે અને જેમા પોતાની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે જેને આંક–૫૦ આપવામા

આવેલ છે.ત્યારબાદ આ સાહેદની બચાવપક્ષે વિસ્તૃત ઉલટતપાસ થયેલ છે તેમા જણાવેલ છે કે એ વાત ખરી છે કે,મે સ્થળ ઉપર જઈ જાણેલ કે આ કામની તપાસ પી.આઈ.શ્રી.ગમારા સાહેબ કરે છે . મે સ્થળ ઉપર બનાવ સ્થળનુ નીરીક્ષશણ કરી તેનુ કાગળમા ટાંચણ કરેલુ.એ વાત ખરી નથી કે મે સ્થળ પરીક્ષણનો અહેવાલ આણંદ કચેરીમા આવીને તૈયાર કરેલો.મે સ્થળ પરીક્ષણ કર્યુ તે દરમીયાન પી.આઈ.શ્રી.ગમારા સાહેબ ૧૦–૫૦ સુધી સ્થળ ઉપર હાજર હતા.સ્થળ પર હુ પહોચ્યો ત્યારે ત્યા પોલીસના માણસો અને બીજા અન્ય માણસો હાજર હતા.....એ વાત ખરી છે કે આંક–૫૦ના રીપોર્ટમા મારી સહી નથી.એ વાત ખરી છે કે, આંક–૫૦ ના રીપોર્ટમા કૌસમા એ.એન.રાઠવા માત્ર નામ જણાવેલ છે.સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મે મારુ નામ મારા હસ્તાક્ષરમા લખેલ છે. એ વાત ખરી છે કે આંક–૫૦ ના અહેવાલમા લોહી માટે કઈ પધ્ધતિથી પરીક્ષણ કરવામા આવેલ તેનો ઉલ્લેખ નથી.એ વાત ખરી નથી કે ગુનાવાળી પંચનામા આધારે મે આંક –૫૦ ના રીપોર્ટમા બનાવની ટુંકી વિગત તેમજ અવલોકંનો લખીને રીપોર્ટ ત.ક.અ.ને સોપેલો.એ વાત ખરી નથી કે હુ સ્થળ ઉપર ગયેલ નહી મુજબની હકીકત ઉલટતપાસમા રેકર્ડ ઉપર આવેલ છે.આમ આ સાહેદની જુબાની ઉપરથી આં ક–૨૮ ના પંચનામાની હકીકતેને સમર્થન મળે છે.

**<u>પોલીસ સાહેદોનો તથા અને અન્ય સાહેદનો પુરાવો:–</u>**

**(૨૦)** આ કામે સાહેદ નં.૧૧ તરીકે આંક–૫૧ થી પી.એસ.આઈ.કનૈયાલાલ ચૌધરીને તપાસેલા છે તેઓની રુબરુ ફરીયાદીએ ફરીયાદ હકીકત આંક–૪૪ વાળી લખાવેલ તે મુજબ લખી લીધેલી અને રુબરુમા પોતાની સહી કરેલાનુ તથા આંક–૪૪ મા પોતાની સહી ઓળખી બતાવે છે.આ સાહેદની બચાવપક્ષે વિસ્તૃત ઉલટતપાસ કરેલ છે જેમા તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે,તેમણે ફરીયાદીની ફરીયાદ તેઓએ ફરીયાદીને પુછયા વિના પોતાની જાતે લખી લીધેલી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે,ફરીયાદીએ તેમની ફરીયાદમા પલ્સર મોટર સાયકલ નંબર માત્ર ૯૮૨૨ એટલો જ લખાવેલ આગળનો નંબર લખાવેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરે છેકે પોતાની રુબરુની ફરીયાદમા ઈજા પામનારાઓને

શ્રધ્ધા હોસ્પીટલમા સારવાર માટે લઈ ગયેલાની હકીકત જાહેર થયેલી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે બનાવની રાત્રીએ મરણ જનાર તથા જેના બે મીત્રો ત્રણ સવારી આવતા હતા તેવી હકીકત પણ ફરીયાદમા જાહેર કરેલી છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે બનાવ સમયે ગુજરનાર શહેબાઝ બેભાન થઈ ગયેલો હોઈ તેવી કોઈ હકીકત ફરીયાદમા જાહેર થયેલ નહી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે પોતાની રુબરુની ફરીયાદમા ફરીયાદીએ તે વખતે ત્યા હાજર વ્યકિતમા કોઈ શહેબાઝને બાઈક ઉપર બેસાડવા તૈયાર ન હતા તેવી હકીકત લખાવેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે જમણા પગે જાંઘ ઉપર એક જ ઈજાની હકીકત ફરીયાદમા જાહેર થયેલ છે.આ સાહેદની જુબાની જોતા નજરે જોનાર સાહેદની જુબાનીમા મહત્વની હકીકતોમા વિરોધાભાસ જણાઈ આવે છે જેની નોંધ આગળ ઉપર સદર સાહેદની જુબાનીની ચર્ચામા કરેલ છે.

ત્યારબાદ આ કામે સાહેદ નંબર.૧૨ તરીકે પી.એસ.ઓ.જયદીપભાઈ દશરથભાઈ રાણાને આંક–પર થી તપાસેલા છે.સદર સાહેદ તા.૦૯/૦૧/૨૦૨૩ ના રોજ બોરસદ ટા.પો.સ્ટે.મા સવારના કલાક ૮–૪પ થી તા.૧૦/૦૧/૨૦૨૩ ના સવારના કલાક ૮–પર દરમીયાન પોતાની ફરજ ઉપર હાજર હતા તે વખતે પી.એસ.આઈ.શ્રી.કે.એમ.ચૌધરીનાઓની રુબરુની એક ફરીયાદ દાખલ થવા આવતા સાહેદે ગુનો રજીસ્ર કરી,સી.આર.પી.સી.કલમ–૧પ૭ નો રીપોર્ટ કરી આગળની વધુ તપાસ માટે કેસ કાગળો ઈન્ચાર્જ પી. એસ.આઈ. શ્રી. ગમારા સાહેબને સોપેલા.સાહેદની જુબાનીમા આંક–પ૩ થી સ્ટેશન ડાયરીના સબંધીત ઉતારાની નકલ રજુ થયેલ છે તેમજ આંક–પ૪ થી ટેલીફોન વર્ધી રજુ થયેલ છે.તેમા પોતાની સહી ઓળખી બતાવે છે.તેમજ આંક–પપ થી રજુ થયેલ વીજીટેશન રીપોર્ટમા પોતાની સહી ઓળખી બતાવે છે તથા વી.એચ.એફ.મેસેજ આંક–પ૬ થી રજુ થયેલ છે તેમા પોતાની સહી ઓળખી બતાવે છે.આ સાહેદની ઉલટતપાસ ધ્યાને લેતા સાહેદે ઉલટતપાસમા જણાવેલ છે કે પી.એસ.આઈ.કે.એમ.ચૌધરીની રુબરુની ફરીયાદનો મે માત્ર ગુનો રજીસ્ટર કરેલો.**તેમજ જણાવેલ છે કે શ્રીકૃષ્ણ હોસ્પીટલ કરમસદથી જે વર્ધી આવેલી તે મે સ્વીકારેલી**.એ વાત ખરી છે કે આંક–પ૪

વાળી વર્ધીમા હુમલો કરનાર કોઈ વ્યકિતનુ નામ જાહેર થયેલ નહી.એ વાત ખરી છે કે,આંક–૫૪ ની ટેલીફોન વર્ધી મુજબ મરણ જનારને માત્ર એકજ વ્યકિત જોડે ઝગડો થયેલ તેવી હકીકત જાહેર થયેલી.આમ આ સાહેદની જુબાની ધ્યાને લેતા પોતે પી.એસ.આઈ. રુબરુની ફરીયાદ આવતા ગુનો રજીસ્ટર કરેલાનુ તેમજ પો.સ્ટે.મા પી.એસ.ઓ.ના ચાર્જમા હતા દરમીયાન આંક–૫૪ વાળી ટેલીફોન વર્ધી પોતે સ્વીકારેલી અને તે બાદ કલાક.૧–૧૦ વાગે હાલનો ગુનો સ્ટેશન ડાયરી એન્ટ્રી નં.૪ તા.૧૦/૧/૨૩ ના રોજની નોધાયેલ છે.તેમજ વર્ધીની હકીકત જોતા આગળ ફરીયાદીની જુબાનીની ચર્ચા કર્યા મુજબ ફરીયાદીની જુબાનીમા તથા આંક–૫૪ ની વર્ધીમાં મહત્વનો વિરોધાભાસ રેકર્ડ ઉપર આવેલ છે જેની ચર્ચા ફરીયાદીની જુબાનીમા વિગતે કરેલ છે.

ત્યારબાદ આ કામે સાહેદ નંબર.૧૩ તરીકે નકશો તૈયાર કરનાર સાહેદ મયુરકુમાર અંબુભાઈ પ્રજાપતીને આંક–૫૮ થી તપાસેલા છે જેઓની જુબાનીમા બનાવવાળી જગ્યાનો તેઓએ તૈયાર કરેલો નકશો આંક–૬૧થી રજુ કરેલ છે અને ગુનાવાળી જગ્યાનો નકશો સાહેદે ત્રણકોપીમા તૈયાર કરી મામલતદાર શ્રી.બોરસદને સુપત કરેલ.ત્યારબાદ મામલતદારશ્રી.આરતીબેને પી.આઈ.બોરસદ ટાઉન પો.સ્ટે.મા મોકલી આપેલ અને તે અંગેની યાદીમા આરતીબેનની સહી ઓળખી બતાવે છે અને આંક–૬૨ થી યાદી રજુ કરે છે.આ સાહેદની ઉલટતપાસમા એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે પોતે સ્થળ ઉપર ગયેલ નહી.તે હકીકતનો પણ ઈન્કાર કરે છે કે ,તેમણે ગુનાવાળી જગ્યાના પંચનામા આધારે તેઓ સ્થળ ઉપર ગયા વિના પોતાની કચેરીમા બેસી નકશો તૈયાર કરેલ છે.આંક–૬૧ નો નકશો તથા બનાવાળી જગ્યાનુ પંચનામુ તથા બનાવવાળી જગ્યાના પંચ સાહેદ તથા ફરીયાદીની જુબાનીથી તથા આંક–૮૪ ના એફ.એસ.એલ.રીપોર્ટ મુજબ બનાવવાળી જગ્યા ઉપર જ બનાવ બનેલાનુ પુરવાર થાય છે તેવુ મારુ માનવુ છે.

ત્યારબાદ આ કામે સાહેદ નંબર.૧૪ તરીકે તપાસ કરનાર અમલદાર લાલજીભાઈ ડાહયાભાઈ ગમારાને આંક–૬૪ થી તપાસેલા છે.તેઓએ તેમની જુબાનીમા જણાવેલ છે કે ગઈ તારીખ.૦૯/૦૧/૨૩ ના રોજ પોતે

બોરસદ ટાઉન પોલીસ સ્ટેશનમાં વધારાના ચાર્જમા પી.આઈ. તરીકે હાજર હતા તે વખતે તેઓને એક ફરીયાદ પી.એસ.આઈ.કે.એમ.ચૌધરી રુબરુની લઈ બોરસદ ના.પી.એસ.ઓ.એ તપાસ તેઓ તરફ મોકલતા તેઓએ તપાસ સંભાળેલી.સદર ગુનાના કામે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલ, પંચો રુબરુ ઈન્કવેસ્ટ પંચનામુ કરેલુ.સાહેદ સોહેલ મહમંદ તથા કેશઅશરફનાઓના વિગતવાર નીવેદન લીધેલા.ગુનાના કામે ફરીયાદી તથા સાહેદના કપડા પંચો રુબરુ કબજે કરેલા.એક મોટર સાયકલ ગુનાના કામે પંચો રુબરુ કબજે કરેલ. એફ. એસ. એલ. અધીકારીને સ્થળ ઉપર આવવા યાદી કરેલી.મેડી.ઓફીસરને લાશનુ પી.એમ.કરવા અને કોઝ ઓફ ડેથનુ સર્ટી.આપવા યાદી કરેલી.આરોપીઓને અટક કરી અને મેડીકલ ઓફીસરને આરોપીઓનુ બ્લડ સેમ્પલ લેવા માટે અલાયદી યાદી કરેલી.આરોપીઓને જોયે તેઓ ઓળખી શકે.તેમને મુદદામાલ આર્ટીકલ નંબર ૧ બતાવવામા આવે છે જે સફેદ કલરનુ ટીશર્ટ છે જે બનાવ વખતે લોહીથી ખરડાઈ ગયેલ હતુ.આ ટીશર્ટ મરણ જનારનુ હતુ જે તેમણે પંચનામાની વિગતે કબજે કરેલ તેજ છે જે તેઓ ઓળખી બતાવે છે.તેમને આંક–૨૩ વાળી પંચ સ્લીપ બતાવવામા આવે છે જેમાં બે પંચોની સહીઓ છે અને રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. તેમને મુદદામાલ આર્ટીકલ નંબર (૨) બતાવવામા આવે છે જે કાળા કલરનુ જીન્સનુ પેન્ટ છે જેના પર જે તે સમયે બ્લડના નિશાન હતા અને અત્યારે હાલ સુકાઈ ગયેલ છે. આ પેન્ટ મરણ જનારનુ હતુ જે પોતે પંચનામાની વિગતે કબ્જે કરેલ તે તે જ છે જે તેઓ ઓળખી બતાવે છે. તેમને આં ક–૨૪ વાળી પંચસ્લીપ બતાવવામા આવે છે જેમાં બે પંચોની સહીઓ છે અને રૂબરૂ તરીકે પોતાની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.તેમને મુદદામાલ આર્ટીકલ નંબર (૩) બતાવવામા આવે છે જે નીલા વાદળી ક્રીમ જેવા પટટાવાળી કોલરવાળી ટીશર્ટ છે. આ ટીશર્ટ સાહેદ મહંમદતુફેલ તન્વીરમહંમદ યુસુફખાન પઠાણનુ હતુ જે મરણ જનારને હોસ્પિટલમાં લઈ જતી વખતે સાહેદે પહેરેલુ હતુ તે છે જે પોતે પંચનામાની વિગતે કબ્જે કરેલ તે તે જ છે જે તેઓ ઓળખી બતાવે છે. તેમને આંક –૨૫ વાળી પં ચ સ્લીપ બતાવવામા આવે છે જેમાં બે પંચોની સહીઓ છે અને રૂબરૂ તરીકે પોતાની

સહી છે જે તેઓ ઓળખીબતાવે છે.તેમને મુદદામાલ આર્ટીકલ નંબર(૪) બતાવવામા આવે છે જે ભુરા કલરનુ જીન્સ પેન્ટ છે જે સુકાયેલા લોહીના ડાઘાવાળુ છે.આ પેન્ટ સાહેદ મહંમદતુફેલ તન્વીરમહંમદ યુસુફખાન પઠાણનુ હતુ જે મરણ જનારને હોસ્પિટલમાં લઈ જતી વખતે સાહેદે પહેરેલુ હતુ તે છે જે પોતે પંચનામાની વિગતે કબ્જે કરેલ તે તે જ છે જે તેઓ ઓળખી બતાવે છે. તેમને આંક–૨૬ વાળી પંચસ્લીપ બતાવવામા આવે છે જેમાં બે પંચોની સહીઓ છે અને રૂબરૂ તરીકે પોતાની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.તેમને મુદદામાલ આર્ટીકલ નં બર(૯)બતાવવામા આવે છે જે ક્રીમ જેવા કલરની આખી બાંયની ટીશર્ટ છે.આ ટીશર્ટ આરોપી મહંમદસોએબ ઉર્ફે ભાણો શબ્બીરોદીન જહાંગીરોદીન મલેકનાએ ગુના વખતે પહેરેલ હતી તે સદર ત.ક.અમલદારે આરોપી પાસેથી પંચનામાની વિગતે કબ્જે કરેલ તે તે જ છે જે તેઓ ઓળખી બતાવે છે.તેમને આં ક–૩૪ વાળી પંચસ્લીપ બતાવવામા આવે છે જેમાં બે પંચોની સહીઓ છે અને રૂબરૂ તરીકે પોતાની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. તેમને મુદદામાલ આર્ટીકલ નંબર (૧૦) બતાવવામા આવે છે જે આછા વાદળી જેવા કલરનુ જીન્સનુ પેન્ટ છે. આ પેન્ટ આરોપી મહંમદસોએબ ઉર્ફે ભાણો શબ્બીરોદીન જહાંગીરોદીન મલેકનાએ ગુના વખતે પહેરેલી હતી તે સદર ત.ક.અમલદારે આરોપી પાસેથી પંચનામાની વિગતે કબ્જે કરેલ તે તે જ છે જે તેઓ ઓળખી બતાવે છે.તેમને આંક ૩૫ વાળી પં ચસ્લીપ બતાવવામા આવે છે જેમાં બે પંચોની સહીઓ છે અને રૂબરૂ તરીકે પોતાની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.તેમને મુદદામાલ આર્ટીકલ નંબર (૧૧) બતાવવામા આવે છે જે સીલબંધ હાલતમાં છે જે નામદાર કોર્ટની પરવાનગીથી ખોલી બતાવતા તેમાંથી સફેદ કલરનો હાથરુમાલ નીકળેલ છે જેમાં સુકાયેલા લોહીના ડાઘા છે. આ હાથરુમાલ આરોપી મહંમદસોએબ ઉર્ફે ભાણો શબ્બીરોદીન જહાંગીરોદીન મલેકનાએ ગુના વખતે પહેરેલ પેન્ટના ખિસ્સામાં થી આરોપી પાસેથી નીકળતા તે ત.ક.અમલદારે આરોપી પાસેથી પંચનામાની વિગતે કબ્જે કરેલ તે તે જ છે જે તેઓ ઓળખી બતાવે છે. આ રૂમાલમાંથી નીકળેલ પંચસ્લીપ બતાવવામા આવે છે જેમાં બે પંચોની સહીઓ છે અને રૂબરૂ તરીકે પોતાની

સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ આંક– ૬૫ આપવામા આવે છે. તેમને મુદદામાલ આર્ટીકલ નંબર (૧૨) બતાવવામા આવે છે જે પીળા જેવા કલરની આખી બાંયની ટીશર્ટ છે. આ ટીશર્ટ આરોપી મુસ્તુફામીયાં ઉર્ફે બાબુલભાઈ મલેકએ ગુના વખતે પહેરેલી હતી તે મે આરોપી પાસેથી પંચનામાની વિગતે કબ્જે કરેલ તે તે જ છે જે તેઓ ઓળખી બતાવે છે.તેમને આંક ૩૬ વાળી પંચસ્લીપ બતાવવામા આવે છે જેમા બે પંચોની સહીઓ છે અને રુબરુ તરીકે પોતાની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.તેમને મુદદામાલ આર્ટીકલ નંબર (૧૩) બતાવવામા આવે છે જે વાદળી કલરનુ જીન્સનુ પેન્ટ છે.આ પેન્ટ આરોપી મુસ્તુફામીયા ઉર્ફે બાબુલભાઈ મલેકે ગુના વખતે પહેરેલ હતુ તે મે આરોપી પાસેથી પંચનામાની વિગતે કબ્જે કરેલ તે તે જ છે જે તેઓ ઓળખી બતાવે છે.તેમને આંક–૩૭ વાળી પંચ સ્લીપ બતાવવામા આવે છે જેમા બે પંચોની સહીઓ છે અને રુબરુ તરીકે પોતાની સહી છે જે ઓળખી બતાવે છે. તેમને આંક–૧૨ વાળુ ઈન્કવેસ્ટ પંચનામુ બતાવવામા આવે છે જેમાં પોતાની રૂબરૂ બે પંચોની સહીઓ છે તથા તપાસ કરનાર અધિકારી તરીકે પોતાની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે..

તેમને આંક–૨૮ વાળુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ બતાવવામા આવે છે જેમાં પોતાની રૂબરૂ બે પંચોની સહીઓ છે તથા તપાસ કરનાર અધિકારી તરીકે પોતાની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.તેમને આંક–૨૨ વાળુ મરણ જનારના કપડા કબ્જે કર્યાનુ પંચનામુ બતાવવામા આવે છે જેમાં પોતાની રૂબરૂ બે પંચોની સહીઓ છે તથા તપાસ કરનાર અધિકારી તરીકે પોતાની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. તેમને આંક–૩૩ વાળુ આરોપીઓના કપડા કબ્જે કર્યાનુ પંચનામુ બતાવવામા આવે છે જેમાં પોતાની રૂબરૂ બે પંચોની સહીઓ છે તથા તપાસ કરનાર અધિકારી તરીકે પોતાની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. તેમને આંક– –૧૩ વાળુ મોટરસાયકલ કબ્જે કર્યાનુ પંચનામુ બતાવવામા આવે છે જેમાં પોતાની રૂબરૂ બે પંચોની સહીઓ છે તથા તપાસ કરનાર અધિકારી તરીકે પોતાની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.તેમને આંક–૧૬ વાળી મરણ જનારની લાશનુ પી.એમ કરવા માટેની તથા કોઝ ઓફ ડેથ સર્ટી મેળવવા માટે તેમણે કરેલ યાદી

બતાવવામા આવે છે જેમાં પોતાની તપાસ કરનાર અધિકારી તરીકે પોતાની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.તેમને મરણોતર ફોર્મ બતાવવામા આવે છે જેમાં પોતાની સહી છે જેને તેઓ ઓળખી બતાવે છે જેને રજુ દાખલ આંક–૬૬ આપવામા આવે છે.તેમને મરણ જનારના કપડા આપવા માટેની યાદી બતાવવામા આવે છે જેમાં પોતાની સહી છે જેને તેઓ ઓળખી બતાવે છે જેને રજુ દાખલ આંક–૬૭ આપવામા આવે છે.તેમને ઈન્કવેસ્ટ ભરવા માટેની યાદી બતાવવામા આવે છે જેમાં પોતાની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે જેને રજુ દાખલ આંક–૬૮ આપવામા આવે છે.તેમને આરોપીના લોહીના નમુના લેવા માટેની યાદી બતાવવામા આવે છે જેમાં પોતાની સહી છે જે પોતે ઓળખી બતાવે છે જેને રજુ દાખલ આંક–૬૯ આપવામા આવે છે. ત્યારબાદ આ કામે તા.૧૨/૦૧/૨૦૨૩ બોરસદ ટાઉન પો.સ્ટેના પી.આઈ ડી.આર.ગોહીલનાઓ રજા પરથી હાજર થતા સદર સાહેદે આગળની તપાસ તેઓને સોંપેલ.મુજબની હકીકત જણાવેલ છે.આ સાહેદની ઉલટતપાસ જોતા સાહેદે જણાવેલ છે કે,તેઓની તપાસ દરમીયાન આ કામના ફરીયાદી સોહેલમહમંદ સમીરમહમંદ મલેકનાઓનુ કોઈ વિશેષ નિવેદન લીધેલ નહી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે,ફરીયાદ હકીકત મુજબ મરણ જનારને સૌપ્રથમ બોરસદ મુકામે શ્રધ્ધા હોસ્પીલ ખાતે લઈ જવામા આવેલ હતા.એ હકીકતનો સ્વીકાર કરે છે કે,તેમણે તપાસના કામે બોરસદ મુકામે શ્રધ્ધા હોસ્પીટલમા જઈ ડોકટરશ્રીની કોઈ પુછપરછ કરેલ હોય તેવુ બનેલ નથી.તેમણે આ કામની ફરીયાદ સાથે શ્રીકૃષ્ણ હોસ્પીટલ કરમસદના ડોકટરશ્રી અલીશાહનાઓએ આપેલ ટેલીફોન વર્ધી મળેલી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેમણે ટેલીફોન વર્ધીનો અભ્યાસ કરેલો.એ હકીકતનો સ્વીકાર કરે છે કે ટેલીફોન વર્ધીમા હુમલો કરનાર કોઈ વ્યકિતનુ નામ આપવામા આવેલ નહી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે, ટેલીફોન વર્ધીમા એકજ વ્યકિત સાથે ઝગડો થયેલાની હકીકત જાહેર થયેલ છે.એ હકીકતનો સ્વીકાર કરે છે કે લાશનુ ઈન્કવેસ્ટ પંચનામુ કરવા માટે સબ ડીવીઝનલ મેજી.શ્રી.નાઓ શ્રીકૃષ્ણ હોસ્પીટલ કરમસદ ખાતે આવેલા.એ હકીકતનો સ્વીકાર કરે છે કે,ઈન્વેસ્ટ પંચનામુ સબ ડીવીઝન મેજીસ્ટ્રટશ્રી.રુબરુ થયેલુ.એ હકીકતનો સ્વીકાર કરે છે કે આંક–૧૨ ના ઈન્કવેસ્ટ પંચનામામાં સબ ડીવીઝનલ મેજીસ્ટ્રટ સાહેબની કોઈ સહી નથી.સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે,સબ ડીવીઝનલ મેજી.શ્રીને પધારવા યાદી

અન્વયે તેઓશ્રી ધ્વારા તેમના વતી કાર્યવાહી કરવા અધીકૃત કરેલ.એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેમણે લાશનુ ઈન્કવેસ્ટ થવા એકજી.મેજી.શ્રી.આણંદ ગ્રામ્યનાઓને જે યાદી કરેલી તે તેઓએ તપાસના કામે સામેલ રાખેલ.તેમને આંક–૬૮ વાળી યાદી બતાવતા એકજી.મેજી.શ્રીએ યાદી રીસીવ કર્યા અંગેનો સમય નોધેલ નથી માત્ર તારીખ નાંખેલ છે.તેમજ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે,એકજી.મેજી.શ્રી.આણંદની કચેરીમા આ યાદી રીસીવ કરવામા આવેલ તેનો ઈન્વર્ડ નંબર પણ યાદીમા નથી.એ હકીકતનો સ્વીકાર કરે છેકે ગુનાવાળી જગ્યા તે બોરસદ ભોભાફળી ચોરા પાસે આવેલ મદ્રાસાના કંમ્પાઉન્ડમા સામે આવેલ જગ્યા હતી.બનાવવાળી જગ્યાની નજીકમા દીલદાર પાન પેલેસ તથા એલ.બી.પાન પેલેસની દુકાન તથા રહેણાંકના મકાનો આવેલા હતા. તેઓએ બનાવવાળી જગ્યા ઉપર પહોંચ્યા બાદ તેઓએ એફ. એસ. એલ. અધીકારીનો બોલાવવા માટેની કાર્યવાહી કરેલી.પોતે ગુનાવાળી જગ્યાએ રાત્રીના આશરે પોણા બે વાગ્યે પહોચેલા.ગુનાવાળી જગ્યાનુ પંચનામુ પોતે રાત્રીના કરેલુ.આ પંચનામા સમયે એફ. એસ. એલ.અધીકારી સ્થળ ઉપર આવેલ નહી.બનાવવાળી જગ્યાના ફોટોગ્રાફ પોતે લીધેલા આ ફોટોગ્રાફ પોતે પોતાની તપાસ દરમીયાન તપાસના કાગળો સાથે સામેલ રાખેલા.એ હકીકતનો ઈન્કાર કરે છે કે આંક–૨૮ તથા આંક–૧૨ વાળા પંચનામાઓમા તૈયાર પંચનામામા પંચોની સહીઓ લીધેલી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે ઈન્કવેસ્ટ પંચનામા સમયે મરણ જનારના શરીર ઉપર જે ઈજાઓ જોયેલ તે તમામ ઈજાઓનો ઉલ્લેખ ઈન્કવેસ્ટ પંચનામામાં કરેલો.એ હકીકતનો સ્વીકાર કરે છે કે ઈન્કવેસ્ટ પંચનામામાં પગ અને પેટની ઈજાઓનો ઉલ્લેખ કરેલ.એ હકીકતનો સ્વીકાર કરે છે કે આંક–૨૯ થી આંક–૩૧ સુધીની પંચ સ્લીપોમાં બોરસદ ટા.પો.સ્ટે.નો કોઈ સીલ કે સીકકો નથી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે ફરીયાદી તથા સાહેદોના કપડા કબજે કર્યાનુ એક જ પંચનામુ કરવામા આવેલુ.મરણ જનારના કપડા સાહેદ લઈને આવેલ પણ સાહેદનુ નામ હાલ યાદ નથી.તેમણે શ્રીકૃષ્ણ હોસ્પીટલના ડોકટર ધ્વારા મરણ જનારના કપડા આપવામાં આવેલા નહી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે મરણ જનાર ,ફરીયાદી તથા સાહેદના જે કપડા પંચનામાની રુઈએ કબજે કરવામાં આવેલા તેની મુદામાલ પાવતી ફાડવામા આવેલી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે આંક–૨૨ ના પંચનામામાં મે મરણ જનારનુ ટીશર્ટ ગ્રેટથીંગ ટેકટાઈમ એવુ અંગ્રેજીમા લખેલ

છે તેનો ઉલ્લેખ કરેલ નથી.અત્રે એ નોંધવાનુ જરુરી છે કે,આંક–૨૨ ના પંચનામામાં મરણ જનારના કપડા કબજે લેવાની કોઈજ હકીકત જણાવેલ નથી.તદઉપરાંત મુદામાલ પાવતી જોતા પણ મરણ જનારના કપડા કબજે લીધા બાબતની પણ કોઈ નોંધ મુદામાલ પાવતીમા નથી.વધુમાં સદર સાહેદની ઉલટતપાસ ધ્યાને લેતા એ હકીકતનો સ્વીકાર કરે છે કે આ ટીશર્ટ કબજે કર્યુ ત્યારે તેની ઉપર કોઈ કટમાર્ક દેખાતા ન હતા.એ હકીકતનો સ્વીકાર કરે છે કે મરણ જનારનુ પેન્ટ કબજે કર્યુ તે વખતે પેન્ટના ખીસ્સાના ભાગે કટના નીશાન હતા નહી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે સદર પેન્ટના ખીસ્સાની નીચેના ભાગે કોઈ જગ્યાએ ફાટેલ હોય કે કપાયેલ હોય તે બાબતનો કોઈ ઉલ્લેખ પંચનામામા કરેલ નથી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે સાહેદ મહમંદ તુફેલના જે કપડા કબજે કરેલા તે આંક–૨૨ ના પંચનામામા લીલા વાદળી ક્રીમ જેવા કલરની પટાવાળી આખી બાયના કોલરવાળા ટીશર્ટનો ઉલ્લેખ પંચનામામા કરેલ છે.એ હકીકતનો સ્વીકાર કરે છે કે ટીશર્ટ ઉપર અંગ્રેજીમા ''૮૭ ઈ.ડબલ્યુ.એલ.એસ.''લખેલ છે તેનો પંચનામામા પોતે ઉલ્લેખ કરેલ નથી. તેમને મુદામાલ આર્ટી.નં.૩ વાળી ટીશર્ટ બતાવવામા આવે છે.તે જોઈને કહે છે કે તેમા નીલો વાદળી કલર છે પણ લીલો કલર નથી.એ વાતનો ઈન્કાર કરે છેકે મુદામાલ આર્ટી. નં.૪ ભુરા કલરનુ જીન્સનુ પેન્ટ સાહેદ મહમંદતુફેલનાઓએ પોતાની રુબરુ રજુ કરેલાનુ ખોટુ જણાવે છે.એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેઓએ ફરીયાદી,સાહેદ,મરણ જનારના કપડા કબજે કર્યાનુ પંચનામુ કર્યુ તેજ પંચનામામા મોટરસાયકલ કબજે કરેલ.પોતે બનાવના સ્થળે પહોચેલ ત્યારે મોટર સાયકલ બનાવાળા સ્થળે પડેલ ન હતુ.પોતે મોટરસાયકલ કબજે કર્યા અંગેનુ પંચનામુ અલગ કરેલ.પોતે તપાસના કાગળો સાથે આ પંચનામુ ગોહેલ સાહેબને સોપેલ.એ હકીકતનો સ્વીકાર કરે છે કે સદર સાહેદે આરોપી તથા મરણ જનારના બ્લડ સેમ્પલ લેવડાવેલા.એ હકીકતનો સ્વીકાર કરે છે કે આરોપીઓના શરીર સ્થિતિના પંચનામા પોતે કરેલા. એ હકીકતનો સ્વીકાર કરે છે કે આરોપીઓની મેડીકલ તપાસણી પોતે કરાવેલી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે બંને આરોપીઓના કોરોના ટેસ્ટ અને મેડીકલ તપાસણીની યાદી કરેલી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે કોઈપણ બનાવમા ફરીયાદી,સાહેદ કે આરોપીઓને ઈજા થયેલી હોય તો તે તમામની મેડીકલ તપાસણી તપાસના કામે કરાવવી જરુરી છે.તેમને આરોપીઓની શારીરીક તપાસણી

માટેની યાદી તથા આરોપી મહંમદસોહેબ સબીરોદીનના મેડીકલ પેપર્સ પ્રોસીકયુશન તરફે રજુ દસ્તાવેજમાંથી બતાવવામા આવે છે તે જોઈને જણાવે છે કે આરોપીઓના કોરોના અંગેનો ટેસ્ટ તથા શારીરીક તપાસણી કરી સર્ટીફીકેટ આપવા મેડીકલ ઓફીસરશ્રી સી.એચ.સી.બોરસદનાઓને તારીખ.૧૦/૦૧/૨૦૨૩ ના રોજ તેમને યાદી લખેલી તેમાં તેમની સહી છે અને બચાવપક્ષે આંક–૭૦ થી રજુ થયેલ છે.તેજ રીતે ડોકટરશ્રીએ આરોપી મોહંમદ સોહેબ સમીરોદીનની તપાસણી બાદ જે કેસ પેપર્સ પોતાની યાદી અન્વયે મોકલેલ તે જ છેતે તપાસના કામે મળેલા જેને રજુ દાખલ આંક–૭૧આપવામા આવે છે.વધુમા જણાવે છે કે તેમની તપાસમા એવુ ખુલેલ નહી કે આરોપી મહમંદસોહેબનાઓને હોઠના ઉપરના ભાગે તેમજ નાક ઉપર ઈજાઓ થયેલી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેમણે તપાસના કામે આરોપીઓના કપડા કબજે કરેલા .એ વાતનો ઈન્કાર કરે છે કે મુદામાલ આર્ટી.નં.૯ ટીશર્ટ ક્રીમ કલરનો નથી.તેમને મુદામાલ આર્ટી.નં.૧૦ વાળુ પેન્ટ બતાવવામા આવે છે તે જોઈને કહે છે કે આ પેન્ટ ભુરા જેવા કલરનુ છે.એ હકીકતનો સ્વીકાર કરે છે કે મુદામાલ આર્ટી.નં.૧૦ વાળુ પેન્ટ વાદળી કલરનુ નથી.તેમને મુદામાલ આર્ટી.નં.૯ વાળી મોહમંદ સોહેબ ઉર્ફે ભાણાની ટીશર્ટ બતાવવામા આવે છે જે જોઈને કહે છે કે આ ટીશર્ટ જયારે કબજે કરવામા આવેલ ત્યારે તેના ઉપર રુધીરની હાજરી હતી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે મોહં મદસોહેબના પેન્ના ખીસ્સામાથી મુદામાલ આર્ટી.નં.૧૧ વાળો રુમાલ કબજે કર્યો ત્યારે તેના ઉપર રુધીરની હાજરી હતી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે બનાવાળી જગ્યાના પચાસેક ફુટના અંતરે આરોપી મુસ્તુફામીયા ઉર્ફે બાબુલભાઈ બદ્રુદીન ડોસુમીયા મલેકનાઓનો પાનનો ગલ્લો આવેલો છે.એ હકીકતનો ઈન્કાર કરે છે કે બનાવસ્થળની આજુબાજુમા પાનના ગલ્લા  કે રહેણાંક મકાનવાળા રહીશોનો નીવેદનો પોતે પોતાની તપાસ દરમીયાન લીધેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેમની તપાસમા એવુ ખુલેલ કે મરણ જનાર ઉતરાણનો તહેવાર આવતો હોય ડી.જે.ના સ્પીકરો ભોભાફળી પાસે ભાડેથી મળતા હોય જે લેવા નીકળેલા.એ હકીકતનો સ્વીકાર કરે છે કે બોરસદ મુકામે વાવડી મહોલ્લો તથા ભોભાફળી એ બંને અલગ અલગ વિસ્તાર છે.એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેઓએ ભોભાફળીના રહીશોના નીવેદનો લીધેલાનુ ખોટુ જણાવે છે.એ હકીકતનો સ્વીકાર કરે છે કે પંચ અતાઉલ્લાખાન મુનેવરખાન તથા

પંચ આશીક મહંમંદ બદરુદીન મલેક તથા પંચ માજીદખાન ઈસ્લામખાન તથા પંચ સમીરોદીન સબીરોદીન તથા પંચ ઝુબેર જાઉદીનના વાવડી મહોલ્લાના રહીશો છે.એ હકીકતનો સ્વીકાર કરે છે કે બનાવની રાત્રીએ મરણ જનાર તેના બે મીત્ર કેશઅશરફ અને સોએબ મહમંદ સાથે ત્રણ સવારી નીકળેલા.હાલના બનાવમા મરણ જનાર સિવાય બીજા મીત્રોને ઈજા થયેલી નહી.વધુમા જણાવેલ છે કે, બનાવની ફરીયાદ મુજબ આશરે સાડા અગીયાર વાગે બનેલો.એ હકીકતનો સ્વીકાર કરે છે કે સાહેદ મહમંદતુફેલ બનાવની રાત્રીએ મરણ જનારની સાથે વાવડી ફળીયાથી નીકળેલ નહી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે કેસઅશરફ બનાવ નજરે જોનાર સાહેદ હતા.એ હકીકતનો સ્વીકાર કરે છે કે મહમંદતુફેલના નિવેદન મુજબઆશરે સાડા નવેક વાગે તે ભોભાફળી ચોકમા પહોચેલો.એ હકીકતનો સ્વીકાર કરે છે કે મહંમદતુફેલનાઓના નીવેદન મુજબ તે ભોભાફળી ચોકમા પહોચ્યો તે વખતે લોકોનુ ટોળુ ભેગુ થઈ ગયેલ જોયેલુ.એ હકીકતનો સ્વીકાર કરે છે કે મહમંદતુફેલનાઓએ નીવેદનમાં એવુ જણાવેલ કે '' મારા મીત્ર સોહેલમહમંદ તથા કેશઅશરફનાઓ શહેબાઝ સબીરોદીન મલેકને લોહીલુહાણ હાલતમા મોટરસાયકલ પાસે ઉભા હતા.''એ હકીકતનો સ્વીકાર કરે છે કે સાહેદ મહમંદ તુફેલના નિવેદનમા''બનાવની રાત્રીએ ટોળામા બંને આરોપીઓ હાજર હોય'' તેવુ સાહેદે જણાવેલ નથી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેઓએ બનાવની આજુબાજુના સી.સી.ટી.વી.ફુટેજ મેળવવા પ્રયત્ન કરેલ નથી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેઓએ તપાસના કામે ફૈઝાન બદરુદીન મલેકનુ નીવેદન લીધેલુ.એ હકીકતનો સ્વીકાર કરે છે કે ફેજાનના નીવેદન મુજબ રાત્રીના નવ વાગે કેશ અશરફ તેની પાસે મોટર સાયકલ માંગવા આવેલો.એ હકીકતનો સ્વીકાર કરે છે કે સાહેદ ફેઝાનને બનાવની જાણ વાતોવાતથી થયેલી તેઓના નીવેદન પરથી જાહેર થયેલુ.એ હકીકતનો ઈન્કાર કરે છે કે અજાણ્યા માણસો જોડે મરણ જનારનાઓને મોટરસાયકલ અથડાવવા બાબતે ઝગડો થયેલો.એ હકીકતનો પણ ઈન્કાર કરે છે કે મરણ જનાર પાસે બનાવ સમયે ચપ્પુ હતુ.એ હકીકતનો ઈન્કાર કરે છેકેટોળાના માણસો તથા મરણ જનારનાઓને અંદરો અંદર ઝપાઝપી થઈ તે દરમીયાન મરણ જનારના કમરના ભાગમા તેઓએ જે ચપ્પુ લગાવેલુ હતુ તેજ ચપ્પાથી મરણ જનારને ઈજા થયેલી.એ હકીકતનો ઈન્કાર કરે છેકે આરોપી નં.ર બનાવ સ્થળે હાજર ન હતા.

એ હકીકતનો પણ ઈન્કાર કરે છે કે આરોપી નં.૨ નાઓ તેમના પાનના ગલ્લે હતા. એ હકીકતનો પણ ઈન્કાર કરેલ છેકે આરોપી નં.૨ નાઓ બનાવ બની ગયા બાદ આવેલ હોવાનુ તેઓની તપાસમા ખુલેલુ. એ હકીકતનો સ્વીકાર કરે છે કે મરણ જનારને જાંઘના ભાગે સીંગલ બ્લોની ઈજા હતી.એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેઓએ આરોપી નં.૧ ઈજા અંગે કોઈ તપાસ કરેલી નહી. એ હકીકતનો પણઈન્કાર કરે છે કે મુદામાલ કપડા સૌ પ્રથમવાર ખોટી રીતે ઓળખી બતાવેલા છે.એ હકીકતનો ઈન્કાર કરે છે કે મરણ જનારના કપડા તથા સાહેદના કપડા કબજે કરતા સમયે પાછળથી પુરાવો ઉભો કરવા મરણ જનારનુ લોહી કપડા ઉપર છાં ટવામાં આવેલુ છે.એ હકીકતનો પણ ઈન્કાર કરે છેકે આરોપીઓના કપડા ઉપર આવેલ લોહી બાબતે તેમણે કોઈ તપાસ કરેલ નથી.સદરહુ સાહેદની ઉલતપાસ જોતા તેઓએ ગુનાની તપાસમા લેકયુના છોડયા અંગેનો જણાય છે પણ પ્રં ોસીકયુશને રજુ કરેલ પુરાવા મુજબનો મુદામાલ પૈકી મરણ જનારના કપડા તેઓએ કબજે લીધેલ નથી તેમજ આ કામે કલમ-૨૭ નુ પંચનામુ પણ તેઓ ધ્વારા કરવામા આવેલ નથી.પરંતુ પ્રોસીકયુશન તરફે રજુ કરેલ સમગ્ર પુરાવો માની ન શકાય તેવુ જણાઈ આવતુ નથી.

ત્યારબાદ આ કામે તપાસ કરનાર અમલદારશ્રી.ધ્રુવરાજ રાજેન્દ્રસીહ ગોહીલને આંક-૭૩ થી તપાસવામા આવેલા છે.તેઓની જુબાની ધ્યાને લેતા તારીખ.૧૨/૦૧/૨૦૨૩ ના રોજ પી.આઈ.બોરસદ ટાઉન તરીકે ફરજ ઉપર રજા ઉપરથી હાજર થતા ત્યારે બોરસદ ટા.પો.સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૧૫૦૦૬૨૩૦૦૧૧ /૨૦૨૩ ના ગુનાની આગળની તપાસ તેઓએ સંભાળેલી.તપાસ સંભાળ્યા બાદ સૌ પ્રથમ ફરીયાદ તથા તપાસના કાગળો વાંચી સમજી તપાસના કામે અટક કરેલ આરોપી નં.૧ મહંમદસોએબ ઉર્ફે ભાણો સમીરોદીન મલેક ,નં.૨મુસ્તુફામીયા ઉર્ફે બાબુલભાઈ બદ્રુદીન ડોસુમીયા મલેકનાઓ સદરહુ ગુનાના કામે રીમાન્ડ ઉપર હોય રીમાન્ડ ના કામે જરુરી પુછપરછ કરી તેમના લખાવ્યા મુજબના નીવેદનો લખેલા.સદરહુ ગુનાના કામે આરોપીએ ગુનાના કામે વપરાયેલ હથીયાર કયા ફેકેલ છે તે દેખાડવા માંગતો હોય પંચો રુબરુ પંચોના લખાવ્યા મુજબનુ આ કામે હથીયાર રીકવરીનુ પંચનામુ તારીખ.૧૨/૦૧/૨૦૨૩ ના રોજ કલાક.૧૩/૦ થી ૧૪-૩૦ સુધીનુ પોતાના રુબરુનુ લખી લીધેલ .આ કામે રીકવર કરવામા આવેલ હથીયાર કબજે લઈ મુદામાલ પાવતી ફાડેલ.ત્યારબાદ આ

કામે એફ.એસ.એલ.રવાનગી માટે અગાઉ તપાસ કરનાર અધીકારીએ કબજે લીધેલ મુદામાલનુ રવાનગી નોધ તૈયાર કરી એફ.એસ.એ,તરફ મોકલી આપેલ.સદર કામે ફરીયાદીના સાહેદ કેશઅશરફ યુનુસમહમંદ સફીમીયા મલેકનુ સી.આર.પી.સી. .કલમ. ૧૬૪ મુજબનુ નીવેદન લેવડાવવા માટે યાદી કરેલ. સદરહુ કામે સર્કલ ઈન્સ્પેકટરનાઓને બનાવવાળી જગ્યાનો નકશો બનાવવા માટે યાદીઓ પાઠવેલ અને ગુનાવાળી જગ્યાનો નકશો કામમા સામેલ રાખેલ,ત્યારબાદ આ કામે એફ.એસ.એલ.તરફની મુદામાલ તપાસણીનો અહેવાલ આવતા જોઈ તપાસી ચાર્જશીટના કામે સામેલ રાખેલ અને આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતો હોય ઈ.પી.કો.ક.૩૦૨, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના ગુનાનુ ચાર્જશીટ તા.૨૮/૦૨/૨૦૨૩ ના રોજ નામદાર કોર્ટમા દાખલ કરેલ. કોર્ટ રુબરુ આરોપીઓને ઓળખી બતાવેલ છે.આંક-૩૯ વાળા (પુરાવા ધારા કલમ-૨૭ મુજબના) પંચનામામાં બે પંચોની સહી છે અને રુબરુ તરીકે પોતાની સહી તેઓ ઓળખી બતાવે છે.તેમજ આંક-૬૦ થી ગુનાવાળી જગ્યાનો નકશો કરવાની કરેલ યાદીમા પોતાની સહી ઓળખી બતાવે છે જેને આંક-૭૪ આપવામા આવે છે.નામદાર કોર્ટ ધ્વારા સી. આર. પી. સી.કલમ-૧૬૪ મુજબનુ નીવેદન લેવા માટે મળેલ હુકમ આંક-૭૫ થી રજુ કરેલ છે તથા આંક-૭૬ થી જી.પી.એકટની કલમ-૩૭ મુજબનુ જાહેરનામુ રજુ કરેલ છે.તેમને મુદામાલ રવાનગી પત્રક બતાવતા તેમા પોતાની સહી ઓળખી બતાવે છે જેને આંક-૭૭ તથા આંક-૮૧ આપવામા આવેલ છે. મુદામાલ એફ. એસ. એલ.મા મળ્યા અંગેનો પહોંચ આંક-૭૮ થી તથા આંક-૭૯ થી એફ. એસ. એલ. કચેરીનો તા.૨૨/૦૨/૨૦૨૩ નો પત્ર તથા આંક-૮૦ થી એફ.એસ.એલ.રીપોર્ટ તથા આંક-૮૨ થી મુદામાલ એફ.એસ.એલ.કચેરીને મળ્યા બાબતનો પત્ર તથા આંક-૮૩ થી એફ.એસ.એલ.કચેરીએ રીપોર્ટ સાથે મુદામાલ પરત મોકલેલ તે અસલ પત્ર તથા એફ.એસ.એલ.રીપોર્ટ આંક-૮૪ થી રજુ કરેલ છે.સાહેદને મુદામાલ આર્ટી. નંબર. ૧૫ બતાવવામા આવે છે જે ગુલાબી હાથાવાળી લોખંડની પડવાળી છરી છે જે જોતા તેજ છરી છે તે આરોપી મહંમદસોએફ ઉર્ફે ભાણાએ બતાવેલ જગ્યા પરથી કબજે કરેલ તેજ છે અને તેમને આંક-૪૦ વાળી સ્લીપ બતાવતા તેમા બે પંચોની સહીઓ ઓળખી બતાવે છે.સાહેદની જુબાનીમા ઉપર મુજબનો પુરાવો રજુ થયેલ છે.ત્યારબાદ બચાવપક્ષે વિસ્તૃત ઉલટતપાસ કરવામા આવેલ છે જેમા એ હકીકતનો

સ્વીકાર કરે છે કે,સદર ત.ક.અમલદારે આરોપી મહમંદ સોએબ ઉર્ફે ભાણો સબીરોદીન મલેકના રીમાન્ડ મેળવવાની કાર્યવાહી કરેલી નહી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે બંને આરોપીઓને તારીખ.૧૦/૦૧/૨૦૨૩ ના રોજ અટક કરવામા આવેલ હતા.એ હકીકતનો સ્વીકાર કરે છે કે તારીખ.૧૨/૦૧/૨૦૨૩ ના રોજ પુરાવા અધીનીયમ કલમ–૨૭ નુ પંચનામુ કર્યુ તે સમયે આરોપી મહમંદસોએબ ઉર્ફે ભાણો સબીરોદીન મલેક પોલીસ રીમાન્ડ હેઠળ હતા.એ હકીકતનો ઈન્કાર કરે છે કે પુરાવા અધિનિયમની કલમ–૨૭ મુજબના તૈયાર પંચનામામા પંચોની સહીઓ લેવામાં આવેલ. એ હકીકતનો સ્વીકાર કરે છે કે તપાસના કાગળોમા તારીખ.૧૦/૦૧/૨૦૨૩ ના રોજ કેશ અશરફ યુનુસમીયા મલેકનુ નીવેદન પી.આઈ. શ્રી. ગમારા સાહેબે લીધેલુ.એ હકીકતનો સ્વીકાર કરે છે કે,તેમને તપાસના કાગળો મળેલા તે મુજબ કેસઅશરફ યુનુસમહંમંદ સફીમીયા મલેક બનાવના નજરે જોનાર સાહેદ હતા.એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેઓએ પુરાવા અધીનિયમની કલમ–૨૭ ના મુદામાલ હથીયાર સિવાય આ તપાસના કામે કોઈ મુદામાલ કબજે કરેલ નથી.સદર ત.ક.અમલદારે જુબાની દરમીયાન આરોપીઓના નિવેદનો લીધેલાનુ કબુલ રાખે છે.આ સાહેદની જુબાની ધ્યાને લેતા આંક–૩૯ નુ પંચનામુ ત.ક.અ.ની જુબાનીથી સમર્થન મળે છે અને આંક–૩૯ વાળુ પંચનામુ ધ્યાને લેતા આરોપીના શબ્દોમાં ઉપયોગમા લીધેલ હથીયાર જે સંતાડી દીધેલ છે તે જગ્યા તે રાજીખુશીથી બતાવવા માંગતો હોય અને તે રીતે પંચોની હાજરીમા પ્રથમ ભાગનુ પંચનામુ કર્યા બાદ આરોપીના જણાવ્યા પ્રમાણેના સ્થળ ઉપર જઈ મુદામાલ આર્ટીકલ નં.૧૫ કબજે કરેલ છે.તેમજ આ કામે સદર ચપ્પુ કોર્ટ રુબરુ નજરે જોનાર સાહેદે ઓળખી બતાવેલ છે તેમજ ડોકટર સાહેબની જુબાની તથા કોઝ ઓફ ડેથનુ સર્ટીફીકેટ જોતા આ કામે મુદામાલ આર્ટીકલ નં.૧૫ વાળા ચપ્પા વડે જ ગુજરનારને આરોપી નંબર.૧ મહમંદશોએબ ઉર્ફે ભાણો સબીરોદીન જહાંગીરદીન મલેકનાઓએ તા.૯/૦૧/૨૦૨૩ ના રોજ કલાક ૨૧/૩૦ વાગે બોરસદ ભોભાફળી મદ્રાસા પાસે આ કામના ફરીયાદી અને સાહેદ મરણ જનાર શહેબાઝ અને કેશઅશરફ મલેકનાઓ હીરો હોન્ડા સ્પલેન્ડર મોટર સાયકલ નંબર.જી.જે.૨૩.એલ.૫૫૨ ઉપર બેસી ચલાવી લઈને જઈ રહયા હતા તે વખતે સદર આરોપી નંબર.૧ નાએ પોતાની પાસેની પલ્સર મોટરસાયકલ નં.જી.જે.૨૩.એ.એમ.૯૮૨૨ નુ ચલાવી લઈ આવી ફરીયાદી તથા સાહેદ બોરસદ જઈ રહયા હતા ત્યારે પાછળથી અથડાવી દેતા મરણ

જનાર શહેબાઝ મલેકે આરોપી નં.૧ ને મોટર સાયકલ જોઈને ચલાવવાનુ કહેતા આરોપી ગુસ્સે થઈ ગયેલ અને પોતાની પાસેની છરી મરણ જનાર શહેબાઝના શરીર ઉપર પેટની નીચે તથા જમણા પગની સાથળ ઉપર પી.એમ.નોટમા જણાવેલ કોલમ નં.૧૭ ની ઈજા નં.૧ મરણ જનારને શારીરીક હાની પહોચાડાના ઈરાદાથી તથા કરેલી ઈજા કુદરતી રીતે મૃત્યુ નિપજાવવા પુરતી હતી તેમ જાણતો હોવા છતા ઈજા પહોચાડેલ છે અને સદર ઈજાના કારણે મરણ જનાર શહેબાઝનુ મૃત્યુ નિપજાવેલાનુ નિ:શંકપણે ફરીયાદપક્ષ પુરવાર કરે છે.ત્યારે બચાવપક્ષની દલીલ કે આ કામે કલમ-૨૭ નુ પંચનામુ પુરવાર થતુ નથી તે ગ્રાહય રાખવા પાત્ર નથી તેવુ મારુ માનવુ છે.તેમજ ફરીયાદપક્ષના આ ઉપરોકત પુરાવાનુ મુલ્યાકંન કરતા આ કામે નજરે જોનાર સાહેદની જુબાની તથા આંક-પજની ટેલીફોનીક વર્ધી તથા સદર સાહેદની ઉલટતપાસ જોતા આરોપી નં.૨ મુસ્તુફામીયા ઉર્ફે બાબુલભાઈની બનાવ સમયે હાજરી કે બનાવમા મદદગારી કર્યા અંગેની હકીકત સમગ્ર પુરાવો જોતા શંકાસ્પદ જણાય છે.પરંતુ આ કામનો સમગ્ર પુરાવો જોતા ફરીયાદીની ઉપરોકત આરોપી નંબર.૧ અંગે રજુ થયેલ ઉપરોકત હકીકત મુજબે ડોકટર સાહેદ તથા બનાવવાળી જગ્યાના પંચો,સ્થાનીક પરીક્ષણ અધીકારી તથા ગુનાવાળી જગ્યાનો નકશો તૈયાર કરનાર સાહેદની જુબાની તથા રજુ કરેલ નકશા આધારે તથા પોલીસ સાહેદોની જુબાની પ્રમાણે આ કામે ફરીયાદપક્ષ તરફે આધાર રાખવામા આવેલ નામદાર સર્વોચ્ચ અદાલતના ૨૦૨૩(૦) એ. આઈ. આર. (એસ.સી)પેજ નં.૧૭૩૬,બાલુ સુદામ ખાલદે અને બીજાઓ વિરુધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્રના ચુકાદાની હેડ નોટ એ.મા ઠરાવ્યા પ્રમાણે બચાવપક્ષે ઉપસ્થિત કરેલ સામાન્ય વિસંગતતા આધારે સમગ્ર પુરાવો ડીસ્કાર્ડ થઈ શકે નહી.તેવુ મારુ નમ્ર મંતવ્ય છે.આ કામે ડોકટર સાહેદ,નજરે જોનાર સાહેદ,પી.એમ.રીપોર્ટ તથા પી.એમ.કરનાર ડોકટરનો અભિપ્રાય તેમજ પંચ સાહેદોનો પુરાવો તેમજ એફ.એસ.એલ.રીપોર્ટ તથા પોલીસ પુરાવો ધ્યાને લેતા આરોપી નં.૧ સામે ભારતીય દંડ સંહીતાની કલમ-૩૦૨ મુજબનો ગુનો ફરી.પક્ષે નિ:શંકપણે પુરવાર કરતા હોવાનુ મારુ તારણ છે.

**(૨૧)** તેમજ આ કામે આરોપી નં.૨ ની હાજરી નજરે જોનાર સાહેદ તથા રજુ પુરાવા આધારે આગળ ઉપર ફરીયાદીની જુબાનીના વિશ્લેષણમા નોધ્યુ તે મુજબ આંક-પજ ની ટેલીફોનીક વર્ધી તથા આ કામે આરોપી નં.૨ ની હાજરી

બનાવ સમયે હોવાની હકીકત અને ફરીયાદીએ ફરીયાદમા આક્ષેપ કર્યા મુજબનુ કોઈ કૃત્ય આરોપી નં.૨ એ કરેલ હોય તે માત્ર ફરીયાદી સાહેદ નંબર.૮ શોહેલ મહમંદ સમીરમહમંદ મલેકના એકમાત્ર પુરાવાથી શંકાથી પર માની શકાય તેમ નથી.તેમજ આ મુદૃા પરત્વે ફરીયાદપક્ષે આધાર રાખેલ ૨૦૨૩ જી. ઓ. જયુરીસ(એસ.સી) પાના નં.૨૭૦ ઉપર પ્રસિધ્ધ થયેલ રાવ સાહેબ ઉર્ફે રાવસાહેબ ગૌડા અને બીજા વિરુધ્ધ સ્ટેટ ઓફ કર્ણાટકા ઉપર આધાર રાખેલ છે.સદર ચુકાદામા પ્રસ્થાપીત થયેલ સિધ્ધાંત સાથે હુ નમ્રપણે સંમત છુ.પરંતુ આ કામે ફરીયાદી નજરે જોનાર સાહેદની જુબાની આગળ ઉપર ચર્ચા કરી તે મુજબ તેમજ આરોપી નં.૨ ની બનાવ સ્થળે હાજરી બાબતની તકરારનો મુદૃો બચાવપક્ષે લીધેલ હોય અને આગળ સદર સાહેદની ઉપર ચર્ચા કરેલ તે મુજબ તેમા તથ્ય જણાતુ હોય ત્યારે તેઓએ ગુનો કરવામા મદદગારી કરેલ હોય તે બાબતે આ કામે નજરે જોનાર સાહેદ કેશઅશરફ હોવા છતા પણ તપાસવામા આવેલ નથી તેમજ સાહેદનુ ક્રિ.પ્રો.કો.ક.૧૬૪ મુજબનુ નિવેદન પણ રેકર્ડ ઉપર લાવવામા આવેલ નથી તે સંજોગોમાં ફરીયાદીએ આરોપી નં.૨ સામે કરેલા આક્ષેપો નિ:શંકપણે પુરવાર થતા હોય તેવુ જણાતુ નથી અને શંકાનો લાભ આરોપી નં.૨ ને મળવા પાત્ર હોવાનુ આ અદાલતનુ માનવુ છે.

**(૨૨)** વધુમા આ કામે આંક-૭૬થી રજુ જિલ્લા મેજી.શ્રીનુ જાહેરનામુ જી.પી.એકટની કલમ-૩૭(૧)નુ અમલમા હતુ તેવી હકીકત ન માની શકાય તેવો કોઈ બચાવ પક્ષે ઉપસ્થિત કરેલ ન હોય તે સંજોગોમા સદર જાહેરનામુ બનાવ સમયે અમલમા હતુ તેમ ઠરાવુ છુ અને સદર જાહેરનામાનો આરોપી નં.૧ નાઓએ ભંગ કરેલ હોવાનુ નિ:શંકપણે પુરવાર થતુ હોવાનુ આ અદાલતનુ માનવુ છે. આમ આ કામના આરોપી નં.૧ સામે ભારતીય દંડ સંહીતાની કલમ-૩૦૨ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો ગુનો પુરવાર થતો હોય જેથી ઉપરોકત મુદા નં.૨ અને નં.૩ નો જવાબ અંશત: હકારમા આપી મુદા નં.૪ પરત્વે નીચે મુજબ હુકમ કરવામા આવે છે.

## <u>// હુકમ. //</u>

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૩૫(૧)/બી.એન.એસ.ની કલમ- ૨૫૮(૧) મુજબ આરોપી નં.૨ મુસ્તુફામીયા ઉર્ફે બાબુભાઈ બદરુદીન ડોસુમીયા મલેકને ભારતીય દંડ સંહિતાની કલમ-૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા

જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧)/બી.એન.એસ.ની કલમ– ૨૫૮(૧) મુજબ આરોપી નં.૨ મુસ્તુફામીયા ઉર્ફે બાબુભાઈ બદ્રુદીન ડોસુમીયા મલેકને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨,૧૧૪ મુજબના ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧)/બી.એન.એસ.ની કલમ–૨૫૮(૧) મુજબ આરોપી નં.૧ મહંમદસોહેબ ઉર્ફે ભાણો સબ્બીરોદીન જહા ગીરોદીન મલેકનાઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪,૫૦૬(૨),મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

આરોપી નં.૨ નાએ ક્રિ.પ્રો.કો.ક.૪૩૭(એ)/બી.એ.એસ.એસ.ની કલમ–૪૮૧ મુજબ અપીલ સમય સુધીના રુા.૧૫,૦૦૦/– ના જામીન તથા તેટલીજ રકમનો જાતમુચરકો આપવો.

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨)/બી.એન.એસ.ની કલમ–૨૫૮(૨) મુજબ આરોપી નં.૧ મહંમદસોહેબ ઉર્ફે ભાણો સબ્બીરોદીન જહા ગીરોદીન મલેકનાઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનામા તકસીરવાન ઠરાવવામા આવે છે.

સજા અંગે સાંભળવા મુલત્વી .

આજ તા.૦૩ માહે ડીસેમ્બર સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમા
વાંચી,સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:આણંદ. ( જૈમીનકુમાર રમેશચંદ્ર પંડિત )
તા. ૦૩/૧૨/૨૦૨૫ ચોથા એડીશ્નલ સેશન્સ જજ
આણંદ.(કોડ નં.જી.જે.૦૦૬૨૦)

<u>**સજા અંગે સાંભળ્યા બાદ હુકમ.**</u>

ઝુમ એપ્લીકેશનથી આરોપીઓ ઓન લાઈન હાજર છે.સદર કામે આરોપી નં.૧,નાઓ તરફે .વકીલશ્રી.જી.કે.પંડયાએ.પોતાની રજુઆતમા જણાવે છે કે,આરોપી નં.૧ નાઓ યુવાન વયના છે.કુટુંબ કબીલાની જવાબદારીવાળા છે. તેમનશા પિતાનુ અવસાન થયેલ છે.તેમના પરિવારના એકમાત્ર કમાનાર વ્યકિતઓ છે,ગરીબ વર્ગના છે.શરુઆતથી કસ્ટડીમા છે.ઓછામા ઓછી સજા કરવા તથા કસ્ટડીમા રહેલ સજા મજરે આપવા અરજ છે.આરોપી નં.૧નો પ્રથમ ગુનો છે.જેથી દયા રાખવા અરજ છે.

જયારે સરકાર તરફે વિ.સરકારી વકીલશ્રી.જે.એસ.ગઢવી હાજર થયેલા છે અને તેઓ ધ્વારા એવી રજુઆત કરેલ છે કે આરોપી નં.૧ વિરુધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ–૩૦૨ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાનો આક્ષેપ ફરી.પક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ છે.આરોપી નં.૧ નાએ પોતાના ખીસ્સામા રાખેલ ચપ્પુથી મરણ જનારના પેટ અને સાથળની વચ્ચેના ભાગે મરણતોલ ઈજા છરી  વડે ઈરાદાપુર્વક કરી ૨૧ વર્ષની વયના આશાસ્પદ યુવાનનુ ખુન કરેલ છે.આરોપી નં.૧ ગામમા છરી લઈને ફરતો હોય અને ખુબ ઝનુની હોય અને ઈરાદાપુર્વક મરણ જનારનુ ખુન કરેલ છે તે સંજોગોમા કાયદાથી નિર્દિષ્ટ કરેલ પુરેપુરી સજા ફરમાવી સમાજમા દાખલો બેસાડવા ભારપૂર્વક રજુઆત કરેલ છે.

સદર કામે ઉભયપક્ષના વિ.વ.શ્રીઓની સજા અંગેની દલીલો ધ્યાને લીધી.સદર કામે ફરી.પક્ષે આરોપી નં.૧ વિરુધ્ધ ગુનો નિ:શંકપણે પુરવાર કરવામાં આવેલ છે અને તે મુજબ આરોપીનં.૧ ને  ભારતીય દંડ સંહીતાની કલમ–૩૦૨ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવવામાં આવેલ છે.આ કામના આરોપી નં.૧ નુ કૃત્ય ઈરાદાપુંર્વકનુ અને કરેલ ઈજાથી મૃત્યુ નીપજી શકે છે તેવી ગંભીરતા સમજતા હોવા છતા ક્રુરતા–પુર્વક છરી વડે મરણ જનારના પેટ અને સાથળની વચ્ચે ઈજા કરી મૃત્યુ નીપજાવેલ હોય આ સંજોગોમા  ભારતીય દંડ સંહીતાની કલમ–૩૦૨ ની જોગવાઈ ધ્યાને લેતા

આજીવન કેદ કે દેહાંત દંડની સજાને પાત્ર ગુનો આરોપી નં.૧ એ કરેલ છે આ સંજોગોમાં આરોપી નં.૧નાએ આચરેલ ગુનાહીત કૃત્ય જોતા,આરોપીએ કરેલ ગુનાહીત કૃત્ય તેમની (નોલેજ)જાણપુર્વક કરેલ છે જે તમામ હકીકતો અને સંજોગોને ધ્યાને રાખી અને સમાજમા દાખલો બેસે તેવા આશયથી કાયદાની જોગવાઈ મુજબ ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## //આખરી હુકમ.//

આ કામના–આરોપી–નં.૧ મહંમદસોહેબ ઉર્ફે ભાણો સબ્બીરોદીન જહાંગીરોદીન મલેકનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની ક.૨૩૫(૨)/ બી. એન. એસ.ની કલમ–૨૫૮(૨) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી આજીવન કેદની સજા તથા રુા.૫૦૦૦/– (અંકે (રુપીયા પાંચ હજાર દંડ)ફરમાવવામા આવે છે અને આરોપી નં.૧ ઉપર મુજબની દંડની રકમ ભરવામા કસુર કરે તો વધુ છ માસની સાદી કેદની સજા તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી છ માસની સાદી કેદની સજા તથા રુા.૫૦૦–(અંકે રુપીયા પાંચસો)દંડ ,દંડ ન ભરે તો વધુ દિન–૧૫ ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

આરોપી નં.૧ નાએ કાચા કામના કેદી તરીકે જેટલા દિવસો જેલમા રહયા હોય તેટલા દિવસો તેમને સજામા મજરે આપવા હુકમ કરવામાં આવે છે.

આરોપી નં.૧ નાએ તમામ સજા એક સાથે ભોગવવાની રહેશે.

ક્રિ.પ્રો.કો.ક.૩૬૩/બી.એન.એસ.એસ.ની કલમ–૪૦૪ મુજબ સદર આરોપી નં.૧ ને આ હુકમની એક સહી સીકકાવાળી સર્ટીફાઈડ નકલ તાત્કાલીક વિના મુલ્યે પુરી પાડવી.

મુદામાલ આર્ટીકલ નં.૧ થી ૪ તથા ૬ થી ૧૩,૧૪ નો અપીલ સમય વિત્યા બાદ ધોરણસર નાશ કરવો.

મુદામાલ આર્ટીકલ નં.૫ હીરો હોન્ડા સ્પપ્લેન્ડર પ્લસ મોટર સાયકલ નં.જી.જે.૨૩.એલ.૫૫૭૨,ચેસીસ નં.૦૭.કે.૧૬એફ.૧ ૬૨૪૯,એન્જીન નં.૦૭.કે.૧૫.ઈ.૪૬૮૫૩ તથા મુદામાલ આર્ટીકલ નં.૧

૪.બજાજ કંપનીનુ કાળા જેવા કલરનુ પલ્સર મોટરસાયકલ નં.જી.જે.૨૩. એ.એમ. ૯૮૨૨, ચેસીસ નંબર. એમ. ડી.૨. એ. ૧૧સી. આઈ.જી.ડી.સી.એમ.જી.૯૧૦૪૦,એન્જીન નંબર.ડી.એમ.ઝેડ.સી.ડી.એમ. ૮૩૫૩૦ જો અગાઉ પરત સોંપવાનો હુકમ કરવામા આવેલ હોય તો તે હુકમ કાયમ રાખવામા આવે છે અને જો પરત સોંપેલ ન હોય તો અપીલ સમય વિત્યા બાદ મોટરસાયકલની માલીકીની ખરાઈ કરીને અસલ માલીકને પરત સોંપવા હુકમ કરવામાં આવે છે.

આરોપી નં.૧ નાઓ કસ્ટડીમા હોય સજા વોરંટ ભરી જેલરશ્રીને યાદી સાથે મોકલી આપવુ.

આરોપી નં.૨ નાઓ અન્ય કોઈ ગુનામા જયુડીશ્યલ કસ્ટડીમા ન હોય તો તેઓને તાત્કાલીક જેલ મુકત કરવા જેલરશ્રીને યાદી કરવી.

આજ તા.૦૩ માહે ડીસેમ્બર સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી,સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:આણંદ. ( જૈમીનકુમાર રમેશચંદ્ર પંડિત )
તા. ૦૩/૧૨/૨૦૨૫ ચોથા એડીશ્નલ સેશન્સ જજ
આણંદ.(કોડ નં.જી.જે.૦૦૬૨૦)

/પી.એફ.મીરઝા,ગુજ.સ્ટેનો./